# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

૭. કાકડવેલ (વલસાડ જિલ્લો)


: અહેવાલ લેખન :

ભીખાભાઈ પટેલ

: સંપાદન :

ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૧

77

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૭. કાકડવેલ (વલસાડ જિલ્લો)


**સંપાદન**

ઠા. ભા. નાયક

**અહેવાલ લેખન**

ભીખાભાઈ પટેલ

**ક્ષેત્ર સંશોધન**

મુસ્તાઅલી મસવી
ગૌરીશ પંડ્યા
હરગોવિંદભાઈ પટેલ
રાસબિહારી લાલ
ભીખાભાઈ પટેલ

**કોષ્ટકીકરણ**

મુસ્તાઅલી મસવી
ગૌરીશ પંડ્યા
હરગોવિંદભાઈ પટેલ
ભીખાભાઈ પટેલ



**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪**

77

**૧૯૮૧**

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | વિસ્તાર પરિચય, અભ્યાસનો હેતુ, કાર્યક્ષેત્ર અને અભ્યાસ પધ્ધતિ | ૧ |
| ૨ | ભૌતિક સંસ્કૃતિ | ૧૪ |
| ૩ | કાકડવેલ : ૧૯૬૯ | ૩૧ |
| ૪ | કાકડવેલ ગામનો તુલનાત્મક અભ્યાસ ૧૯૬૯ - ૧૯૭૯ | |
| ૫. | ધોડિયા જાતિના સામાજિક રીતરિવાજો અને સામાજિક સંગઠન | ૮૬ |
| ૬ | ધાર્મિક જીવન | ૧૧૬ |

# કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | | શિર્ષક | પાન નં. |
|---|---|---|---|
| | પ્રકરણ - ૧ | | |
| ૧ | ૧:૧ | તાલુકામાં કામ કરતી વસતિનું ધંધાકીય વર્ગીકરણ (૧૯૭૧) | ૬ |
| | પ્રકરણ - ૩ | | |
| ૨ | ૩:૧ | કુટુંબનું કદ | ૩૨ |
| ૩ | ૩:૨ | ૧૯૬૦ થી ૧૯૭૦ સુધીમાં કુટુંબના કદમાં થયેલા ફેરફાર | ૩૩ |
| ૪ | ૩:૩ | કુટુંબના સભ્યોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ | ૩૪ |
| ૫ | ૩:૪ | કુટુંબનો પ્રકાર | ૩૫ |
| ૬ | ૩:૫ | ઉંમર પ્રમાણે કુટુંબના વડાની શૈક્ષણિક સ્થિતિ | ૩૬ |
| ૭ | ૩:૬ | તપાસેલ નમૂનાના કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ | ૩૬ |
| ૮ | ૩:૭ | ગોત્ર પ્રમાણે કુટુંબ સંખ્યા | ૩૭ |
| ૯ | ૩:૮ | પેઢીઓ પ્રમાણે અને ગોત્ર પ્રમાણે વસવાટનો સમય દર્શાવતો કોઠો | ૩૯ |
| ૧૦ | ૩:૯ | મકાનના ક્ષેત્રફળ પ્રમાણે ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો | ૪૦ |
| ૧૧ | ૩:૧૦ | કુટુંબો કયા સ્થળેથી આવ્યા તે દર્શાવતો કોઠો | ૪૧ |
| ૧૨. | ૩:૧૧ | ગોત્રવાર સગાઇ સંબંધ | ૪૩ |

| ક્રમ | | શીર્ષક | પાન નં. |
|---|---|---|---|
| પ્રકરણ - ૩ | | | |
| ૧૩ | ૩:૧૨ | વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ | ૪૪ |
| ૧૪ | ૩:૧૩ | જમીન ધરાવતા કુટુંબોનું જમીન ધારણના કદ અને વિસ્તાર પ્રમાણે વર્ગીકરણ | ૪૪ |
| ૧૫ | ૩:૧૪ | કુલ વિસ્તારનું પ્રમાણ | ૪૬ |
| ૧૬ | ૩:૧૫ | કુટુંબોનું ધંધાકીય વર્ગીકરણ | ૫૦ |
| ૧૭ | ૩:૧૬ | કમાનાર અને બિન કમાનારની સંખ્યા દર્શાવતો કોઠો | ૫૦ |
| ૧૮ | ૩:૧૭ | જમીનના કદ પ્રમાણે આવકનું પ્રમાણ | ૫૩ |
| ૧૯ | ૩:૧૮ | જમીનનું કદ અને આવક ગ્રુપ પ્રમાણે વર્ગીકરણ | ૫૪ |
| ૨૦ | ૩:૧૯ | જમીનના કદ પ્રમાણે વપરાશી ખર્ચ | ૫૫ |
| ૨૧ | ૩:૨૦ | કુટુંબદીઠ વપરાશી ખર્ચ | ૫૬ |
| ૨૨ | ૩:૨૧ | વપરાશી ખર્ચ ઘરનું રોકડ | ૫૭ |
| ૨૩ | ૩:૨૨ | સાધનવાર અને હેતુવાર દેવાનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૫૮ |
| ૨૪ | ૩:૨૩ | જમીનના કદ પ્રમાણે ઘરવખરીના સાધનોનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૫૯ |
| પ્રકરણ - ૪ | | | |
| ૨૫ | ૪:૧ | કુટુંબના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૬૩ |
| ૨૬ | ૪:૨ | તપાસેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ | ૬૩ |
| ૨૭ | ૪:૩ | વૈવાહિક દરજ્જા પ્રમાણે વસતિનું વર્ગીકરણ | ૬૪ |





| ક્રમ | | શીર્ષક | પાન નં. |
|---|---|---|---|
| પ્રકરણ - ૪ | | | |
| ૨૮ | ૪:૪ | કુલ વસતિમાં કામ કરતી વસતિનું પ્રમાણ | ૬૫ |
| ૨૯ | ૪:૫ | ઘરનો પ્રકાર | ૬૭ |
| ૩૦ | ૪:૬ | જમીનના કદ પ્રમાણે જમીન ધારણ કરનાર કુટુંબોની સંખ્યા | ૬૭ |
| ૩૧ | ૪:૭ | ઘરવખરીના સાધનોનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૬૯ |
| ૩૨ | ૪:૮ | પશુધનની માહિતી | ૭૦ |
| ૩૩ | ૪:૯ | સ્થાવર મિલકતનું પ્રમાણ | ૭૨ |
| ૩૪ | ૪:૧૦ | જુદા જુદા ધંધા પ્રમાણે મળતી આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૭૪ |
| ૩૫ | ૪:૧૧ | વપરાશી ખર્ચની વિગત | ૭૭ |
| ૩૬ | ૪:૧૨ | તપાસના વર્ષ દરમ્યાન કરેલું દેવું | ૭૯ |
| ૩૭ | ૪:૧૩ | છેલ્લા દસ વર્ષ દરમ્યાન કરેલ મૂડીરોકાણ | ૮૦ |
| ૩૮ | ૪:૧૪ | તુલનાત્મક પરિસ્થિતિ કાકડવેલ | ૮૫ |

## પ્રકરણ - ૧

### વિસ્તાર પરિચય : અભ્યાસનો હેતુ, કાર્યક્ષેત્ર અને અભ્યાસ પધ્ધતિ

"આદિવાસી કેન્દ્ર" ગુજરાત વિદ્યાપીઠ દ્વારાં ૧૯૬૯-૭૦ ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસ કરવાનું કામ હાથ પર લેવાંમાં આવ્યુ હતુ. આ તપાસમાં ગુજરાતના આઠ જિલ્લાંઓમાંથી જુદી જુદી આદિવાસી જાતિઓનાં ગામો પસંદ કરવાંમાં આવ્યા હતાં. ગુજરાતમાં સૌથી વધુ આદિવાસી વસ્તી ધરાવતી ભીલ જાતિનાં ગામો પણ જુદાં જુદાં વિસ્તારમાંથી પસંદ કરવાંમાં આવ્યાં હતાં. ધોડિયા જાતિ માટે વલસાડ જિલ્લાના ચીખલી તાલુકાના "કાકડવેલ" ગામની પસંદગી કરવામાં આવી હતી. ૧૯૭૯ નાં વર્ષમાં ફરીથી આદિવાસી કેન્દ્ર દ્વારા ૧૯૬૯-૭૦ માં થયેલાં સર્વેક્ષણનુ પુન:તપાસનુ કાર્ય હાથ ધરવાંમાં આંવ્યુ હતુ અને ચીખલી તાલુકાના "કાકડવેલ" ગાંમની પુન: તપાસ કરવાંમાં આંવી હતી.

### તપાસના ઉદ્દેશો

૧૯૬૯-૭૦ ના વર્ષમાં જે ગામો પસંદ કરવાંમાં હતા અને જે કુટુંબોની તપાસ કરવામાં આંવી હતી તેના તેજ કુટુંબોનો ૧૯૭૯ નાં વર્ષમાં અભ્યાસ કરવાંમાં આવ્યો હતો. આ તપાસનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે ૧૯૬૯ થી ૧૯૭૯ ના દશ વર્ષના સમય ગાળાંમાં તેમનામાં અને ગામમાં કેવા પ્રકારનુ પરિવર્તન આવ્યુ હતુ. આંર્થિક અને સાંમાજિક ફેરફારો કેવા થયાં અને તેમની અગાઉની સ્થિતિમાં ફેરફાર થયો છે કે કેમ તે જાણકારી મેળવવાંનો હતો.

આ ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં, આદિવાસી પેટા-યોજના દ્વારા, સરકાર દ્વારા જે સગવડો આપી હતી તેનો કેટલાએ ઉપયોગ કર્યો છે તે જાણવાનો હતો.

## તપાસ પધ્ધતિ

આ ગામની તપાસ સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવી હતી. સાથે સાથે નિરીક્ષણપધ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ તપાસમાં સંખ્યાધિક પાસોની સાથોસાથ ગુણાત્મક પાસાઓને પણ મહત્વ આપવામાં આવ્યું હતું. આ તપાસ માટે અગાઉના સર્વેક્ષણની જેમ પ્રશ્નાવલી પણ તૈયાર કરવામાં આવી હતી અને તે દ્વારા આદિવાસી પોડિયા જાતિનાં જીવનનાં દરેક પાસાઓ વિષે માહિતી એકત્ર કરવામાં આવી હતી.

૧૯૬૯-૭૦ નાં વર્ષ દરમ્યાન "કાકડવેલ" ગામમાંથી કુલ ૫૩ કુટુંબોને તપાસવામાં આવ્યાં હતાં આ તપાસ સમયે પણ અગાઉના ૫૩ કુટુંબોની તપાસ કરી હતી. પરંતુ ૫૩ કુટુંબોમાંથી ૧ કુટુંબ સ્થળાંતર કરી બાજુના "માંડવખડક" ગામમાં વસવાટ કર્યો હતો. જ્યારે ૪ કુટુંબના વડા ગુજરી ગયાં હતાં. જેથી કુલ ૫૩ કુટુંબોમાંથી ૪૮ હયાત કુટુંબોનો સંપર્ક સાધવામાં આવ્યો હતો.



## વિસ્તાર પરિચય :

### ભૌગોલિક પરિસ્થિતિ :-

જિલ્લાનું મથક "વલસાડ" દરિયા કિનારાની સપાટીથી ૯૦૦ મીટરની ઉંચાઇએ આવેલું છે. જિલ્લામાં વાર્ષિક વરસાદ ૨૨૭૩.૭ મિ.મિ. પડે છે. તેનું સૌથી વધુ ઉષ્ણતામાન સરેરાંશ ૩૩.૭ અને સૌથી ઓછું ઉષ્ણતામાન ૨૨.૮° સેન્ટીગ્રેડ રહે છે. જ્યારે ચીખલી તાલુકા મથક દરિયા કિનારાની સપાટીથી ૨૬૦૦ મિટરની ઉંચાઇએ આવેલું છે. અહીં સરેરાંશ વરસાદ ૧૮૦૦ મિ.મિ. જેટલો પડે છે. તેનું સૌથી વધુ ઉષ્ણતામાન ૩૮.૯° સેન્ટીગ્રેડ અને સૌથી ઓછું ઉષ્ણતામાન ૫.૦° સેન્ટીગ્રેડ જેટલું રહે છે.

ચીખલી તાલુકામાં શિયાળામાં સખત ઠંડી અને ઉનાળામાં સખત ગરમી પડે છે. તાલુકામાં વરસાદનું પ્રમાણ અને સમય અનિશ્ચિત છે, પરંતુ સારા પ્રમાણમાં વરસાદ પડે છે. તાલુકાની આબોહવા ભેજવાળી રહે છે.

### જિલ્લાનો પરિચય :-

વલસાડ જિલ્લો રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલો છે. તેની પૂર્વે ડાંગ જિલ્લો, પશ્ચિમે મહારાષ્ટ્ર રાજ્યની સરહદ, ઉત્તરે સુરત અને દક્ષિણે અરબી સમુદ્ર આવેલો છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૫૨૩૮૦ ચો.કિ.મી. છે. તેમાં કુલ ૧૪ શહેરો અને ૮૦૯ ગામડાંઓ આવેલા છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસતિ ૧૪,૨૮,૭૪૨ ની હતી. વસતિની ગીચતા દર ચોરસ કિલો મીટરે ૨૭૩ માણસોની હતી. જ્યારે રાજ્યની વસતિની

ગીચતા ૧૩૬ માણસોની હતી. જિલ્લામાં શહેરી વસતિ કુલ ૧૧,૭૨,૩૨૬ હતી જયારે રાજયમાં ૭૪,૯૬,૫૦૦ હતી. વલસાડ જિલ્લો જુદા જુદા ૮ તાલુકાઓનો બનેલો છે. જેમાં (૧) વલસાડ (૨) પારડી (૩) ઉંબરગામ (૪) ગણદેવી (૫) નવસારી (૬) ચીખલી (૭) વાંસદા અને (૮) ધરમપુર તાલુકાનો સમાવેશ થાય છે.

વલસાડ જિલ્લાની જમીન કાળી, કાંપવાળી છે. ચોમાસામાં ડાંગર અને શિયાળામાં જુવારનો પાક થાય છે. મુખ્ય ખોરાક પણ ભાત અને જુવારના રોટલા છે. જિલ્લામાં મુખ્યત્વે આદિવાસી અને બિન આદિવાસીઓની વસતિ છે. જેમાં હિંદુ, વાણિયા, બ્રાહ્મણ, જૈન, મુસલમાન વિગેરે બિનઆદિવાસી અને ધોડિયા, કોકણા, કોલચા, આદિવાસીઓ વસવાટ કરે છે. જિલ્લાની કુલ વસતિના પ્રમાણમાં ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે અનુસૂચિત જાતિની ૩.૦૧ ટકા અને અનુસૂચિત જનજાતિની ૫૪.૩૩ ટકા વસતિ હતી. રાજયની કુલ આદિવાસી વસતિમાં ૫૪.૩૩ ટકા આદિવાસીઓની વસતિ વલસાડ જિલ્લાની હતી.

શિક્ષણની દૃષ્ટિએ જોઇએ તો જિલ્લામાં ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૩૭.૫ ટકા અક્ષરજ્ઞાન પામેલા હતા. જયારે રાજયમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૩૫.૮ ટકા હતુ. દેશમાં ગુજરાતનો અક્ષરજ્ઞાનની દૃષ્ટિએ ચોથો નંબર આવે છે.

૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લામાં કામ કરનારાઓની ટકાવારી પ્રમાણે વર્ગીકરણ જોઇએ તો ૪૦.૩ ટકા ખેડૂતો, ૨૯.૮ ટકા ખેતમજૂરો, અને ૨૯.૯ ટકા અન્ય કામકરનાર હતા. જિલ્લાના લોકોનો મુખ્ય ધંધો ખેતી છે,



ખેતી સિવાય, ખેતમજૂરી, પશુપાલન અને અન્ય ધંધાઓમાંથી પૂરક રોજગારી મેળવે છે.

વલસાડ જિલ્લામાં કુલ ૮૨૬ ગામો આવેલા છે. જિલ્લાની કુલ ખેડાણ કરેલી જમીનનું ક્ષેત્રફળ ૭,૦૭,૩૯૮ છે. દરેક ગામ દીઠ ખેડાણ કરેલ જમીનનું ક્ષેત્રફળ સરેરાશ ૮૫૬.૪ એકર છે. કુલ ખેડાણ લાયક પડતર જમીન ૯૯,૮૫૨ એકર છે. દરેક ગામદીઠ ખેડાણલાયક પડતર જમીન ૧૨૦.૯ એકર છે.

**તાલુકાનો પરિચય :**

ચીખલી તાલુકાનો કુલ વિસ્તાર ૫૭૪.૭ ચો.કિ.મી. છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની કુલવસતિ ૧,૭૬,૦૮૯ છે. જેમાં ૨.૬ ટકા અનુસૂચિત જાતિની, અને ૬૮.૦ ટકા અનુસૂચિત જનજાતિની વસતિ આવેલી છે. ચીખલી તાલુકાની આબોહવા ગરમ અને ભેજવાળી રહે છે.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧,૪૮,૭૩૮ એકર છે. ખેડાણ હેઠળનો વિસ્તાર ૧,૧૮,૬૬૩ એકર છે. ખેડવા લાયક પડતર જમીનનો વિસ્તાર ૧૦,૨૬૬ એકર છે. અને ૧૦,૫૭૪ એકર વિસ્તાર બિનખેડાણ લાયક છે. તાલુકામાં મુખ્યત્વે ડાંગર, જુવારની ખેતી થાય છે. આ વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક પણ ભાત અને જુવારના રોટલા છે.

તાલુકાની કામ કરતી વસતિનું ધંધાકીય રીતે વર્ગીકરણ જોઇએ તો કુલ વસતિમાં કામ કરનાર વ્યકિતઓનું પ્રમાણ ૪૪૩૯૬ પુરૂષો અને ૨૨૪૨૩ સ્ત્રીઓ હતી. જેની વિગતે માહિતી કોઠા ૧:૧ માં જોઇ શકાય છે.

## કોઠો - ૧:૧

### તાલુકામાં કામ કરતી વસતિનું ધંધાકીય વર્ગીકરણ - ( ૧૯૭૧ )

| ક્રમ | વિગત | વસતિ પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ખેતી | ૨૩૭૨૨ | ૧૧૪૩૯ | ૩૫૧૬૧ | ૨૦.૦ |
| ૨. | ખેતમજૂરી | ૧૧૧૯૪ | ૯૯૫૭ | ૨૧૧૫૧ | ૧૨.૦ |
| ૩. | પશુપાલન, જંગલકામ મત્સ્ય ઉદ્યોગ પ્લાન્ટેશન | ૬૯૮ | ૧૪૦ | ૮૩૮ | ૦.૫ |
| ૪. | ખનીજ ખાણકામ | ૧૯ | ૪ | ૨૩ | - |
| ૫. અ | ઉત્પાદન પ્રક્રિયા સમારકામ ગૃહ ઉદ્યોગ | ૧૫૯૮ | ૧૬૮ | ૧૭૬૬ | ૧.૦ |
| બ | ગૃહઉદ્યોગ સિવાય | ૨૭૫૮ | ૧૬૭ | ૨૯૨૫ | ૧.૭ |
| ૬. | બાંધકામ | ૨૫૨ | ૩૮ | ૨૯૦ | ૦.૨ |
| ૭. | વેપાર વાણિજ્ય | ૧૨૨૮ | ૬૪ | ૧૨૯૨ | ૦.૭ |
| ૮. | વાહન વ્યવહાર | ૩૫૪ | ૨ | ૩૫૬ | ૦.૨ |
| ૯. | અન્ય સેવાઓ | ૨૫૭૩ | ૪૪૪ | ૩૦૧૭ | ૧.૭ |
| ૧૦. | કામ નહિ કરનાર | ૪૨૪૬૪ | ૬૬૮૦૬ | ૧૦૯૨૭૦ | ૬૨.૦ |
| ૧૧. | કુલ | ૮૬૮૬૦ | ૮૯૨૨૯ | ૧૭૬૦૮૯ | ૧૦૦.૦ |
| | ટકા | ૪૯.૩ | ૫૦.૭ | ૧૦૦.૦ | |

ચાલુ....



ચાલુ....

પ્રાપ્તિસ્થાન :- વલસાડ જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા - ૧૯૭૧

ચીખલી તાલુકાની કુલ વસતિમાંથી ૨૦.૦ ટકા ખેતીના વ્યવસાયમાં, ૧૨.૦ ટકા ખેતમજૂરી, ૦.૫ ટકા પશુપાલન અને જંગલકામમાં, ૧.૦ ટકા ઉત્પાદન પ્રક્રિયા સમારકામ-માં, (ગૃહઉદ્યોગમાં) ૧.૭ ટકા ગૃહઉદ્યોગ સિવાયના કામમાં,✓ ૦.૭ ટકા વેપાર વાણિજ્ય, ૦.૨ ટકા વાહનવ્યવહાર, ૧.૭ ટકા અન્ય સેવાઓમાં રોકાયેલા હતા. જ્યારે કામ નહિ કરનારાઓનું પ્રમાણ ૬૨.૦ ટકા હતું. આમ કુલ વસતિમાંથી ૩૮.૦ ટકા વસતિ ઉપરોકત જુદા જુદા ધંધામાં રોકાયેલી હતી.

✓ ૦.૨ ટકા બાંધકામ,

## ગાંમનો પરિચય :-

કાંકડવેલ ગાંમ તાલુકાંના મુખ્ય મથક ચીખલીની ઉત્તર - પશ્ચિમે ૧૪ માઇલ દૂર આવેલુ છે. એટલે કે ૨૮ કિ.મી.ના અંતરે આંવેલુ છે. ગામ પર જવા માટે બસની સગવડતાં શિયાળા-ઉનાળાં દરમ્યાંન ઉપલબ્ધ છે. જે ગાંમમાં થઇને પસાર થાય છે. ચીખલી થી સુખાબારી જતી બસ કાકડવેલ ગાંમમાં થઇને પસાંર થાય છે. પરંતુ બસ વ્યવહાર ચોમાસાના સમય દરમ્યાંન બંધ થઇ જાય છે. અને ગાંમ સુધી સગવડતા ઉપલબ્ધ થતી નથી. પરંતુ ચીખલી થી સુખાબાંરી બસ ચોમાસાં પુરતી ફડવેલ સુધી જ જાય છે. ચોમાસાંમાં ફડવેલથી કાકડવેલ ગાંમ પગપાંળાં ચાલીને જવું પડે છે. ફડવેલ થી કાકડવેલનું અંતર લગભગ ૯ કિ.મી. જેટલુ છે. ફડવેલ સુધી મેટલ રોડ છે. જયારે ફડવેલ થી કાંકડવેલ - સુખાબાંરી કાંચો રસ્તો બનાવેલો છે.

ગાંમનો કુલવિસ્તાર દોઢ ચોરસ માંઇલનો છે. કાંકડવેલ ગામ વાંસદા તાલુકાની સરહદે આંવેલુ છે. આ ગાંમથી વાંસદાં ૮ કિ.મી. દૂર છે. ગાંમની સરહદે ઉત્તરમાં સાંરવણી, દક્ષિણે માંડવખડક, પૂર્વમાં સુખાબાંરી (વાંસદાં તાલુકો) અને પશ્ચિમે વેલણપુર ગામ આંવેલુ છે. પહેલા એટલે કે આંજથી દોઢ-બે દાયકા પહેલાં ગીચ જંગલ ગામની આજુબાંજુમાં હતું. પરંતુ હાંલમાં જંગલ સાફ કરી નાખવાંમાં આંવ્યુ છે. હાંલમાં જંગલ વિસ્તાર બિલકુલ નથી. ગામની દક્ષિણ દિશામાં અડધા માઇલના અંતરેથી કાકડવેલ અને માંડવખડકની વચ્ચેથી "ખરેરા" નદી પસાંર થાય છે. આં ઉપરાંત ગાંમની ઉત્તર-પશ્ચિમે બે ઝરણાં વહે છે. આં ઝરણાંનો ગામ લોકો તેના પાંણીનો નાહવાં-ધોવાં માંટે ઉપયોગ કરે છે.



ઝરણાંની કિનારે આંવેલ ખેતરોવાળાં આં ઝરણાના પાંણીથી શિયાળાંમાં ઘઉની ખેતી પણ કરે છે. વર્તમાંનમાં આં ઝરણાં અને ખરેરાં નદીનાં કિનાંરે ઓઇલ એન્જિનની મદદથી સિંચાંઇ કરે છે. કેટલાંક પીવાંના પાંણી તરીકે પણ ઉપયોગ કરે છે. આં સિવાય ગામમાં તળાંવ કે અન્ય ખાડી વિસ્તાંર નથી. સિંચાઇની સગવડમાં ગાંમને હજુ કાકરાપાંડ નહેરનો લાંભ મળયો નથી.

ગાંમની નજીકનું રેલ્વેસ્ટેશન બિલીમોરાં ૨૦ માઇલ દૂર છે. ગાંમથી પોલીસ સ્ટેશન ૧૪ માઇલ દૂર ચીખલીમાં આંવેલુ છે. ગાંમની નજીકનું શહેર વાંસદા ૮ કિ.મી. અને ચીખલી ૨૮ કિ.મી. ના અંતરે આંવેલુ છે. ગાંમના લોકો ખેત ઉત્પાદનનું વેચાણ અને જરૂરીયાંતની વસ્તુઓની ખરીદી આં બે જગ્યાએ થી કરે છે. તદ્-ઉપરાંત ગાંમમાં અંદરોઅંદર અને સરકાંરી મંડળીને પણ વેચે છે. તેમની મુખ્ય જરૂરીયાંતો સિવાય દૈનિક જરૂરીયાંતની ચીજ - વસ્તુઓ ગાંમમાં દુકાંનેથી ખરીદી લે છે. ગાંમમાં ટપાલની વ્યવસ્થાં છે. ૧૯૬૯ વખતે આં વ્યવસ્થા સ્કૂલમાં ચાલતી હતી. પરંતુ હવે ગાંમમાં એક મકાંનમાં ટપાલ કચેરીની વ્યવસ્થાં કરવાંમાં આંવી છે. અને તેનો વહીવટ પોષ્ટ માંસ્તર કરે છે. ટપાલની વહેંચણી ટપાંલી કરે છે. ગાંમમાં તાર ઓફિસ નથી. તાંર કરવાં માંટે ચીખલી જવું પડે છે. તદ્ઉપરાંત ૧૯૬૯ વખતે ગાંમમાં ૪ દુકાંનો હતી. જેમાં એક દુકાંન સહકાંરી મંડળી દ્વારાં ચલાવવાંમાં આંવતી હતી. ૧૯૭૯ માં દુકાંનોની સંખ્યાં સાંત જેટલી હતી. જેમાં સહકાંરી મંડળીની દુકાંનનો પણ સમાંવેશ થાંય છે. ચીજવસ્તુઓનું વેચાણ ચીખલીના વેપાંરીઓ જોડે કરે છે, અને ગાંમમાં દર શનિવાંરે હાંટ ભરાય છે. હાંટમાંથી પણ ગાંમ લોકો પોતાની જરૂરીયાંતની ચીજવસ્તુઓ, જેવી કે કાંપડ,

ખાંડ, મસાલા, તેમજ ઘરેણાં ખરીદે છે. હાટમાં મુખ્યત્વે કાપડ, વાસણ, તેમજ બંગડીઓ, ઘરેણાં, મિઠાઇ, તેમજ બાળકો માટે પણ આઇસફ્રુટની અને સેવ-ચવાણા-ભજીયાંની લારીઓ (હાથ) હોય છે. આજુબાજુના વિસ્તારની ધોડિયા સ્ત્રીઓ શાકભાજીની દુકાન કરે છે. શાકભાજીમાં મુખ્યત્વે મરચાં, રીંગણ, દૂધી, બટેટા વગેરે હોય છે. તદ્ઉપરાંત હાટમાં હજામો પણ આવે છે, ગામ લોકો તેમની પાસે હજામત કરાવે છે. હાટમાં મોટાભાગનો વ્યવહાર નાણાંમાં થાય છે. વિનિમય પ્રથા જોવા મળતી નથી. વસ્તુઓની લેવડદેવડ નાણાંમાં જ કરવામાં આવે છે.

ગામમાં કાકડવેલ અને વેલણપુર ગામની સંયુક્ત સહકારી મંડળી છે. સહકારી મંડળી દ્વારા ખેડૂતોને ધિરાણ અને સુધારેલ બિયારણ, ખાતર વગેરે આપવામાં આવે છે. તદ્ઉપરાંત અનાજની ખરીદી અને વેચાણ પણ કરે છે. ગામમાં સહકારી ધિરાણ મંડળી હોવા છતાં ખેડૂતો પેદાશ મંડળીમાં વેચતા નથી. પરંતુ વેપારીઓને વેચે છે કારણ કે સહકારી મંડળી ઓછા ભાવે ખરીદી કરે છે, જયારે વેપારી વધુ ભાવ આપે છે. ગામમાં પશુ ચિકિત્સાલય કે દવાખાનાની સગવડ પણ નથી. ગામથી ૭ કિ.મી. દૂર ફડવેલ ગામમાં દવાખાનાની વ્યવસ્થા છે. ગામ લોકોને દવા લેવા માટે ફડવેલ જવું પડે છે.

ગામમાં પ્રાથમિક શાળા ૧ થી ૭ ધોરણ સુધીની છે. સાત ધોરણ પછી શિક્ષણની વ્યવસ્થા નથી. માધ્યમિક શિક્ષણ માટે ગામથી ૪ કિ.મી. ના અંતરે સીરવણ કે ૭ કિ.મી. ના અંતરે ફડવેલ ગામમાં જવું પડે છે. અને ગામમાં ઘણાં બાળકો ત્યાં ભણવા માટે પણ જાય છે અને ઉચ્ચ શિક્ષણ માટે (ધોરણ:૧૧-૧૨) ચીખલી જવું પડે છે.



ગામમાં પીવાના પાણીની સારી સગવડ છે. ગામમાં કુલ ૧૯ પાકા કૂવા છે. જેમાંથી ૧૧ પિયત કૂવાઓ છે. મોટે ભાગે કૂવાઓ સ્વતંત્ર માલિકીના છે. કૂવાઓનો ઉપયોગ પીવાના પાણી માટે કરવામાં આવે છે. તદ્ઉપરાંત ગામના સીમાડે "ખરેરા" નદી વહે છે. જેના પાણીનો ઉપયોગ પીવા, નાહવા, ધોવા તેમજ પિયત માટે પણ કરે છે. ગામમાં કોલચા આદિવાસીની વસતિ છે તેમનો વાસ જુદો છે. ધોડિયા તેમને અસ્પૃશ્ય માને છે. તેથી તેમને કૂવામાંથી પાણી ભરવા દેવામાં આવતુ નથી. તેમના વાસમાં કૂવાની વ્યવસ્થા ન હોવાથી તેમને પીવાના પાણી માટે, નાહવા-ધોવા માટે વહેરાના પાણીનો ઉપયોગ કરવો પડે છે.

હાલમાં ગામમાં સ્વતંત્ર પંચાયત કામ કરે છે. ૧૯૫૧ માં ગ્રુપ પંચાયત હતી. ૧૯૫૬ થી સ્વતંત્ર પંચાયતની સ્થાપના કરવામાં આવી છે. ગામના સરપંચ ધોડિયા જાતિના છે. પંચાયત તરફથી દુકાનવેરો, ઘરવેરો લેવામાં આવે છે. ગ્રામ-પંચાયત દ્વારા ત્રણ કૂવા, શાળાના મકાન અને રસ્તા ઉપરના (ગામની હદના) નાળાંના કામો કરવામાં આવેલા છે.

ગામમાં છૂટક દુકાનો લગભગ દરેક ફળિયામાં આવેલી છે. જેથી ગામ લોકોની જીવન જરૂરીયાતની છૂટક ચીજવસ્તુઓ સહેલાઇથી પ્રાપ્ય બને છે. ગામમાં ઓઇલ એન્જિનથી ચાલતી અનાજ દળવાની ઘંટી પણ છે. થોડાંક વર્ષો પહેલાં ચોખા કાઢવા માટેની મિલ પણ ઉભી કરવામાં આવી છે. ડાંગર ભરડાવા અને અનાજ દળવા માટે ગામમાં જ સગવડતા છે. આમ દવાખાના સિવાય તેમની દરેક જરૂરિયાત ગામમાંથી ઉપલબ્ધ છે.

શિક્ષણ :-

ચીખલી તાલુકામાં શિક્ષણક્ષેત્રે સારી એવી પ્રગતિ થઇ છે. તાલુકામાં પ્રાથમિક શાળાથી માંડીને ઉચ્ચશિક્ષણ અને કોલેજ સુધીના શિક્ષણ માટેની વ્યવસ્થા છે. ૧૯૬૯-૭૦ પહેલાં ચીખલી તાલુકામાં કોલેજ ન હતી. કોલેજના શિક્ષણ માટે બીલીમોરા જવુ પડતુ હતુ. ૧૯૭૧ પ્રમાણે તાલુકામાં પ્રાથમિક શાળા વાળા ૮૪ ગામો હતા જેમાં પ્રાથમિક શાળાની સંખ્યા ૧૨૪ ની હતી. ઉચ્ચમાધ્યમિક શાળા વાળા ગામોની સંખ્યા ૧૪ હતી. માધ્યમિક શાળાઓની સંખ્યા પણ ૧૪હતી. કોલેજવાળા ગામોની સંખ્યા અને કોલેજની સંખ્યા પણ ૧ હતી. અન્ય શૈક્ષણિક સંસ્થાવાળા ગામો અને શૈક્ષણિક શાળા-સંસ્થાઓની સંખ્યા ૮ ની હતી. ચીખલી તાલુકાનુ એક પણ ગામ એવુ નથી કે જ્યાં પ્રાથમિક શાળા ન હોય, દરેક ગામમાં શાળાની વ્યવસ્થા છે. અને શાળાના પાકા ઓરડાવાળા મકાન પણ છે. ગુજરાતમાં આદિવાસી જાતિઓમાં ધોડિયા અને ચૌધરી જાતિમાં શિક્ષણનુ પ્રમાણ વધુ છે, અને વધુને વધુ બાળકો-કન્યાઓ શિક્ષણ લેતા થયા છે. તેમની વસતિનો સારો એવો ભાગ શિક્ષણ લેતો થયો છે. ધોડિયા જાતિમાં પણ દિવસે- દિવસે શિક્ષણનુ પ્રમાણ વધતુ જાય છે. આ જાતિમાં શિક્ષણ મેળવીને શિક્ષકોની નોકરીઓમાં વધુ પડતા માણસો જોડાય છે.

કાકડવેલ ગામમાં પણ ૧ થી ૭ ધોરણ સુધીની શાળા છે. શાળાની સ્થાપના ૧૯૫૫ માં કરવામાં આવી હતી. ૧૯૬૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગામમાં શિક્ષિતોની સંખ્યા ૧૩૪ હતી. જે સંખ્યા વધીને ૧૯૭૧ ની વસતિ ગણત્રી વખતે ૨૬૧ થઇ હતી.



૧૯૭૧ માં ગામમાંથી કુલ શિક્ષણ પામેલામાં ૨૦૯ પુરૂષો અને ૫૨ સ્ત્રીઓ હતી.

૧૯૭૯ ના વર્ષમાં પણ ગામમાં શિક્ષણનુ પ્રમાણ ખૂબ જ હતુ. ઉચ્ચ શિક્ષણ માટે સીરવણ અને કડવેલ ૭૦ જેટલા બાળકો જતા હતા. તેમજ કોલેજના શિક્ષણ માટે ૨૦ થી વધુ વિદ્યાર્થીઓ જતા હતા. ગામમાં પ્રાથમિક શાળામાં પણ ધોરણ ૧ થી ૭ સુધીના કુલ બાળકોની સંખ્યા ૩૨૦ જેટલી હતી. ૧૯૬૯-૭૦ માં પણ આ પ્રમાણ ૨૨૫ જેટલુ હતુ. ૧૯૭૯ માં ધોરણ ૧ થી ૭ માં ૫૨ ટકા એટલે કે ૧૬૮ કુમાર અને ૪૮ ટકા કન્યાઓ, ૧૫૨ કન્યાઓ શિક્ષણ લઇ રહી હતી. જ્યારે બાલમંદિરમાં ૨૬ કુમાર અને ૨૪ કન્યાઓએ શિક્ષણની પ્રભુતાના પથે પગલાં માંડયા હતા.

શૈક્ષણિક બાબતમાં આ ગામમાં પ્રથમ સ્ટેટ વખતના ત્રણ શિક્ષકો હતા. આજે શિક્ષકોની સંખ્યા વધીને ૩૦ જેટલા શિક્ષકો પ્રાથમિક શિક્ષણ આપી રહયા છે. બીજા બી.એ.બી.એડ. થયેલ દરેક શિક્ષકો પણ હતા. આ ઉપરાંત ગામમાં એક વ્યકિતએ બી.એસ.એ.એમ. સુધી અભ્યાસ કરી આયુર્વેદીક ડોકટર પણ થયેલા છે. જેઓ હાલ સરકારી નોકરી કરે છે.

XXXXXX

## પ્રકરણ - ૨

## ભૌતિક સંસ્કૃતિ

### ઐતિહાસિક ભૂમિકા

કાકડવેલ ગામમાં મુખ્ય વસતિ ધોડિયા જાતિની છે. ગામનું નામ કાકડવેલ કઇ રીતે પડયુ તેમજ ગામમાં ધોડિયા લોકો કયારથી આવીને વસ્યા તે અંગે કોઇ ચોકકસ માહિતી મળતી નથી. ગામના ઇતિહાસ વિષે કોઇને ખાસ ખ્યાલ નથી. આ ઉપરાંત ગામમાં પહેલાં કયુ કુટુંબ આવીને વસ્યુ અને કયાંથી આવ્યુ, તે વિષે કોઇ સ્પષ્ટ માહિતી મળતી નથી.

ધોડિયા જાતિના નામ વિષે ચોકકસ કહેવુ મુશ્કેલ છે. આમ છતાં કેટલાંક તર્કો ધોડિયા જાતિ વિષે કરવામાં આવે છે. એક એવો મત છે કે ભીલી બોલીમાં છાપરાને "ધુન્ડી" કહે છે અને તેમાં રહેનાર "ધુન્ડિયા" અથવા "ધોડિયા" કહેવાયા. બીજો એવો પણ મત છે કે "ધુર" એટલે "ધુસરી", આ જાતિનો મુખ્ય ધંધો ખેતીનો છે એટલે તેમને ધુસરીનો ઉપયોગ કરવો પડે છે. તે ઉપરથી "ધુર-ધુરિયા - ધોડિયા" કહેવાયા. ધોડિયા જાતિનુ મૂળ યાદવોમાં પણ છે તેવુ કેટલાક માને છે.

ધોડિયા જાતિ વિષે બીજો એક એવો મત છે કે મુસલમાનોના આક્રમણથી બચવા રજપૂતો જંગલો કે પહાડોમાં નાસી ગયા હતા. તેમના બે વડવાઓ ધનસિંહ અને રૂપસિંહ નામના રાજાએ નાયક જાતિની "જમની" નામની સ્ત્રી સાથે લગ્ન કર્યા તેમાંથી આ પ્રજા ઉત્પન્ન થઇ તે ધોડિયા નામે ઓળખાઇ. ધના-રૂપા માલેગાંવ ધુળિયાના હતા એટલે ત્યાંની

પ્રજા તેના જ વડવાંઓના મૂળ વતન ધૂળિયાં પરથી કાળક્રમે ધોડિયાં કહેવાયાં.

## ગામની માહિતી

કાકડવેલ ગામ જુદાં જુદાં પાંચ ફળિયામાં વહેંચાયેલું છે. (૧) ગોડાઉન ફળિયુ (૨) મંદિર ફળિયુ (૩) જૂના પટેલ ફળિયુ (૪) દુકાનવાળુ ફળિયુ (૫) માસ્તર ફળિયુ એમ પાંચ ફળિયામાં કુલ ૧૬૨ કુટુંબો હતા. જેની સંખ્યા ૧૯૭૯ માં ૨૦૩ થવાં પામી હતી. ૧૯૬૯ ની તપાસ વખતે ગામની કુલ વસતિ ૧૨૮૩ માણસોની હતી. હાલમાં તેનુ પ્રમાણ વધીને ૧૫૦૦ જેટલી વસતિ થઇ છે.

## વસતિ

૧૯૬૧ ની વસતિ ગણત્રી અનુસાર કાકડવેલ ગામની કુલ વસતિ ૧૦૧૧ હતી. કુલ કુટુંબો ૧૫૫ હતાં. ૧૯૬૯ ની તપાસ વખતે કુલ કુટુંબોની સંખ્યા વધીને ૧૬૨ ની થઇ હતી. જેમાંના ત્રણ કુટુંબો બિન આદિવાસીના હતાં. આ ત્રણે કુટુંબો મુસ્લિમ હતાં. બાકીનાં કુલ ૧૫૯ કુટુંબોમાંથી ૧૩૫ કુટુંબો ધોડિયાં જાતિના, ૧૭ કુટુંબો કુનબી અને ૭ કુટુંબો કોલચાના હતાં. ૧૯૭૧ ની વસતિ ગણત્રી પ્રમાણે ગામની કુલ વસતિ ૧૨૮૫ ની હતી. જ્યારે ૧૯૭૯ ની તપાસ વખતે ગામની કુલ વસતિ લગભગ ૧૫૦૦ જેટલી થઇ હતી અને કુટુંબ સંખ્યા ૨૦૩ જેટલી હતી.

## ઘર

ધોડિયાં જાતિના લોકો ગામમાં છૂટા છવાયા ૧૫ થી ૨૦ ઘરોના જૂથમાં રહે છે. જેને જુદાં ફળિયાં તરીકે ઓળખાવે



છે. દરેકના ઘર એક સાથે નથી. દરેકના ઘર વચ્ચે થોડુ અંતર હોય છે. દરેક ઘર પ્રમાણમાં મોટું અને સ્વતંત્ર હોય છે. મકાનની બાંધણી લગભગ ચૌધરી જાતિના ઘરો જેવી જોવા મળે છે. જે ઘરમાં રહેતા હોય તેજ ઘરમાં એક ભાગમાં ઢોર બાંધવામાં આવે છે. ઢોર બાંધવાની અલગ વ્યવસ્થા હોતી નથી. ગામમાં માત્ર પાંચ-સાત કુટુંબોમાં જ ઢોર બાંધવાની છાપરી અલગ છે. પરંતુ તે પણ દીવાલની અડોઅડ ઘાસથી છાયેલી જોવા મળે છે. ગામમાં સાત થી આઠ જેટલાં ઘરો ઈંટ-માટીના ચણતરવાળી દિવાલ-વાળાં જોવાં મળે છે. બાકીના ઘરોની દિવાલ વાંસની હતી. અને તેના પર લીંપણ કરેલુ હતુ. ઘરનુ છાજ મોટાભાગે વિલાયતી નળિયાંથી ઢંકાયેલુ જોવા મળયુ હતુ. તે સિવાય કેટલાંક ઘરો દેશી નળિયાંથી ઢંકાયેલાં જોવાં મળયાં હતાં. જ્યારે કોલચાઓનાં ઘરો માત્ર ઘાસથી છાયેલાં જોવાં મળયાં હતાં. ઘરની બનાવટમાં મોટેભાગે લાકડાનો ઉપયોગ કરી તેનાં પર વાંસની પટ્ટીઓ લગાવીને નળિયાં પાથરે છે. ઘરમાં ભોંયતળીયે છાણ-માટીનુ લીંપણ જોવાં મળે છે.

ઘરને લગભગ બે થી ત્રણ બારણાં જોવા મળે છે. કેટલાક ઘરોમાં બારણાની જગ્યાએ સોઠીઓનુ બનાવેલ બારણુ પણ જોવા મળે છે. ઘરની લંબાઇ ૧૦' x ૧૦' થી માંડીને ૩૦' x ૨૦' અને ૪૦' x ૨૦' સુધીની જોવાં મળે છે. ઘરમાં વચ્ચેના ભાગમાં માળિયાં બનાવેલા હોય છે. જેના પર ખેતીના સાધનો અને બીજી નાની નાની વસ્તુઓ રહે છે. ઘરમાં બે થી ત્રણ ખંડ બનાવેલ હોય છે. જેમાં એક ખંડનો ઉપયોગ ઢોર બાંધવા માટે કરે છે જ્યારે એક ખંડમાં અનાજ ભરવાની કોઠીઓ રાખવામાં આવે છે. આ ખંડમાં એક બાજુ ગાદલાં-ગોદડીઓ મૂકવાની

વ્યવસ્થા હોય છે. ઘરના બીજા ખંડમાં ઓસરી જેવો ભાગ બનાવેલ હોય છે જયાં એક ખૂણામાં ચૂલો રાખે છે. બીજી બાજુ જરૂરીયાતની વસ્તુઓ મૂકવા નાની નાની માટીની કોઠીઓ બનાવેલી હોય છે, તે જોવા મળે છે. લગભગ દરેક ઘરને ઓસરી હોય છે. ઓસરીના અંદરના ભાંગમાં જયાં અનાજ ભરવાની કોઠીઓ રાખવામાં આવે છે તેની બાજુમાં પણીયારૂ રાખવામાં આંવે છે. તેના પર પાણી પીવા માટેના માટલાં મૂકી રાખે છે. પણીયારૂ એ લાકડાનુ બનાવેલુ ખાસ જોવાં મળે છે. ઘરવખરીનાં સાંધનો જેવા કે ખાટલાં, કબાટો, અને વાંસણો તેમજ અન્ય વપરાશનાં સાંધનો અન્ય આંદિવાસી જાતિ કરતાં વ્યવસ્થિત રૂપે મૂકે છે. ઘરની અંદર મોટે ભાગે કાંથીના ખાટલાં, લાંકડાના કબાટો, કેટલાંક ઘરોમાં રેડિયો, ઘડિયાંળ, છત્રી તેમજ એલ્યુમિનિયમ અને પિત્તળના વાસણો તેમજ કેટલાક ઘરોમાં સ્ટીલના વાંસણો પણ જોવા મળે છે.

દરેક વ્યક્તિ ઘર બાંધતી વખતે જાતે જ મજૂરી કરે છે. સુથારી કામ માટે પણ પોતાની જાતિના જ સુથારો બોલાંવે છે. મજૂર ન છૂટકે જ બોલાવે છે. ઘર બાંધતી વખતે સગાસંબંધી-ઓની મદદ લે છે. ઘર બાંધતી વખતે કોઇ ખાસ વિધિ કરવામાં આવતી નથી. ઘર બાંધતી વખતે પ્રથમ મુરતની થાંભલી ઉભી કરે છે. જે લગભગ ઘરની વચ્ચે હોય છે. અત્યાંરે કેટલાક આ થાંભલી બેસાડવાં મુરત જોવડાવે છે. ત્યારબાદ ઘરની મુખ્ય વ્યક્તિ દ્વારા આ થાંભલી ઉભી કરે છે. થાંભલીને કંકુ, હળદરના ચાંલ્લાં પણ કરે છે.



ઘરવખરીના સાધનો
----------------

આંર્થિક સ્થિતિ પ્રમાંણે ઘરવખરીના સાધનો ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળયાં હતા. તેઓ પોતાની જરૂરીયાંત પુરતાં જ ઘરવખરીના સાધનો રાખે છે. ઘરવખરીના સાધનોમાં મોટેભાગે એલ્યુમિનિયમ અને પિત્તળના વાંસણો, આર્થિક રીતે સુખી કુટુંબો પાસે પિત્તળ અને સ્ટીલના વાસણો સારા પ્રમાણમાં જોવા મળયાં હતા. આ ઉપરાંત ચિનાઇ માટીના નાના વાસણો, કાચના પ્યાલા પણ જોવા મળયાં હતા. સૂવાં માટે ખાટલા કાથીના અને પાટીવાંળા, ઓઢવા પાથરવાં માટેના ગાદલા અને ગોદડીઓ પણ જોવા મળી હતી. બિછાના તરીકે ખજૂરીના પાનમાંથી બનાવેલી સાદડીઓનો પણ ઉપયોગ કરે છે. તદ્ઉપરાંત હિંચકો, ટેબલ-ખુરશી અને બાંકડાં જોવાં મળેલ, આં ઉપરાંત ત્રણેક કુટુંબો પાંસે પેટ્રોમેક્ષ, અને મોજશોખની વસ્તુઓમાં રેડિયાં, સાંયકલ, ઘડિયાલ, પણ જોવા મળી હતી.

ઘોડિયા જાતિમાં અનાજનાં સંગ્રહ માંટે માટીની કોઠીઓ અને વાંસમાંથી બનાવેલ મોટા પાલા પણ જોવાં મળે છે. જયાંરે કઠોળ જેવી વસ્તુને સંગ્રી રાખવાં માંટે કેટલાંક કુટુંબો પાંસે ડાંગરનાં પૂળામાંથી શંકુ આકારની બનાંવેલ "પેટિયુ" પણ જોવાં મળી હતી. આં "પેટિયુ" ને છાણ માટીથી લીપી લેવાંમાં આંવે છે.

આં સિવાય ગામમાં કેટલાક કુટુંબો પાંસે સીવવાંના સંચા પણ હતાં. જેઓ દરજી કામ કરે છે.

## પહેરવેશ

મોટે ભાગે પુરૂષો ધોતીયું, બંડી, ઝભ્ભો કે પહેરણ પહેરે છે. માથે ટોપી પણ પહેરે છે. યુવાન છોકરાઓ લેંગો, ખમીશ (ઓપન શર્ટ) પહેરે છે. જ્યારે વૃધ્ધ માણસો લંગોટી અને ઉપર નાનો કકડો વીંટે છે. બંડી અને પાઘડી પહેરે છે. શિક્ષિત યુવાનવર્ગ પેન્ટ, બુશર્ટ તેમજ પહેરણ પહેરે છે.

સ્ત્રીઓ આખા સાડલામાંથી અડધા સાડલાનો કછોટો મારીને અડધો ભાગ છાતી પર થઈને માથે ઓઢે છે. પરણિત યુવતીઓ માથા સુધી ઓઢે છે. અપરણિત છોકરીઓ કછોટો વાળે છે. અને કબજો પહેરે છે. જ્યારે કેટલીક યુવતીઓ ચણીયો અને કબજો પહેરી ઓઢણી ઓઢે છે. શિક્ષણ પામેલી છોકરીઓ સાડી, કબજો અને ચણીયો પહેરે છે.

અત્યારે બીજી સંસ્કૃતિની અસરથી શિક્ષણના લીધે, ધોડિયા સ્ત્રીઓના પહેરવેશ અને સૌંદર્યના સાધનોનો ઠીક ઠીક ઉપયોગ કરે છે. યુવાન છોકરીઓ કપાળમાં ચાંલ્લો કરી, મો પર પાવડર લગાવે છે અને આંખમાં મેશ પણ પ્રસંગોપાત આંજે છે. અત્યારની છોકરીઓ પાસે સૌથી વધુ આધુનિક ફેશનવાળાં કબજા, નાયલોન, ટેરીકોટનની સાડીઓ અને બ્લાઉઝ પણ જોવા મળે છે. ભણતી છોકરીઓ સ્કર્ટ અને કબજો પહેરે છે.

## ઘરેણાં

ઘરેણાંમાં સ્ત્રીઓ રૂપાના અને ચાંદીના ઘરેણાં પહેરે છે. કોઈક સોનાની ચૂંક નાકમાં અને કાનમાં એરીંગ પહેરે છે. તે



સિવાય પગમાં ચાંદીના સળા અને રૂપાનાં કલ્લાં પહેરે છે. ગળામાં ચાંદીની કંઠી પણ જોવા મળે છે.

પુરૂષો:- મોટી ઉમરના પુરૂષો કાનમાં વાળી કે કડીઓ પહેરે છે જેને "મુંદી" તરીકે ઓળખે છે. આ કડીઓ સોનાની અથવા રૂપાની હોય છે. કાનમાં ઉપરના ભાગમાં "મુંદરો" પહેરે છે.

પહેલાં સ્ત્રીઓ ઘરેણાંમાં કાનમાં લવીંગીયાં, ગળામાં સાંકળી, પગમાં તોડીઓ, હાથમાં કડાં પહેરતી, પરંતુ તે અત્યારે ખૂબજ ઓછા પ્રમાણમાં પહેરે છે. કારણ કે તેઓ પોતાને સુધરેલા માનવા લાગ્યા છે. પહેલાં તેઓ પરંપરાગત ઘરેણાં કે જેમાં "ડોલ્લા" જે પિત્તળના બનાવવામાં આવતા અને હાથે, પગે પહેરતા પરંતુ હવે તે પહેરતા નથી. આવાં ઘરેણાં હજુ ઉમરગામ બાજુ વસતા ધોડિયાઓમાં વૃધ્ધ ઉમરની સ્ત્રીઓ પહેરે છે.

કુંવારી અને લગ્ન કરેલી છોકરીઓ ગળામાં બાંધેલ ગાંઠી પરથી ઓળખાય છે. જેનું લગ્ન થયેલ હોય તેના ગળામાં કાળી પારાંવાળી ગાંઠી બાંધતી, જ્યારે જેનું લગ્ન ન થયું હોય તેના ગળામાં માત્ર ચાંદીની સાંકળી કે ખાલી ગળું જોવા મળે. જેમ હિંદુઓમાં લગ્ન કરેલ સ્ત્રી ચાંલ્લો અને સેંથીમાં સિંદુર પુરે છે તેમ ધોડિયાઓમાં ગાંઠી બાંધવામાં આવે છે. અત્યારની ભણેલી છોકરીઓ ચાંલ્લો અને સેંથામાં સિંદુર પુરતી જોવા મળે છે.

બીજા આદિવાસીઓમાં છુંદણાં વિશેષ પ્રમાણમાં જોવાં મળે છે. પરંતુ ધોડિયાઓમાં છુંદણાં જોવા મળતા નથી.

ખોરાક
-----

ધોડિયાઓનો મુખ્ય ખોરાક ચોખા અને નાગલીના રોટલાં, તેમજ જુવાર છે. રોટલાની સાથે વાલ, અળદ કે તુવેરની દાંળ ખાય છે. આં સિવાય કેટલાક કુટુંબો ચોખાની "રાંબ" ભેડકું બનાવીને ખાય છે. આં સિવાય જેઓ મોક્ષધર્મી નથી તેઓ મરઘુ, બકરૂ અને માછલી તેમજ દારૂનો ઉપયોગ પણ કરે છે.

આં ગામમાં લગભગ ૮૦ ટકાં કુટુંબો મોક્ષધર્મી છે. જેઓ શાકાહારી ભોજન લે છે. દાંરૂનો નિષેધ છે.

પીણાં
----

આં ગાંમમાં અન્ય આંદિવાસી વિસ્તાર કરતાં દાંરૂનું પ્રમાણ નહિવત જોવા મળે છે. જેઓ મોક્ષધર્મી છે તેઓ ચ્હા પીએ છે. આં વિસ્તારમાં ચ્હાનો વપરાંશ પણ વધતો જાય છે. આ ઉપરાંત બીડી-સીગરેટ અને તમાકુ મોટાભાગના પીએ છે.

ખેતીની જમીન
-----------

ગાંમની જમીન કાળી અને ગોરાડુ છે. ખેતીની જમીનમાંથી મુખ્ય ખાદ્યપાંકોનું વાંવેતર થાય છે. આ ઉપરાંત ખેતીની કુલ જમીનના વિસ્તારમાંથી મોટાભાગની જમીનનો ઉપયોગ વાવેતર હેઠળ આંવરી લેવાંયેલ છે.

છેલ્લાં દાયકાંથી ગુજરાત સરકાંરે તેનો જિલ્લાંપંચાયતને ખેતી સુધારણાંના કાંર્યક્રમ વ્દાંરા આંદિવાસીઓના આંર્થિક ઉત્થાન માટે અનેક વિધ ઝડપી પ્રયાંસો આંદર્યાં છે. જે અનુસાંર



વલસાડ જિલ્લાંમાં અમલી બનેલ ઘનિષ્ઠ ખેતી કાંર્યક્રમ અનુસાર ડાંગર, જુવાંર, કપાંસ, ઘઉં, શેરડી, મગફળી કેલ અને ફળઝાંડ તથાં શાકભાંજી વિગેરે પાકોને ઘનિષ્ઠ કાંર્યક્રમ હેઠળ આંવરી લેવાંયાં છે.

ચીખલી તાલુકાના કાકડવેલ ગાંમના ખેડૂતોએ પણ આ કાંર્યક્રમનો વિશેષ પ્રમાણમાં લાભ લેતા થયા છે, એટલુ જ નહિ પરંતુ ઘનિષ્ઠ કાંર્યક્રમ હેઠળ વધુને વધુ ઉત્પાદન આંપતી ડાંગરની સુધારેલી જાતો જેવી કે મસુરી, આઇ-આર-૮ પદમા-ઝેડ-૩૧ વગેરેનુ વાંવેતર કરી ઉત્પાદનમાં અનેક ઘણો થયેલ વધાંરાને પરિણાંમે આંર્થિક લાભો પણ થયાં છે. તદ્ઉપરાંત ગાંમમાં ઘઉં, શેરડી અને મગફળીના નવા પાકનું વાવેતર કરવામાં આંવે છે અને આં વાવેતરથી સારા પરિણાંમોને લીધે વધુને વધુ કુટુંબો ઉપરોકત પાકનું વાંવેતર કરતા થયાં છે. મગફળી અને કપાંસના સારાં ભાંવોને લીધે, તેનો વાંવેતર હેઠળનાં વિસ્તાંર વધવાં પાંમ્યો છે.

ઘનિષ્ટ કાંર્યક્રમને પરિણામે સમગ્ર વલસાડ જિલ્લાંમાં, ચીખલી તાલુકામાં અને કાકડવેલ ગામમાં પાંક પદ્ધતિમાં મૂળભૂત ફેરફાર થવાં પાંમ્યા છે. પહેલાં મોટેભાંગે રવિ અને ખરીફ પાંક લેવાંતાં હતાં. તેને બદલે હવે ત્રણ પાંક લેવાંની શરૂઆંત થઇ છે. એટલુ જ નહી પરંતુ કેટલાક નવીન પાકો જેવા કે ઘઉં, શેરડી કેલ, મગફળી અને આંબાના ફળઝાંડ વગેરેનો સમાવેશ થયો છે.

ઘનિષ્ટ કાંર્યક્રમને લીધે ગામમાં ખેતી ક્ષેત્રે ઘણા ફેરફારો થયાં છે. જેથી ખેત પદ્ધતિમાં ઘણો સુધાંરો જેવાં મળે છે. આંદિવાસી ખેડૂતો આધુનિક ખેત પદ્ધતિને લીધે થયેલ આંર્થિક

લાભોને લીધે વધુને વધુ પ્રમાણમાં સુધારેલ બિયારણ રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને ઓજારોનો પણ ઉપયોગ કરતાં થયાં છે.

બિયારણ
------

સામાન્ય રીતે દરેક ખેડૂત બિયારણ માટે અમુક અનાજ કાજલ રાખતો હોય છે. નાગલી, ડાંગર અને જુવારનું ઉત્પાદન પોતાનાં ઘરનું જ સંઘરી રાખે છે. ગામમાં હવે અનેક સુધારેલ ડાંગરની જાતોનો ઉપયોગ થવાં માંડયો છે. છેલ્લાં કેટલાક વર્ષોથી ડાંગરની નવીન જાતો અપનાવી છે. તેમજ મરચી, ઘઉં, અને મગફળીનું બિયારણ પણ ગ્રામ સેવક દ્વારા મેળવે છે.

ખાતર
----

બિયારણની જેમ ખાતરમાં છાણીયું ખાતર ઉપરાંત રાસાયણિક ખાતરનો વપરાશ વધવા પામ્યો છે. ઢોરોની સંખ્યાં ઓછી હોવાને લીધે જોઇએ તેટલું છાણીયું ખાતર મળી શકતું નથી. જેથી રાસાયણિક ખાતરનો ઉપયોગ વધવાં પામ્યો છે. તદ્ઉપરાંત આદિવાસી ખેડૂતોને રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને સુધારેલ બિયારણોથી થતા આર્થિક લાભો અંગે વિચારતાં થયાં છે. આથી એકબીજાને જોઇને, અને ગ્રામસેવકની સલાહથી તેનો અમલ થવા લાગ્યો છે. જમીન ધરાવતા ખેડૂતોને કે જેમાં પાંચ એકર અને પાંચ એકરથી ઓછી જમીનવાળાંને સબસીડી પણ મળે છે.

૧૯૭૯ ની તપાસ વખતે સરકારના વિકાસ કાર્યક્રમોનો લાભ નમૂનાંના કુટુંબોમાંથી ૨૦ જેટલા કુટુંબોએ લીધો હતો.



તેમને જમીન વિકાસ બેંક ચીખલી તરફથી ઓઇલ એન્જિન, કૂવાં માટે સબસીડી મળી છે. આ ઉપરાંત કૂવાં પર ઇલેટ્રીક મોટરો મૂકાંવવાં માટે પણ ત્રણેક કુટુંબોને સબસીડી મળી છે. સમાજ કલ્યાંણ ખાતા તરફથી સીવવાના સંચા પણ ત્રણેક કુટુંબોને આપવામાં આંવ્યા છે. સહકારી મંડળી દ્વારા રાંસાયણિક ખાતર અને બિયારણો માટે સબસીડી અને સરકારી સહાય મળી છે.

આમ ઉપર મુજબ જોઇએ તો સરકારી વિકાસ કાર્યક્રમોનો ઉપયોગ પણ આ ગામમાં સારો થયેલ જોવા મળે છે.

ખેતીના સાધનો
------------

ધોડિયા જાતિમાં અત્યારે પણ જૂની પદ્ધતિ પ્રમાણેના ખેતીના સાધનોનો ઉપયોગ થાય છે. ખેતીનાં સાધનોના નામ નીચે પ્રમાણે છે.

| ક્રમ | સાધનનું નામ | ઉપયોગ | અંદાજી કિંમત |
|---|---|---|---|
| ૧. | હળ | જમીન ખેડવાં માટે | ૪૦ રૂા. |
| ૨. | કરબ | બિયારણ ઓરવા, ઘાસ કાઢવા અને ખેડવાં માટે | ૩૦ રૂા. |
| ૩. | દંતાળી | જમીન સરખી કરવાં, કયારા બાંધવાં, ઘાસ કાઢવા માટે | ૩૫ રૂા. |
| ૪. | પાવડો | -- | ૧૦ રૂા. |
| | ત્રીકમ | -- | ૧૫ રૂા. |
| | કુહાડી | -- | ૫ રૂા. |
| | દાતરડુ | -- | ૨ રૂા. |
| | સમાર | જમીન સરખી કરવાં | ૨૦ રૂા. |

આ ઉપરાંત કેટલાક નવા સાધનોનો ઉપયોગ કરતાં થયાં છે. જેમાં અનાજ ઉપણવા માટેના પંખા, લોખડના કરબનો પણ ઉપયોગ કરે છે.

ખેતીના સાધનો ઉપરાંત ખેતીમાં સુધારેલાં બિયારણો, અને રાસાયણિક ખાતરનો ઉપયોગ છેલ્લાં પાંચેક વર્ષથી કરતાં થયાં છે.

પાક : પધ્ધતિ

સામાન્ય રીતે વર્ષોથી જે પાકનું વાવેતર થાય છે તે ચાલુ છે. ઘઉંનું વાવેતર છેલ્લા આઠ-દસ વર્ષથી કેટલાક કુટુંબો કરતા થયાં છે. સિંચાઇ માટે ૧૯૬૯ વખતે ૩ રહેટ અને ત્રણ ઓઇલ એન્જિન હતા જેમાં ૧૯૭૯ માં ૮ ઓઇલ એન્જિન અને ૧૧ ઇલેક્ટ્રીક મોટરોનો ઉમેરો થયો છે.

કપાસનું વાવેતર છેલ્લા કેટલાક વર્ષોથી કરતા થયાં છે. મગફળી પણ કરે છે. પરંતુ છેલ્લા પાંચ-સાત વર્ષથી કપાસનું વાવેતર ઘટતું જાય છે. અને મગફળીનું વાવેતર વધારે છે. સૌથી વધુ ખેડૂત કુટુંબો રોકડપાકનું ઉત્પાદન લેવાની અને વાવેતર કરવાની ઇચ્છા સેવે છે.

પાકમાં જોઇએ તો કડાભાત, (ડાંગર) કોલમભાત, (ડાંગર) જુવાર, અને નાગલી મુખ્ય છે. જ્યારે બીજા મગફળી, કપાસ, તુવેર અળદ, વાલ અને શણ પણ વાવે છે.

સિંચાઇ

ગામમાં પિયતની સગવડ જૂજ પ્રમાણમાં જોવાં મળે છે. પિયતની સગવડતાંનો અભાવ જોવાં મળે છે. માત્ર રવિ અને



ખરીફ પાકોનું વાવેતર વધારે થાય છે. ગામમાં કૂવાની સગવડ સારી હોવાથી થોડાં કૂવાઓ દ્વારા પિયતની વ્યવસ્થા ઉભી કરેલ છે. ગામમાંથી કુલ ૨૭ જેટલાં કૂવાઓમાંથી છ એક કૂવાંના પાણીથી સિંચાઇ થાય છે. ત્રણ રહેટ અને ઓઇલ એન્જિનના ઉપયોગથી સિંચાઇ કરવામાં આવે છે. ગામમાં કંઇક અંશે સિંચાઇ શકય છે. વલસાડ જિલ્લાના ચીખલી, ગણદેવી અને વલસાડ તાલુકાઓને તાપી નદીની કાકરાપાર નહેર યોજનાનો લાભ મર્યાદિત સમય માટે મળે છે. પરંતુ ઉકાઇ યોજના પરિપૂર્ણ થતાં આ વિસ્તારમાં બારમાસી પાણીની સગવડ થશે અને કાકડવેલ ગામને પણ આ લાભ મળશે.

પશુધન

ગામમાં ધોડિયા કુટુંબો પશુઓ રાખે છે. એમાંયે ખાસ કરીને બળદ કે જેનો ઉપયોગ ખેતીના કામમાં કરે છે. આ સિવાય ભેંસ, ગાય, તેમજ મરઘાં રાખે છે. તેમની પાસે ભેંસો જૂજ પ્રમાણમાં હોય છે. નમૂનાના કુટુંબોમાં નીચે પ્રમાણે પશુધન જોવાં મળયું હતું. ( ૧૯૭૯-૮૦ પ્રમાણે )

ગાય : ૪૭, ભેંસો : ૨૬, બકરાં/ઘેટાં : ૭૩, બળદ : ૭૪,

વાછરડા-વાછરડી : ૩૮, પાડા-પાડી : ૧૭, મરઘાં : ૨૯૪
આમ કુલ ૫૬૯ ની સંખ્યા હતી.

ધોડિયા જાતિનો સ્વભાવ

આ જાતિના લોકો પ્રેમાળ અને લાગણી પ્રધાન છે. અતિથિ સત્કારમાં વધુ માને છે. પ્રમાણિકતા અને સાદાઇ

સ્પષ્ટ જણાઇ આંવે છે. તેમનામાં બીજાનુ ઝૂટવી લેવું અથવાં ચોરી કરી ઉપાડી જવું એ ગુણનો લેશ માંત્ર જણાંતો નથી.

ધોડિયાંઓમાં પ્રજા મહેનતુ રમુજી અને આંનંદ પ્રિયતાં વધુ જણાય છે. પુરૂષ અને સ્ત્રીઓનો ઘરમાં સમાંન દરજ્જો અને સમાંન હકક હોય છે.

## ભાંષાં

ધોડિયાંઓની આંગવી બોલી છે. જેની લિપીબધ્ધ કરેલી નથી. આં બોલી વિશે સશોધન થયેલ ન હોવાથી તે કયાં કુળની છે તે કહેવું મુશ્કેલ છે. ધોડિયાં બોલીનાં કેટલાંક શબ્દો આં પ્રમાંણે છે.

| ગુજરાંતી | | ધોડિયા ભાંષાંમાં બોલાંતાં શબ્દો |
|---|---|---|
| માંથુ | - | ડોચો, માંથાં |
| મો | - | છોબડુ |
| કપાંળ | - | નીડાળ |
| વાંળ | - | બાલ |
| આંખ | - | ડોળાં |
| પેટ | - | બોકો |
| હાંથ | - | સાંથ |
| પીઠ | - | બડોં, બડાં |
| અંગુઠો | - | આંગઠો |
| આંગળી | - | આંગળી |
| હથેળી | - | હાંથેરી |
| ખભા | - | ખોભાં |



| ગુજરાંતી | | ધોડિયા ભાંષાંમાં બોલાંતાં શબ્દો |
|---|---|---|
| કમ્મર | - | કડ |
| છાંતી | - | ઠાંઠી |
| ગળુ | - | ગળાં |
| ઈંડાં | - | હાંળવાં |
| મરચાં | - | મીચીલા |
| શાંક | - | હાંખનાં |
| બળદ | - | બૈલો |
| ભેંસો | - | ભેહળે |
| ગાંય | - | ડોબી |
| વાછરડો | - | વાછીડો |
| ઢોર બાંધ-વાનું ઘર | - | કોઠો |
| ઢોર | - | ડોબાં |
| ઢોરનાં આંચળ | - | ઓચાંર |
| વર | - | નવરો |
| વધૂ | - | નવરી |
| પત્ની | - | ડોહાડી |
| પતિ | - | માંટીડો |
| માં | - | આંયા - આંઇ |
| પિતાં | - | બાહ |
| દાદાં | - | ગઢોબાંહ, બાંલો |
| દાંદી | - | ગઢીમાંઇ |
| બેન | - | બહેન |
| ભાંઇ | - | ભાંઓ |

| ગુજરાતી | | ધોડિયા ભાષામાં બોલાતાં શબ્દો |
|---|---|---|
| બનેવી | - | ભાવડ |
| સાસુ | - | હાહુ |
| સસરાં | - | હહરો |
| માની મોટી | | |
| બહેન | - | વડાઇ |
| માની નાની | | |
| બહેન | - | કાકી |
| બાપનો | | |
| મોટોભાઇ | - | વડાવો |
| દિયર | - | દેરૂ, કુકો |
| ધાડણીયો | - | ઉખરો |
| વાસણ | - | બાહણે |
| પાવડર | - | પાવડાર |
| મેશ આંજ- | | |
| વાની છુ | - | મેહ આંજુની આહે |
| છે | - | આહે |
| નથી | - | નાઇ આહે |
| થાળી | - | ખુમચાં |
| તારૂ નામ | - | તુમણાં નામકાં |
| અહીં આવ | - | ઇધે આવાં |
| બેસો | - | બેહો |
| જાઓ | - | જાવાં |



| ગુજરાતી | | ધોડિયા ભાષામાં બોલાતાં શબ્દો |
|---|---|---|
| મારે પાણી પીવુ છે. | - | માણે પાણી પીવાં આહે |
| સ્ત્રીની ઇન્દ્રિ | - | નાળ |
| પુરૂષની ઇન્દ્રિ | - | આંડવો |
| સ્તન | - | બોબલાં |
| છોકરાં | - | પોહો |
| છોકરી | - | પોહી |
| છોકરા-છોકરીને | - | લોઢા-લોઢી પણ કહે છે. |

આમ ઉપર પ્રમાણે જોઇએ તો તેઓ પોતાની ભાષામાં શબ્દો બોલતા હોય છે.

XXXXXXX

૧૦. કાયમ ખેડવાં

અપાયેલી જમીન ૮૭૬=૧૭-૧૪-૪ ૧૭૧૩-૭૯

સિંચીત વિસ્તાર :

૧૯૬૧ = ૩.૧૦

૧૯૭૦ = ૧૪.૦૫

અનાજવારી :

૧૯૬૯-૭૦

| | | |
|---|---|---|
| વર્ગ - ૧ - ધાન્ય :- | જુવાર - | ૧૦૩=૦૨ |
| | નાગલી - | ૬૫=૦૫ |
| | કોદરાં - | ૧૦=૧૧ |
| | ડાંગર - | ૨૦૮=૧૦ |
| | ધઉ - | ૪=૦૬ |
| | બાંગ - | ૨=૧૧ |
| | | ૩૦૯=૧૧ |
| વર્ગ - ૨ - કઠોળ :- | તુવેર | ૧=૧૦ |
| | મગ | ૨-૦૩ |
| | અડદ | ૬-૨૦ |
| | ચણા | ૪-૨૦ |
| | | ૨૦-૧૩ |
| વર્ગ - ૩(બ)શાકભાજી : | ટામેટા - | ૧-૧૪ |
| | રીંગણ - | ૨-૧૦ |
| | વાલ - | ૧૩૨-૦૩ |
| | | ૧૩૫-૨૭ |

| | | |
|---|---|---|
| વર્ગ - ૩(ડ) ફળઝાડ : | કેળ | ૦.૦૮ |
| | આંબા | ૩૫.૧૦ |
| | | ૩૫.૧૮ |
| વર્ગ - ૪ મસાલા-કરીયાણુ: | ડુંગળી | ૦.૧૮ |
| | મરચાં | ૦.૧૦ |
| | | ૦.૨૮ |
| વર્ગ - ૫ ગળપણવાળાં ગુલ : | શેરડી | ૧૦.૧૧ |
| વર્ગ - ૬ તેલીબીયાં : | ભોયસીંગ | ૨૫.૦૪ |
| | દિવેલી | ૩.૧૦ |
| | શણ | ૨.૦૮ |
| | | ૩૦.૨૨ |
| વર્ગ - ૭ | કપાસ | ૪૦-૧૦ |
| વર્ગ - ૮ | ઘાસ | ૩૮૦-૦૦ |

| | એ. - ગું. |
|---|---|
| કુલ વર્ગ -૧ થી ૭ | ૬૬૬ - ૧૪ |
| વર્ગ - ૮ | ૩૮૦ - ૦૦ |
| | ૧૦૪૬ - ૧૪ |
| ડબલ પાક | ૧૬૨ - ૧૮ |
| બિનખેડાણ | ૨ - ૨૨ |
| કુલ | ૮૮૬ - ૧૮ |

ડબલ (ક્રોપીંગ) પાકમાં ઘઉં, ચણા, વાલ, શણ, દિવેલી, તુવેર અને મગનો સમાવેશ થાય છે.



૧૯૬૯ ની તપાસ વખતે ગામમાં પશુધન નીચે પ્રમાણે હતું.

| | |
|---|---|
| બળદ કુલ | ૨૧૫ |
| ભેંસ | ૬૪ |
| ગાય | ૧૨૬ |
| ઘેટાંબકરાં | ૮૮ |
| અન્ય | ૨૪૭ |
| કુલ | ૭૪૦ |

ખેતીના સાધનોની સંખ્યા કુલ.

| | |
|---|---|
| હળ | ૧૦૮ |
| ઓઇલ એન્જિન | ૩ |
| રહેંટ | ૩ |
| એલન હો | ૮ |
| પખા | ૩ |
| ગાડાં | ૩૨ |
| પિયતના કૂવા | ૬ |

ઝાડની વિગત

| ઝાડનું નામ | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|
| આંબા | ૪ | ૮૧૭ | ૮૨૧ |
| આંમલી | - | ૧૬૧ | ૧૬૧ |
| ખજૂરી | ૮ | ૩૦૧ | ૩૦૯ |
| નારિયેળ | - | ૯ | ૯ |
| ફણસ | - | ૩ | ૩ |
| મહુડા | - | ૧૧ | ૧૧ |
| કુલ... | ૧૨ | ૧૩૦૨ | ૧૩૧૪ |

આમ ઉપર મુજબ જોઇએ તો ગામમાં કુલ પશુધનની સંખ્યા ૭૪૦ ની હતી. જયારે ખેતીના સાધનોની સંખ્યા ૧૦૮ ની હતી. જયારે ઝાડોની સંખ્યા ૧૩૧૪ ની હતી. જેમાં સૌથી વિશેષ આંબાના ઝાડ હતાં.

કોઠો - ૩:૧૫

કુટુંબોનુ ધંધાકીય વર્ગીકરણ

| ૧૯૬૯ | ખેતી | નોકરી | મજૂરી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૪૩ | ૪ | ૪ | ૨ | ૫૩ |
| ટકા | ૮૧.૨ | ૭.૫ | ૭.૫ | ૩.૮ | ૧૦૦.૦ |

૧૯૬૯ ની તપાસ વખતે નમૂનાનાં કુટુંબોમાંથી મોટાભાગના કુટુંબો ખેતીનો ધંધો કરતાં હતા. ખેતી કરતાં કુટુંબોનુ પ્રમાણ ૮૧.૨ ટકા હતુ. જયારે નોકરી અને મજૂરી કરતાં કુટુંબોનુ પ્રમાણ સરખુ જોવાં મળયુ હતુ.

કોઠો - ૩:૧૬

કમાનાર અને બીન કમાનારની સંખ્યા દર્શાવતો કોઠો-૧૯૬૯

| ૧૯૬૯ | પુરૂષ | સ્ત્રી | બાળકો | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| કમાનાર | ૧૧૨ | ૧૦૫ | ૨૮ | ૨૪૫ | ૬૨.૫ |
| બિનકમાનાર | ૫ | ૪ | ૧૩૮ | ૧૪૭ | ૩૭.૫ |
| કુલ... | ૧૧૭ | ૧૦૯ | ૧૬૬ | ૩૯૨ | ૧૦૦.૦ |



ઉપરના કોઠા પરથી જોઇ શકાય છે કે કુલ સભ્ય સંખ્યામાંથી ૬૨.૫ ટકા કમાનાર હતા. જયારે ૩૭.૫ ટકા તેમનાં પર આધારિત હતા. આમ એક રીતે જોઇએ તો તપાસના સમયે મોટાભાગની સ્ત્રીઓ પણ જુદાં જુદાં કામો જેવા કે મજૂરી, ખેતમજૂરી અને અન્ય નાના નાના કામો કરવા જતી હતી.

આવક

નમૂનાના કુટુંબોની કુલ આવકનુ પ્રમાણ ૧૯૬૯ માં કુટુંબદીઠ વાર્ષિક આવક ૪૧૦૬.૦ રૂપિયા હતી. જયારે માથાદીઠ વાર્ષિક આવક રૂા.૨૫૮.૨ હતી.

૧૯૬૯ ની તપાસ વખતે નમૂનાના કુલ ૫૩ કુટુંબોની સભ્યસંખ્યા ૩૯૨ થતી હતી. આમ ઉપર મુજબ જોઇએ તો તપાસેલા કુટુંબોની કુટુંબદીઠ આવકનુ પ્રમાણ કોઠા-૩:૧૭ પરથી જોઇ શકાય છે.

આ ઉપરાંત આવક ગ્રુપ પ્રમાણે નમૂનાના કુટુંબોનુ વર્ગીકરણ જોઇએ તો રૂા.૫૦૦/- સુધીની આવક મેળવનાર કુટુંબ સંખ્યા ૩.૮ ટકા હતી. જયારે ૫૦૧ થી ૧૦૦૦ સુધીની આવક મેળવતાં કુટુંબોનુ પ્રમાણ ૨૨.૬ ટકા હતુ જયારે સૌથી વધુ આવક કમાનાર કુટુંબોનુ પ્રમાણ ૧૫.૧ ટકા હતુ. જમીનના કદ અને આવક ગ્રુપ પ્રમાણે કુટુંબોની વહેંચણીનો ખ્યાલ કોઠો - ૩:૧૮ જોવાથી આવશે.

ખર્ચ

ઉપર મુજબ નમૂનાના કુટુંબોની આવક જોયા પછી તપાસેલ કુટુંબોનુ વપરાશી ખર્ચ જોઇએ તો કુટુંબદીઠ જુદી જુદી

વપરાશી ચીજ વસ્તુઓ પાછળ વાર્ષિક ૧૭૬૨.૯ રૂપિયા હતું. જયારે માથાદીઠ વાર્ષિક ખર્ચ ૨૩૮.૩ રૂા. હતું. કુટુંબોનું કુલ વપરાશી ખર્ચ કોઠા - ૩:૧૯ પરથી અને કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચનો ખ્યાલ કોઠા - ૩:૨૦ પરથી આવશે.

ઉપર પ્રમાણે કુટુંબોનું કુલ ખર્ચમાંથી કુટુંબદીઠ ૮૫૮.૫ રૂપિયા ઘરનું ૮૫૫.૮ રૂા.નું વેચાતું, અને ૮૮.૬ રૂપિયાનું ધિરાણ દ્વારા મેળવ્યુ હતુ. આમ નમૂનાના કુટુંબોનું વપરાશી ખર્ચ કેટલું ઘરનું અને રોકડ વાપર્યુ હતુ તેનો ખ્યાલ કોઠા ૩:૨૧ પરથી આવે છે.

## દેવું

૧૯૬૯ ની તપાસ વખતે નમૂનાના ૫૩ કુટુંબોમાંથી ૧-૬-૬૯ સુધી ૩૨ કુટુંબોનું કુલ દેવું ૧૬૬૭૧ રૂા. હતું. તેમાંથી ૪૨.૭૪ ટકા શાહુકાર, ૨૮.૨૩ ટકા સરકારનું, ૨૨.૪૯ ટકા સહકારી મંડળીનું અને ૬.૫૪ ટકા સગાસંબંધીઓનું હતું. જયારે એક વર્ષના ગાળામાં ૧-૬-૭૦ માં આ કુટુંબોમાંથી દેવું ભરપાઇ ન થતાં કુલ ૪૬ કુટુંબો દેવાદાર હતાં. જેમનું કુલ દેવું ૧૯૮૧૬ રૂા. થયુ હતું. આ એક વર્ષના સમયગાળામાં શાહુકારનું અને સરકારી દેવાનું પ્રમાણ ઘટયુ હતુ. પરંતુ સગાસંબંધીઓનું દેવું ૨૨.૪૯ ટકાથી વધીને ૩૯.૮૯ ટકા થવા પામ્યુ હતુ. આમ હેતુવાર અને સાધનવાર દેવાનો વિગતે ખ્યાલ કોઠો - ૩:૨૨ જોવાથી આવશે.

આ ઉપરાંત જમીનના કદ પ્રમાણે ઘરવખરીના સાધનોમાં જુદાં જુદાં વાસણો, ફર્નિચર અને અન્ય સાધનો કેટલા પ્રમાણમાં હતા તેની વિગતે માહિતી કોઠા - ૩:૨૩ માં આપવામાં આવી છે.



કોઠો - ૩:૧૭

જમીનના કદ પ્રમાણે કુટુંબોની આવકનું પ્રમાણ

| જમીનનું કદ | ૦ થી ૨.૫ | ૨.૫થી૫.૦ | ૫.૦થી૭.૫ | ૭.૫થી૧૦.૦ | ૧૦.૦થી૧૫.૦ | ૧૫થીઉપર |
|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૧૦ | ૨૦ | ૧૧ | ૪ | ૪ | ૪ |
| ખેતીની આવક | ૩૧૧૦ | ૧૪૦૨૩ | ૧૨૧૩૨ | ૬૧૦૪ | ૯૩૮૮ | ૧૩૫૮૯ |
| પશુપાલનની આવક | ૭ | ૧૪૪૪ | ૩૮૧ | ૪૮૫ | ૧૧૫ | ૨૫૦ |
| મજૂરીની આવક | ૪૮૮૫ | ૪૫૦૯ | ૨૩૪૮ | ૯૯૦ | ૫૨૫ | -- |
| જંગલ પેદાશની આવક | - | - | ૨૬૫ | ૪૦ | - | ૫૦ |
| અન્ય | ૩૧૨૫ | ૧૨૬૭૬ | ૧૮૮૫ | ૨૪૨૪ | ૧૨૯૮ | ૨૫૩૫ |
| કુલ આવક | ૧૧૧૨૭ | ૩૨૬૫૨ | ૧૯૬૩૦ | ૧૦૦૪૩ | ૧૧૩૨૬ | ૧૬૪૨૪ |
| કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૧૧૨.૭ | ૧૬૩૨.૬ | ૧૭૮૪.૫ | ૨૫૧૦.૮ | ૨૮૩૧.૫ | ૪૧૦૬.૦ |
| કુલ આવક | | | | | | ૧૦૧૨૦૨ |
| માથાદીઠ વાર્ષિક આવક | | | | | | ૨૫૮.૨ |
| માથાદીઠ માસિક | | | | | | ૨૧.૫ |

કોઠો - ૩:૧૯ જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું કુલ વપરાશી ખર્ચ

| જમીનનું કદ | ૦થી૨.૫ | ૨.૫થી૫.૦ | ૫.૦થી૭.૫ | ૭.૫થી૧૦.૦ | ૧૦.૦થી૧૫.૦ | ૧૫થીઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૧૦ | ૨૦ | ૧૧ | ૪ | ૪ | ૪ | ૫૩ |
| ખોરાક | ૫૩૫૩ | ૧૫૬૯૨ | ૮૮૯૯ | ૪૬૯૩ | ૫૫૮૭ | ૮૨૨૧ | ૪૮૪૪૫ |
| શાકભાજી | ૧૭૫ | ૫૮૭ | ૩૮૫ | ૧૧૪ | ૨૦૫ | ૪૫૫ | ૧૯૨૧ |
| માંસ-ઈંડા | ૯૨ | ૧૧૬ | ૪૫ | ૧૫ | ૪૦ | - | ૩૦૮ |
| દૂધ-ઘી | ૨૫ | ૮૯૫ | ૧૭૦ | ૫૯૦ | ૩૨૦ | ૬૦૫ | ૨૬૦૫ |
| ખાંડ | ૨૮૭ | ૧૦૭૩ | ૪૧૫ | ૪૦૫ | ૪૦૫ | ૮૦૦ | ૩૩૮૫ |
| ગોળ | ૪૫ | ૧૧૪ | ૯૧ | ૧૮ | ૧૧૦ | ૬૫ | ૪૪૩ |
| તેલ | ૩૦૨ | ૧૦૩૦ | ૫૪૫ | ૧૮૦ | ૩૩૩ | ૫૫૦ | ૨૯૪૦ |
| ચ્હા-કોફી | ૧૫૨ | ૪૦૫ | ૨૦૬ | ૧૩૩ | ૧૨૨ | ૨૦૧ | ૧૨૧૯ |
| મસાલા | ૩૧૫ | ૮૯૦ | ૪૬૫ | ૨૧૦ | ૨૭૫ | ૩૧૫ | ૨૪૭૦ |
| બીડી-તમાંકુ | ૩૭૫ | ૭૬૦ | ૪૦૦ | ૧૬૦ | ૧૫૫ | ૩૨૦ | ૨૧૭૦ |
| બળતણ | ૯૮ | ૨૩૧ | ૮૩ | ૬૬ | ૫૬ | ૧૪૩ | ૬૭૭ |
| શિક્ષણ | ૬૦ | ૨૧૫ | ૨૧૦ | ૧૦૦૫ | ૭૦ | ૧૫૫ | ૧૭૧૫ |
| કપડાં પગરખાં | ૧૮૪૭ | ૪૮૦૨ | ૨૩૮૫ | ૧૨૬૫ | ૧૪૨૫ | ૨૧૧૯ | ૧૩૮૪૩ |
| સામાજિક ધાર્મિક | ૧૮૩ | ૧૩૮૫ | ૪૪૦ | ૯૪૦ | ૧૪૯૫ | ૨૮૫ | ૫૧૭૮ |
| અન્ય | ૬૩૫ | ૧૭૬૦ | ૬૯૦ | ૧૨૦૪ | ૫૬૫ | ૧૨૬૦ | ૬૧૧૪ |
| કુલ | ૯૯૪૪ | ૩૦૪૦૫ | ૧૫૪૨૯ | ૧૦૯૯૮ | ૧૧૧૬૩ | ૧૫૪૯૪ | ૯૩૪૩૩ |
| કુટુંબદીઠ વાર્ષિક | ૯૯૪.૪ | ૧૫૨૦.૩ | ૧૪૦૨.૬ | ૨૭૪૯.૫ | ૨૭૯૦.૮ | ૩૮૭૩.૫ | ૧૭૬૨.૮ |
| કુ.દીઠ માસિક | | | | | | | ૨૩૮.૩ |



કોઠો - ૩:૧૮

જમીનનું કદ અને આવક ગ્રુપ પ્રમાણે કુટુંબોની વહેંચણી.

( રૂપિયામાં )

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૧ થી ૧૫૦૦ | ૧૫૦૧ થી ૨૦૦૦ | ૨૦૦૦ થી ૩૦૦૦ | ૩૦૦૦ થી ઉપર |
|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૦ | ૧ | ૬ | ૧ | ૧ | ૧ | - |
| ૨.૫ થી ૫.૦ | ૨૦ | ૧ | ૩ | ૪ | ૭ | ૪ | ૧ |
| ૫.૦ થી ૭.૫ | ૧૧ | - | ૩ | ૨ | ૩ | ૩ | - |
| ૭.૫ થી ૧૦.૦ | ૪ | - | - | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૪ | - | - | - | ૧ | ૧ | ૨ |
| ૧૫.૦થી ઉપર | ૪ | - | - | - | - | - | ૪ |
| કુલ | ૫૩ | ૨ | ૧૨ | ૮ | ૧૩ | ૧૦ | ૮ |
| ટકા | (૧૦૦.૦) | (૩.૮) | (૨૨.૬) | (૧૫.૧) | (૨૪.૫) | (૧૮.૯) | (૧૫.૧) |

## કોઠો - ૩:૨૦ કુટુંબદીઠ વપરાશી ખર્ચ (વાર્ષિક)

| જમીનનું કદ | ૦થી૨.૫ | ૨.૫થી૫.૦ | ૫.૦થી૭.૫ | ૭.૫થી૧૦.૦ | ૧૦.૦થી૧૫.૦ | ૧૫થીઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૧૦ | ૨૦ | ૧૧ | ૪ | ૪ | ૪ | ૫૩ |
| ખોરાક | ૫૩૫.૩૦ | ૭૮૪.૬૦ | ૮૦૯.૦૦ | ૧૧૭૩.૨૫ | ૧૩૭૬.૭૫ | ૨૦૫૫.૨૫ | ૯૧૪.૦૬ |
| શાકભાજી | ૧૭.૫૦ | ૨૯.૩૫ | ૩૫.૦૦ | ૨૮.૫૦ | ૫૧.૨૫ | ૧૧૩.૭૫ | ૩૬.૨૪ |
| માંસ-ઈંડાં | ૯.૨૦ | ૫.૮૦ | ૪.૦૯ | ૩.૭૫ | ૧૦.૦૦ | - | ૫.૮૧ |
| દૂધ-ઘી | ૨.૫૦ | ૪૪.૭૫ | ૧૫.૪૫ | ૧૪૭.૫૦ | ૮૦.૦૦ | ૧૫૧.૨૫ | ૪૯.૧૬ |
| ખાંડ | ૨૮.૭૦ | ૫૩.૬૫ | ૩૭.૭૩ | ૧૦૧.૨૫ | ૧૦૧.૨૫ | ૨૦૦.૦૦ | ૬૩.૮૭ |
| ગોળ | ૪.૫૦ | ૫.૭૦ | ૮.૨૭ | ૪.૫૦ | ૨૭.૫૦ | ૧૬.૨૫ | ૮.૩૬ |
| તેલ | ૩૦.૨૦ | ૫૧.૫૦ | ૪૯.૫૫ | ૪૫.૦૦ | ૮૩.૨૫ | ૧૩૭.૫૦ | ૫૫.૪૭ |
| ચ્હા-કોફી | ૧૫.૦૦ | ૨૦.૨૫ | ૧૮.૭૩ | ૩૩.૨૫ | ૩૦.૫૦ | ૫૦.૨૫ | ૨૩.૦૦ |
| ગરમ મસાલા | ૩૧.૫૦ | ૪૪.૫૦ | ૪૨.૨૭ | ૫૨.૫૦ | ૬૮.૭૫ | ૭૮.૭૫ | ૪૬.૬૦ |
| બીડી તમાકુ | ૩૭.૫૦ | ૩૮.૦૦ | ૩૬.૩૬ | ૪૦.૦૦ | ૩૮.૭૫ | ૮૦.૦૦ | ૪૦.૯૪ |
| બળતણ | ૯.૮૦ | ૧૧.૫૫ | ૭.૫૫ | ૧૬.૫૦ | ૧૪.૦૦ | ૩૫.૭૫ | ૧૨.૭૭ |
| શિક્ષણ | ૬.૦૦ | ૧૦.૭૫ | ૧૯.૦૯ | ૨૫૧.૨૫ | ૧૭.૫૦ | ૩૮.૭૫ | ૩૨.૩૬ |
| કપડાં/જોડાં | ૧૮૪.૭૦ | ૨૪૦.૧૦ | ૨૧૬.૮૨ | ૩૧૬.૨૫ | ૩૫૬.૨૫ | ૫૨૯.૭૫ | ૨૬૧.૧૯ |
| સામાજિક ધાર્મિક | ૧૮.૩૦ | ૯૧.૭૫ | ૪૦.૦૦ | ૨૩૫.૦૦ | ૩૭૩.૭૫ | ૭૧.૨૫ | ૯૭.૭૦ |
| અન્ય | ૬૩.૫૦ | ૮૮.૦૦ | ૬૨.૭૩ | ૩૦૧.૦૦ | ૧૪૧.૨૫ | ૩૧૫.૦૦ | ૧૧૫.૩૬ |
| કુલ | ૯૯૪.૪૦ | ૧૫૨૦.૨૫ | ૧૪૦૨.૬૪ | ૨૭૪૯.૫૦ | ૨૭૯૦.૭૫ | ૩૮૭૩.૫૦ | ૧૭૬૨.૮૯ |



## કોઠો - ૩:૨૧

### જમીનના કદ પ્રમાણે વપરાશી ખર્ચ - ઘરનું, રોકડ

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા | ઘરનું | રોકડ | ધિરાણ | કુલ |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૦ | ૩૦૯૨ | ૬૮૫૨ | - | ૯૯૪૪ |
| ૨.૫ થી ૫.૦ | ૨૦ | ૧૩૭૨૦ | ૧૪૮૮૫ | ૧૮૦૦ | ૩૦૪૦૫ |
| ૫.૦ થી ૭.૫ | ૧૧ | ૮૩૭૦ | ૬૫૬૩ | ૪૯૬ | ૧૫૪૨૯ |
| ૭.૫ થી ૧૦.૦ | ૪ | ૫૧૨૦ | ૪૪૭૮ | ૧૪૦૦ | ૧૦૯૯૮ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૪ | ૫૫૧૯ | ૪૮૪૪ | ૮૦૦ | ૧૧૧૬૩ |
| ૧૫.૦ થી ઉપર | ૪ | ૯૬૮૧ | ૫૬૧૩ | ૨૦૦ | ૧૫૪૯૪ |
| કુલ | ૫૩ | ૪૫૫૦૨ | ૪૩૨૩૫ | ૪૬૯૬ | ૯૩૪૩૩ |
| કુટુંબદીઠ વાર્ષિક | | ૮૫૮.૫ | ૮૧૫.૮ | ૮૮.૬ | ૧૭૬૨.૯ |

## કોઠો - ૩:૨૨

### સાધનવાર અને હેતુવાર દેવાનું પ્રમાણ

| દેવું મેળવવાના સાધન | ૧-૬-૬૯સુધીનું દેવું કુટુંબ સંખ્યા | કુલદેવું | ટકા | ૧-૬-૭૦ નું દેવું કુટુંબ સંખ્યા | કુલદેવું | ટકા |
|---|---|---|---|---|---|---|
| શાહુકાર | ૧૭ | ૭૧૨૫ | ૪૨.૭૪ | ૨૦ | ૭૦૧૫ | ૩૫.૪૦ |
| સરકાર | ૬ | ૪૭૦૬ | ૨૮.૨૩ | ૬ | ૩૫૮૭ | ૧૮.૧૦ |
| સહકારી મંડળી | ૫ | ૩૭૫૦ | ૨૨.૪૯ | ૧૫ | ૭૯૦૪ | ૩૯.૮૮ |
| સગાસંબંધી | ૪ | ૧૦૯૦ | ૬.૫૪ | ૫ | ૧૩૧૦ | ૬.૬૧ |
| કુલ | ૩૨ | ૧૬૬૭૧ | ૧૦૦.૦૦ | ૪૬ | ૧૯૮૧૬ | ૧૦૦.૦૦ |

### હેતુવાર દેવું

| હેતુ | ૧-૬-૬૯ના વર્ષનું દેવું કુટુંબ સંખ્યા | કુલદેવું | ટકા | ૧-૬-૭૦ના વર્ષનું દેવું કુટુંબ સંખ્યા | કુલદેવું | ટકા |
|---|---|---|---|---|---|---|
| નિભાવ ખર્ચ | ૧૧ | ૨૧૨૫ | ૧૨.૭૫ | ૧૪ | ૨૯૮૫ | ૩૮.૨૭ |
| સામાજિક | ૭ | ૩૪૦૦ | ૨૦.૩૯ | ૧ | ૧૦૦ | ૧.૨૮ |
| ખેતીમાં મૂડીરોકાણ | ૮ | ૫૩૧૦ | ૩૧.૮૫ | ૧૦ | ૪૭૧૪ | ૬૦.૪૫ |
| રોકાણો | ૩ | ૩૦૯૦ | ૧૮.૫૪ | -- | -- | -- |
| અન્ય | ૩ | ૨૭૪૬ | ૧૬.૪૭ | -- | -- | -- |
| કુલ | ૩૨ | ૧૬૬૭૧ | ૧૦૦.૦૦ | ૨૫ | ૭૭૯૯ | ૧૦૦.૦૦ |



## કોઠો - ૩:૨૩

### જમીનના કદ પ્રમાણે ઘરવખરીના સાધનોનું પ્રમાણ દર્શાવતો કોઠો

| જમીનનું કદ | ૦થી૨.૫ | ૨.૫થી૫.૦ | ૫.૦થી૭.૫ | ૭.૫થી૧૦.૦ | ૧૦.૦થી૧૫.૦ | ૧૫થીઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| એલ્યુમિનિયમ | ૧૦ | ૨૦ | ૧૧ | ૪ | ૪ | ૪ | ૫૩ |
| પિત્તળ | ૮ | ૧૯ | ૧૦ | ૪ | ૪ | - | ૪૫ |
| તાંબાના | ૩ | ૧૦ | ૫ | ૩ | ૩ | ૪ | ૨૮ |
| ચિનાઇ માટીના | ૧૦ | ૨૦ | ૧૧ | ૪ | ૪ | ૪ | ૫૩ |
| કાંસાના | ૩ | ૫ | ૪ | ૨ | ૨ | ૨ | ૧૮ |
| અન્ય | ૩ | ૧૦ | ૪ | ૩ | ૩ | ૪ | ૨૭ |
| વાંસની સાદડી | - | ૫ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૧ |
| કાથીની | ૧૦ | ૨૦ | ૧૧ | ૪ | ૪ | ૪ | ૫૩ |
| જાળ (માછલાં-પકડવાની) | - | ૨ | - | - | - | - | ૨ |
| ખુરશી ટેબલ | ૩ | ૭ | ૬ | ૧ | ૧ | ૪ | ૨૨ |
| કાંડા ઘડિયાળ | - | ૬ | ૧ | ૧ | ૧ | ૨ | ૧૧ |
| એલારામ | - | ૧ | - | - | ૧ | ૩ | ૫ |

ચાલુ.....

કોઠો - ૩:૨૩ ચાલુ....

| જમીનનું કદ | ૦થી૨.૫ | ૨.૫થી૫.૦ | ૫.૦થી૭.૫ | ૭.૫થી૧૦.૦ | ૧૦.૦થી૧૫.૦ | ૧૫.૦થીઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| સંગીતના સાધનો | ૧ | - | - | - | - | - | ૧ |
| ફાનસ | ૩ | ૯ | ૪ | ૩ | ૪ | ૪ | ૨૭ |
| ચીમની | ૯ | ૧૮ | ૧૦ | ૪ | ૩ | ૪ | ૪૮ |
| ટોપલા/ટોપલી | ૯ | ૨૦ | ૧૧ | ૪ | ૪ | ૪ | ૫૨ |
| વાટવાના પત્થર | ૮ | ૨૦ | ૧૦ | ૪ | ૪ | ૪ | ૫૦ |
| બેટરી | ૧ | ૬ | ૧ | - | ૧ | ૪ | ૧૩ |
| પેટી | ૬ | ૧૭ | ૭ | ૪ | ૪ | ૪ | ૪૨ |
| છત્રી | ૨ | ૯ | ૭ | ૧ | ૨ | ૨ | ૨૩ |
| સાયકલ | ૧ | ૩ | - | ૧ | ૧ | ૨ | ૮ |
| પ્રાયમસ | - | ૩ | - | - | - | ૧ | ૪ |
| અન્ય | ૨ | ૨ | ૧ | - | ૨ | ૨ | ૯ |
| કુલ | ૯૨ | ૨૩૨ | ૧૧૫ | ૪૮ | ૫૩ | ૬૫ | ૬૦૫ |



આમ આ પ્રકરણમાં કાકડવેલ ગામમાં ૧૯૬૯ માં તપાસેલ નમૂનાના કુટુંબો પરથી તેની પરિસ્થિતિનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

## પ્રકરણ - ૩

## કાંકડવેલ - ૧૯૬૯

૧૯૬૯ માં કાકડવેલ ગામનો કુલ વિસ્તાર ૧ $\frac{૧}{૨}$ ચોરસ - માઇલનો હતો. ગામની કુલ વસતિ ૧૯૬૧ પ્રમાણે ૧૦૧૧ ની હતી. ૧૯૭૧ ના સેન્સસ પ્રમાણે તે વધીને ૧૨૮૩ માણસોની થઇ હતી. કાંકડવેલ ગામમાં મુખ્ય વસતિ ધોડિયાઓની હતી. ૧૯૬૯ ની તપાસ વખતે કુલ કુટુંબ સંખ્યા ૧૬૨ ની હતી. કુલ કુટુંબોમાંથી તપાસ માટે ૫૩ કુટુંબોની માહિતી મેળવી હતી. ૫૩ કુટુંબોની સભ્ય સંખ્યા કુલ ૩૯૨ હતી. સરેરાશ કુટુંબ કદ ૮ માણસનુ હતુ.

આમ આપણે કુટુંબના કદ પ્રમાણે અને તેની સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનુ કદ જોઇએ તો સૌથી વધુ ૧૨ વ્યકિતઓનુ કુટુંબ હોય તેવા કુટુંબોની સંખ્યા ૩ હતી. ૬ સભ્યવાળા અને ૧૦ સભ્યવાળા કુટુંબો સરખી સંખ્યામાં હતા. જયારે ૭ માણસ હોય તેવા કુટુંબોની સંખ્યા ૧૦ ની હતી. અને ૮ માણસો વાળા કુટુંબોની સંખ્યા ૮ ની હતી. આ અંગેની વિગતે માહિતી નીચેના કોઠા ૩:૧ પરથી સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબના કદ દર્શાવતો કોઠો જોવાથી વધુ ખ્યાલ આવશે.

## કોઠો - ૩:૧

### કુટુંબનું કદ

| કુટુંબની સભ્ય સંખ્યા | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|
| ૨ | ૧ | ૧.૯ |
| ૩ | ૩ | ૫.૭ |
| ૪ | ૪ | ૭.૫ |
| ૫ | ૭ | ૧૩.૨ |
| ૬ | ૬ | ૧૧.૩ |
| ૭ | ૧૦ | ૧૮.૯ |
| ૮ | ૮ | ૧૫.૧ |
| ૯ | ૪ | ૭.૫ |
| ૧૦ | ૬ | ૧૧.૩ |
| ૧૧ | ૧ | ૧.૯ |
| ૧૨ | ૩ | ૫.૭ |
| કુલ... | ૫૩ | ૧૦૦.૦ |

આમ ઉપર મુજબ કુટુંબનું કદ જોયા પછી ૧૯૬૦ થી ૧૯૭૦ ના દશ વર્ષના ગાળામાં કુટુંબના કદમાં થયેલા ફેરફારો કોઠા ૩:૨ પરથી જોઇ શકાશે.



## કોઠો - ૩:૨ ૧૯૬૦ થી ૧૯૭૦ સુધીમાં કુટુંબના કદમાં થયેલ ફેરફાર

| ૧૯૬૦ ના કુટુંબોની સભ્ય સંખ્યા | ૧૯૭૦ ના કુટુંબોની સભ્ય સંખ્યા: ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ અને વધુ | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | | ૨ | | | ૧ | | | | | | ૪ | ૭.૫ |
| ૩ | | ૩ | ૧ | ૧ | ૨ | ૨ | | | | | | ૯ | ૧૭.૦ |
| ૪ | | | ૧ | ૪ | | ૧ | ૪ | | | | | ૧૦ | ૧૮.૯ |
| ૫ | | | | ૨ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | | ૧૨ | ૨૨.૫ |
| ૬ | | | | | ૨ | ૨ | | ૩ | ૨ | | | ૯ | ૧૭.૦ |
| ૭ | | | | | ૧ | | ૧ | | | | | ૨ | ૩.૮ |
| ૮ | | | | | | | ૧ | | ૧ | | ૧ | ૩ | ૫.૭ |
| ૯ | | | | | | | | | ૧ | | ૧ | ૨ | ૩.૮ |
| ૧૦ | | | | | | | | | ૧ | | | ૧ | ૧.૯ |
| ૧૧ | | | | | | | | | | | | – | – |
| ૧૨ | | | | | | | | | | | ૧ | ૧ | ૧.૯ |
| કુલ | ૧ | ૩ | ૪ | ૭ | ૬ | ૧૦ | ૮ | ૪ | ૬ | ૧ | ૩ | ૫૩ | ૧૦૦.૦ |
| | ૧.૯ | ૫.૭ | ૭.૫ | ૧૩.૨ | ૧૧.૩ | ૧૮.૯ | ૧૫.૧ | ૭.૫ | ૧૧.૩ | ૧.૯ | ૫.૭ | | ૧૦૦.૦ |

આમ ઉપર મુજબ કુટુંબના કદ પ્રમાણે વર્ગીકરણ અને ફેરફાર જોયા પછી કુટુંબના સભ્યોનું વય જૂથ પ્રમાણે વર્ગીકરણ જોઇએ તો કોઠો ૩:૩ ઉપરથી વધુ ખ્યાલ આવશે.

કોઠો - ૩:૩

કુટુંબના સભ્યોનુ ઉમર પ્રમાણે વર્ગીકરણ

| ઉમર | પુરૂષ | સ્ત્રી | સંખ્યા કુલ | ટકા |
|---|---|---|---|---|
| ૬ વર્ષ થી નીચે | ૨૯ | ૨૯ | ૦૫૮ | ૧૪.૮ |
| ૭ થી ૧૫ | ૫૩ | ૬૬ | ૧૧૯ | ૩૦.૪ |
| ૧૬ થી ૨૫ | ૫૦ | ૩૮ | ૮૮ | ૨૨.૪ |
| ૨૬ થી ૩૫ | ૧૮ | ૧૫ | ૩૩ | ૮.૪ |
| ૩૬ થી ૫૦ | ૨૭ | ૩૩ | ૬૦ | ૧૫.૩ |
| ૫૦ થી ઉપર | ૧૯ | ૧૫ | ૩૪ | ૮.૭ |
| કુલ... | ૧૯૬ | ૧૯૬ | ૩૯૨ | ૧૦૦.૦ |

૧૯૬૯ ની તપાસ સમયે કુલ સભ્ય સંખ્યામાંથી ૧૪.૮ ટકા ૬ વર્ષથી નીચેના, ૩૦.૪ ટકા ૭ થી ૧૫ વર્ષ સુધીના, ૨૨.૪ ટકા ૧૬ થી ૨૫ વર્ષ સુધીના, ૮.૪ ટકા ૨૬ થી ૩૫ વર્ષની વયના અને ૩૬ થી ૫૦ વર્ષની ઉમરના ૧૫.૩ ટકા જયારે સૌથી ઓછા ૫૦ થી ઉપરની વયના હતા. જેનું પ્રમાણ ૮.૭ ટકા હતુ.



કોઠો - ૩:૪

કુટુંબનો પ્રકાર

| | વિભકત | સંયુકત | કુલ |
|---|---|---|---|
| સંખ્યા | ૨૨ | ૩૧ | ૫૩ |
| ટકા | ૪૧.૫ | ૫૮.૫ | ૧૦૦.૦ |

૧૯૬૯ માં નમૂનાના કુટુંબોમાંથી ૪૧.૫ ટકા કુટુંબો વિભકત હતા અને ૫૮.૫ ટકા કુટુંબો સંયુકત હતા.

ઉપર પ્રમાણે કુટુંબના પ્રકાર જોયા પછી કુટુંબના વડાની ઉમર પ્રમાણે નમૂનાના કુટુંબોના વડાનુ શિક્ષણ જોઇએ તો કોઠા-૩:૫ પરથી જોઇ શકીએ છીએ, જયારે કુટુંબના કુલ સભ્યોનુ શિક્ષણનુ પ્રમાણ કોઠા - ૩:૬ પરથી ખ્યાલ આવશે કે ૧૯૬૯ માં શિક્ષણનુ પ્રમાણ કેટલુ હતુ. ૧૯૬૯ ના સમયે નમુનાના કુટુંબના સભ્યોમાંથી ૭૭.૮ ટકા અભણ હતા. ૦.૫ ટકા સહી કરી શકે તેવા, ૦.૨ ટકાએ ઉચ્ચ શિક્ષણ લીધુ હતુ. જયારે બાકીના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લેતા હતા.

### કોઠો - ૩:૫

### ઉંમર પ્રમાણે કુટુંબનાં વડાંની શૈક્ષણિક સ્થિતિ

| વિગત | ૧૮ થી-૨૪ | ૨૫ થી-૩૦ | ૩૧ થી-૩૫ | ૩૬થી-૪૦ | ૪૧થી-૫૦ | ૫૦થી-ઉપર | કુલ કુટુંબ સંખ્યાં |
|---|---|---|---|---|---|---|---|
| શિક્ષિત/સહી કરી શકે તેવાં | ૧ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧૨ (૨૨.૬) |
| અભણ | ૨ | ૧ | ૩ | ૪ | ૧૭ | ૧૪ | ૪૧ (૭૭.૪) |
| કુલ | ૩ | ૪ | ૫ | ૫ | ૨૦ | ૧૬ | ૫૩ |
| ટકાં | ૫.૭ | ૭.૫ | ૯.૪ | ૯.૪ | ૩૭.૮ | ૩૦.૨ | ૧૦૦ |

### કોઠો - ૩:૬

### તપાસેલ નમુનાનાં કુટુંબોમાં શિક્ષણ

| શૈક્ષણિક સ્તર | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકાં |
|---|---|---|---|---|
| સહી કરી શકે તેવાં | ૨ | -- | ૨ | ૦.૫ |
| પ્રાથમિક | ૪૨ | ૧૭ | ૫૯ | ૧૫.૧ |
| માધ્યમિક | ૨૦ | ૫ | ૨૫ | ૬.૪ |
| ઉચ્ચ | ૧ | -- | ૧ | ૦.૨ |
| અભણ | ૧૩૧ | ૧૭૪ | ૩૦૫ | ૭૭.૮ |
| કુલ | ૧૯૬ | ૧૯૬ | ૩૯૨ | ૧૦૦.૦ |



### કોઠો- ૩:૭

### ગોત્ર પ્રમાણે કુટુંબ સંખ્યાં

| ક્રમ | ગોત્રનું નામ | કુટુંબ સંખ્યાં | ટકાં(કુટુંબનાં) |
|---|---|---|---|
| ૧. | ગરાંસિયાં | ૯ | ૧૭.૦ |
| ૨. | રજપૂત ગરાસિયાં | ૪ | ૭.૫ |
| ૩. | ચીલમી ગરાસિયાં | ૩ | ૫.૭ |
| ૪. | મુઠી ગરાસિયાં | ૨ | ૩.૮ |
| ૫. | ઠાકુર ગરાસિયાં | ૨ | ૩.૮ |
| ૬. | પાંચબળીયાં | ૪ | ૭.૫ |
| ૭. | બાંમણીયાં | ૫ | ૯.૪ |
| ૮. | દેસાઇ | ૫ | ૯.૪ |
| ૯. | કલમી મહેતા | ૫ | ૯.૪ |
| ૧૦. | ભોયા | ૩ | ૫.૭ |
| ૧૧. | વાંઢવા | ૪ | ૭.૫ |
| ૧૨. | વાઘિયા | ૨ | ૩.૮ |
| ૧૩. | રાવત | ૧ | ૧.૯ |
| ૧૪. | ભોજયો | ૧ | ૧.૯ |
| ૧૫. | ગાંયકવાડ | ૧ | ૧.૯ |
| ૧૬. | કોદારીયા | ૧ | ૧.૯ |
| ૧૭. | અરકણીયાં | ૧ | ૧.૯ |
| | કુલ.... | ૫૩ | ૧૦૦.૦ |

૧૯૬૯ માં તપાસેલ નમૂનાનાં કુટુંબો જુદાં જુદાં ૧૭ ગોત્રનાં હતા. ધોડિયા સમાજમાં જુદાં જુદાં ૫૭ જેટલાં ગોત્રો છે.

આમ ઉપર પ્રમાણે જુદાં જુદાં ગોત્રો પ્રમાણે કુટુંબ સંખ્યાં જોયાં પછી, જુદાં જુદાં ગોત્રો અને પેઢીઓ પ્રમાણે નમૂનાના કુટુંબોનો વસવાટનો સમય જોઇએ તો કોઠાં - ૩:૮ માં દર્શાવ્યાં પ્રમાણેની પરિસ્થિતિ ૧૯૬૯ ના સમયે હતી. ૧૯૬૯ ના સમયે નમૂનાનાં કુટુંબોમાંથી ૧૩.૨ ટકાં કુટુંબો ૧ પેઢીથી, ૩.૮ ટકાં કુટુંબો ૨ પેઢીથી, ૩૪.૦ ટકાં કુટુંબો ત્રણ પેઢીથી, ૨૬.૪ ટકાં કુટુંબો ૪ પેઢીથી અને ૨૨.૬ ટકા કુટુંબો ૫ પેઢીથી ગામમાં વસવાટ કરતા હતાં. કોઠા પરથી ગોત્ર પ્રમાણે અને પેઢી પ્રમાણે વસવાટના સમયનો વધુ ખ્યાલ આવશે.

આમ વસવાટના સમય પછી મકાનના ક્ષેત્રફળ પ્રમાણે અને ઓરડાની સંખ્યાં કેટલી હતી તેનો વિગતે ખ્યાલ કોઠો - ૩:૯ જોવાથી મળશે. ૧૯૬૯ માં તપાસેલ નમૂનાના કુટુંબોનાં ૪૧.૫ ટકાં પાસે બે ઓરડાવાળાં, અને ૫૨.૮ ટકાં કુટુંબો પાસે એક ઓરડાવાળાં મકાન હતાં. જ્યારે માત્ર ૫.૭ ટકાં કુટુંબો પાસે ૩ ઓરડાં વાળાં મકાન હતા.



## કોઠો - ૩:૮

પેઢીઓ પ્રમાણે અને ગોત્ર પ્રમાણે વસવાટનો સમય દર્શાવતો કોઠો

| સમય | ૬પેઢી | ૫પેઢી | ૪પેઢી | ૩પેઢી | ૨પેઢી | ૧પેઢી | કુલ | ટકાં |
|---|---|---|---|---|---|---|---|---|
| ગરાસિયાં | - | ૪ | ૩ | ૨ | - | - | ૯ | ૧૭.૦ |
| રાંજપુત ગરાંસિયાં | - | ૧ | ૨ | ૧ | - | - | ૪ | ૭.૫ |
| ચીલમી ગરાં-સિયા | - | - | - | ૩ | - | - | ૩ | ૫.૭ |
| મુઠ્ઠી ગરાંસિયાં | - | - | - | ૨ | - | - | ૨ | ૩.૮ |
| પાંચ બળીયાં | - | ૧ | ૧ | ૨ | - | - | ૪ | ૭.૫ |
| બાંમણીયા | - | ૪ | - | - | - | ૧ | ૫ | ૯.૪ |
| દેસાંઇ | - | - | ૧ | ૨ | ૧ | ૧ | ૫ | ૯.૪ |
| કલમી મહેતાં | - | - | ૫ | - | - | - | ૫ | ૯.૪ |
| ભોયાં | - | ૧ | ૧ | - | - | ૧ | ૩ | ૫.૭ |
| વાંઢવાં | - | - | - | ૩ | ૧ | - | ૪ | ૭.૫ |
| વાંધિયાં | - | - | - | - | - | ૨ | ૨ | ૩.૮ |
| રાંવત | - | - | - | ૧ | - | - | ૧ | ૧.૯ |
| ભોજયો | - | - | - | - | - | ૧ | ૧ | ૧.૯ |
| ગાયકવાડ | - | - | ૧ | - | - | - | ૧ | ૧.૯ |
| કોદારીયાં | - | - | - | ૧ | - | - | ૧ | ૧.૯ |
| અરકણીયાં | - | - | - | - | - | ૧ | ૧ | ૧.૯ |
| ઠાંકર ગરાંસિયાં | - | ૧ | - | ૧ | - | - | ૨ | ૩.૮ |
| કુલ | - | ૧૨ | ૧૪ | ૧૮ | ૨ | ૭ | ૫૩ | ૧૦૦.૦ |
| ટકાં | - | ૨૨.૬ | ૨૬.૪ | ૩૪.૦ | ૩.૮ | ૧૩.૨ | ૧૦૦.૦ | |

## કોઠો - ૩:૯

મકાનના ક્ષેત્રફળ પ્રમાણે ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો.

| મકાનનું ક્ષેત્રફળ | ઓરડાની સંખ્યા | | | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| | ૩ ઓરડાં | ૨ ઓરડાં | ૧ ઓરડાં | | |
| ૨૦ X ૧૫ | – | – | – | ૨ | ૩.૮ |
| ૨૦ X ૨૦ | – | ૨ | ૧૭ | ૧૯ | ૩૫.૮ |
| ૨૫ X ૧૫ | – | – | ૪ | ૪ | ૭.૫ |
| ૩૦ X ૨૦ | ૧ | ૧૫ | ૫ | ૨૧ | ૩૯.૭ |
| ૩૫ X ૩૦ | ૨ | ૫ | – | ૭ | ૧૩.૨ |
| કુલ | ૩ | ૨૨ | ૨૮ | ૫૩ | ૧૦૦.૦ |
| ટકા | ૫.૭ | ૪૧.૫ | ૫૨.૮ | ૧૦૦.૦ | |

આગળ ઉપર ગોત્ર પ્રમાણે કુટુંબોની સંખ્યા અને મકાનના ક્ષેત્રફળ પ્રમાણે અને ઓરડાની સંખ્યા પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ જોયાં પછી નમૂનાના કુટુંબોનું કયુ ગોત્ર કયાં સ્થળેથી આવ્યુ તેની માહિતી કોઠા ૩:૧૦ માં દર્શાવવામાં આવી છે.

જયારે કોઠા ૩:૧૧ પરથી કેટલા કુટુંબોએ કયાં ગોત્રમાં લગ્ન કર્યું છે તેનો ખ્યાલ આવશે. અને કોઠા ૩:૧૨ પરથી નમૂનાનાં કુટુંબોની સભ્ય સંખ્યાનું વર્ગીકરણ જોઇ શકાશે. નમૂનાનાં કુટુંબોમાંથી ૩૮.૫ ટકાં પરણિત ૫૬.૧ ટકાં અપરણિત અને વિધવા વિધુરનું પ્રમાણ ૫.૪ ટકાં હતું.



## કોઠો - ૩:૧૦ કુટુંબો (ગોત્ર પ્રમાણે) કયા સ્થળેથી આવ્યાં તે દર્શાવતો કોઠો

| સ્થળ | ગરાંસિયા | રાજપૂત ગરાંસિયા | ચિલમી ગરાસિયા | મુઠી ગરાસિયા | ઠાકુર ગરાંસિયા | પાંચ-બળિયા | બામણીયાં | દેસાઇ | કલમી મહેતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખબર નથી | ૮ | ૪ | ૩ | – | ૨ | ૩ | ૪ | – | ૫ |
| સારવણી | ૧ | | | – | – | – | – | – | – |
| ધોલીમાથુ | – | – | – | ૨ | – | – | – | – | – |
| ગોડથલ | – | – | – | – | – | ૧ | – | – | – |
| રાજપુર | – | – | – | – | – | – | ૧ | – | – |
| સાદરવેલ | – | – | – | – | – | – | – | ૧ | – |
| માંડવખડક | | | | – | – | – | – | ૧ | – |
| કોસાંરિયાં | – | – | – | – | – | – | – | ૩ | – |
| વેલણપુર | – | – | – | – | – | – | – | – | – |
| લીમઝર | – | – | – | – | – | – | – | – | – |
| પંચકડાં | – | – | – | – | – | – | – | – | – |
| કુલ | ૯ | ૪ | ૩ | ૨ | ૨ | ૪ | ૫ | ૫ | ૫ |
| ટકાં | ૧૭.૦ | ૭.૫ | ૫.૭ | ૩.૮ | ૩.૮ | ૭.૫ | ૯.૪ | ૯.૪ | ૯.૪ |

કોઠો - ૩:૧૦ ચાલુ....

| સ્થળ | ભોયાં | વાઢવાં | વાધિયા | રાવત | ભોજયો | ગાયકવાડ | કોદારીયાં | અરકણીયાં | કુલ | ટકાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખબર નથી | ૨ | ૩ | – | ૧ | – | ૧ | ૧ | – | ૩૭ | ૬૯.૬ |
| સારવણી | – | – | – | – | ૧ | – | – | – | ૨ | ૩.૮ |
| ધોલીમાંથુ | – | – | – | – | – | – | – | – | ૨ | ૩.૮ |
| ગોડથલ | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૩.૮ |
| રાજપુર | – | – | – | – | – | – | – | – | ૧ | ૧.૯ |
| સાંદરવેલ | – | – | – | – | – | – | – | – | ૧ | ૧.૯ |
| માંડવખડક | – | – | ૧ | – | – | – | – | – | ૨ | ૩.૮ |
| કૌસાંરિયા | -- | – | – | – | – | – | – | – | ૩ | ૫.૭ |
| વેલણપુર | – | ૧ | – | – | – | – | – | – | ૧ | ૧.૯ |
| લીમઝર | – | – | ૧ | – | – | – | – | – | ૧ | ૧.૯ |
| પંચકડા | – | – | – | – | – | – | – | ૧ | ૧ | ૧.૯ |
| કુલ | ૩ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | .૧ | ૫૩ | ૧૦૦.૦ |
| ટકા | ૫.૭ | ૭.૫ | ૩.૮ | ૧.૯ | ૧.૯ | ૧.૯ | ૧.૯ | ૧.૯ | | ૧૦૦.૦ |



કોઠો-૩:૧૧ ગોત્રવાર સગાઇ સંબંધ

| સગાઇ સંબંધ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | કુલ | ટકાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગરાંસિયા | ૪ | – | – | – | ૧ | ૩ | – | ૧ | – | ૯ | ૧૭.૦ |
| રાજપૂત ગરાસિયાં | ૧ | – | ૧ | – | – | ૨ | – | – | | ૪ | ૭.૫ |
| ચિલમી ગરાંસિયા | – | – | – | – | – | ૨ | – | – | ૧ | ૩ | ૫.૭ |
| મુઠી ગરાસિયા | ૧ | – | – | – | – | – | – | ૧ | – | ૨ | ૩.૮ |
| ઠાકુર ગરાસિયાં | ૧ | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૩.૮ |
| પાંચબળિયાં | ૪ | – | – | – | – | – | – | – | – | ૪ | ૭.૫ |
| બાંમણીયાં | ૧ | – | – | – | ૨ | ૨ | – | – | – | ૫ | ૯.૪ |
| દેસાઇ | ૨ | – | ૨ | – | – | ૧ | – | – | – | ૫ | ૯.૪ |
| કલમી ગહેતાં | – | ૧ | ૧ | – | – | ૨ | ૧ | – | – | ૫ | ૯.૪ |
| ભોયાં | – | – | ૧ | – | – | ૨ | – | – | – | ૩ | ૫.૭ |
| વાંઢવાં | ૩ | – | – | – | – | ૧ | – | – | ૧ | ૪ | ૭.૫ |
| વાંધિયા | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ | ૩.૮ |
| રાવત | – | – | – | – | – | ૧ | – | – | – | ૧ | ૧.૯ |
| ભોજયો | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ | ૧.૯ |
| ગાયકવાડ | – | – | ૧ | – | – | – | – | – | – | ૧ | ૧.૯ |
| કોદારીયા | – | – | – | – | – | – | ૧ | – | – | ૧ | ૧.૯ |
| અરકણીયાં | – | – | – | – | ૧ | – | – | – | – | ૧ | ૧.૯ |
| કુલ | ૧૯ | ૨ | ૬ | – | ૪ | ૧૭ | ૨ | ૨ | ૧ | ૫૩ | ૧૦૦.૦ |
| ટકા | ૩૫.૮ | ૩.૮ | ૧૧.૩ | – | ૭.૫ | ૩૨.૧ | ૩.૮ | ૩.૮ | ૧.૯ | | ૧૦૦.૦ |

### કોઠો - ૩:૧૨

**વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ**

| | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| પરણિત | ૭૫ | ૭૬ | ૧૫૧ | ૩૮.૫ |
| અપરણિત | ૧૧૨ | ૧૦૮ | ૨૨૦ | ૫૬.૧ |
| વિધવા/વિધુર | ૯ | ૧૨ | ૨૧ | ૫.૪ |
| કુલ... | ૧૯૬ | ૧૯૬ | ૩૯૨ | ૧૦૦.૦ |

આમ ઉપર મુજબ નમૂનાના કુટુંબના સામાજિક વર્ગીકરણનો ખ્યાલ મેળવ્યા પછી દરેક કુટુંબ પાસે જમીનનું પ્રમાણ કેટલુ હતુ તેની વિગત કોઠા - ૩:૧૩ માં આપવામાં આવી છે. જ્યારે ગામના કુલ વિસ્તાર અને તેનું વિભાગીકરણ કોઠા - ૩:૧૪ માં બતાવ્યા પ્રમાણેનું હતુ.

### કોઠો - ૩:૧૩

નમૂનાના જમીન ધરાવતા કુટુંબોનું જમીન ધારણના કદ અને વિસ્તાર પ્રમાણે વર્ગીકરણ

| અ.નં. | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ટકા | ધારણ કરેલ જમીન એકરમાં જમીન એકર | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૫ | ૩૦ | ૫૬.૬૦ | ૯૧.૩૩ | ૨૯.૫૨ |
| ૨. | ૫ થી ૧૦ | ૧૫ | ૨૮.૩૦ | ૧૦૪.૦૫ | ૩૩.૬૩ |
| ૩. | ૧૦ થી ૧૫ | ૪ | ૭.૫૫ | ૪૬.૧૫ | ૧૪.૯૨ |
| ૪. | ૧૫ થી ઉપર | ૪ | ૭.૫૫ | ૬૭.૮૫ | ૨૧.૯૩ |
| ૫. | કુલ | ૫૩ | | ૩૦૯.૩૮ | ૧૦૦.૦૦ |



૧૯૬૯ માં નમૂનાના કુલ કબજેદારોના ૫૬.૬૦ ટકા કબજેદારો ૫ એકર સુધીની જમીન ધરાવતા હતા. જેઓએ કુલ વિસ્તારના ૨૯.૫૨ ટકા જમીન ધારણ કરેલી હતી. જ્યારે પાંચ એકર અને તેથી વધુ પરંતુ દશ એકર સુધીની જમીન ધરાવતા કુલ કબજેદારોના ૨૮.૩૦ ટકા કુટુંબો કુલ વિસ્તારના ૩૩.૬૩ ટકા જમીનનો વિસ્તાર ધારણ કરેલો હતો. આ ઉપરાંત ૧૦ થી ૧૫ એકર અને ૧૫ એકરથી વધુ જમીન ધારણ કરતાં કુટુંબની સંખ્યા ચાર, ચારની હતી અને તેમણે ધારણ કરેલ કુલ વિસ્તાર અનુક્રમે ૧૪.૯૨ ટકા અને ૨૧.૯૩ ટકા હતો.

આમ સંપર્ક કરેલા ૫૩ કુટુંબોની કુલ જમીન ૩૦૯.૩૮ એકર હતી. જેથી નમૂનાના ૫૩ કુટુંબો દીઠ સરેરાશ જમીન ધારણનું કદ ૫.૮૪ એકર હતું.

આમ ઉપર મુજબ કોઠા ૩:૧૩ માં કુલ જમીન કુટુંબદીઠ જમીનના પ્રમાણને જોયા પછી કોઠા ૩:૧૪ માં જુદાં જુદાં વિસ્તાર પ્રમાણે અનાજવારી અને કુલ વિસ્તાર જોઇ શકાય છે.

૧૯૬૯ ની તપાસ વખતે ગામની જમીનની વહેંચણી/નમૂનાની માહિતી નં. "૫" પરથી મેળવવામાં આવી હતી. જેની વિગતો નીચે પ્રમાણે આપી છે.

## કોઠો - ૩:૧૪

### કુલ વિસ્તારનું પ્રમાણ

| વિગત | ક્ષેત્રફળ એકર - ગુંઠા | આકાર |
|---|---|---|
| ૧. કુલ જમીન | ૯૪૧.૦૧ | ૧૭૩૭.૬૦ |
| ૨. ખેડવાલાયક ન હોય તેવી જમીન | ૩૬.૩૧ | - |
| ૩. સાર્વજનિક કામ માટે અલગ રાખેલી જમીન | ૧૭.૨૦ | - |
| ૪. ઈટવાડા, લાકડા, પીઠા વગેરે | ૦=૦૪-૧-૧૧૨ | - |
| ૫. ખેતીના ઉપયોગમાં આવે તેવી જમીન ( ૨ + ૩ + ૪ ) | ૫૪=૧૫-૧-૧૧૨ | ૪.૯૪ |
| ૬. ખેતીના ઉપયોગમાં આવી શકે તેવી જમીન ( ૧-૫) | ૮૮૬=૨૫-૧૪-૪ | ૧૭૩૨=૬૬ |
| ૭. બીન કબજાની ખેડવાં લાયક ( ગોચર ) | ૧૦.૦૮ | ૧૮.૮૭ |
| ૮. કબજા હેઠળની ખેડવા લાયક જમીન (૬-૭) | ૮૭૬=૧૭-૧૪-૪ | ૧૭૧૩=૭૯ |
| ૯. સરકારની જૂની શરતની | ૮૭૪=૨૮-૧૪-૪ | ૧૭૧૧.૫૪ |
| " નવી શરતની | ૧=૨૯ | ૨.૧૫ |

# પ્રકરણ - ૪

## કાકડવેલ ગામનો તુલનાત્મક અભ્યાસ - ૧૯૬૯ - ૧૯૭૯

૧૯૬૯ ની તપાસ વખતે કાકડવેલ ગામમાંથી કુલ ૫૩ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. ૧૯૭૯ ના સમયમાં તેના તે જ કુટુંબોની પુન: તપાસનું કામ હાથધરી તેમનામાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક તેમજ અન્ય શું પરિવર્તનો આવ્યાં તે અંગેની માહિતી મેળવવામાં આવી હતી. ૧૯૭૯ ના વર્ષમાં તપાસના સમયે ૧૯૬૯ વખતે તપાસેલ કુલ ૫૩ કુટુંબોમાંથી આજે ૧૯૭૯ માં ૧ કુટુંબ સ્થળાંતર કરી બાજુના માંડવખડક ગામમાં વસવાટ ઉભો કર્યો હતો. જ્યારે ૪ કુટુંબોના વડાં ગુજરી ગયાં હતા. જેથી કુલ ૫૩ કુટુંબોમાંથી ૪૮ કુટુંબોનો સંપર્ક કરી જુદાં જુદાં પાસાંઓ ઉપર માહિતી એકત્રીત કરી હતી જે નીચે પ્રમાણે છે.

સૌ પ્રથમ કુટુંબનાં કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ તપાસીએ તો એ સ્પષ્ટ જણાતુ હતું કે નાના કુટુંબોમાં કોઇ ફેરફાર થયો ન હતો. જ્યારે મધ્યમ કદના કુટુંબોના કદમાં ઘટાડો થયો હતો. ૧૯૬૯ માં ૪ થી ૬ સભ્ય સંખ્યાં ધરાવતા કુટુંબોની સંખ્યા ૧૪ની હતી. જે ૧૯૭૯ વખતે ૧૨ ની થઇ હતી. બીજું કે ખૂબ મોટાં કુટુંબો કે જેમાં ૭ થી ૧૦ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો ૧૯૬૯ માં ૧૬ હતા જે વધીને ૧૯૭૯ માં ૧૯ થયા હતા. કુટુંબનાં કદમાં થયેલા ફેરફારોનો નીચેના કોઠા ૪:૧ માં કુટુંબનાં કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ જોવાથી ખ્યાલ આવશે.

કોઠો - ૪:૧

કુટુંબના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| કુટુંબનું કદ | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ૧ થી ૩ સભ્ય સંખ્યા | ૬ | ૬ |
| ૪ થી ૬ સભ્ય સંખ્યા | ૧૪ | ૧૨ |
| ૭ થી ૯ સભ્ય સંખ્યા | ૧૬ | ૧૯ |
| ૧૦થી ઉપર | ૧૨ | ૧૧ |
| કુલ | ૪૮ | ૪૮ |

ઉપરના કોઠામાં કુટુંબના કદ પ્રમાણે વર્ગીકરણ જોયાં પછી નમૂનાના કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ જોઇએ તો તપાસેલ કુટુંબોમાં દસ વર્ષના ગાળામાં સારો વધારો થવા પામ્યો હતો. શિક્ષણનું પ્રમાણ ૨૨.૮ ટકાથી વધીને ૧૯૭૯ માં ૪૫.૯ ટકા જેટલું થયું હતું . નમૂનાનાં કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ કોઠા - ૪:૨ જોવાથી વધુ ખ્યાલ આવશે.

કોઠો - ૪:૨

તપાસેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ

| | ૧૯૬૯ | ટકા | ૧૯૭૯ | ટકા |
|---|---|---|---|---|
| પાંચ વર્ષથી નીચેના | ૫૬ | (૧૪.૭) | ૩૦ | (૭.૪) |
| ભણેલા | ૮૭ | (૨૨.૮) | ૧૮૫ | (૪૫.૯) |
| અભણ | ૨૩૮ | (૬૨.૫) | ૧૮૮ | (૪૬.૭) |
| કુલ... | ૩૮૧ | (૧૦૦.૦) | ૪૦૩ | (૧૦૦.૦) |



ઉપરોક્ત કોઠા પરથી જોઇ શકાય છે કે ૧૯૬૯ વખતે તપાસેલ ૪૮ કુટુંબોની કુલ સભ્ય સંખ્યામાંથી ૮૭ વ્યક્તિઓ જ શિક્ષણ પામેલી હતી. જ્યારે ૧૯૭૯ માં તેજ ૪૮ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ બે ગણું જોવા મળયું હતું. તેમની સંખ્યા વધીને ૧૮૫ થઇ હતી.

વૈવાહિક દરજ્જા પ્રમાણે તપાસ સમયે તપાસેલા કુટુંબોની પરિસ્થિતિ કોઠા ૪:૩ માં દર્શાવવામાં આવી છે.

કોઠો - ૪:૩

વૈવાહિક દરજ્જા પ્રમાણે વસતિનું વર્ગીકરણ

| | ૧૯૬૯ | | | ૧૯૭૯ | | |
|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| પરણિત | ૭૩ | ૭૪ | ૧૪૭ | ૯૫ | ૯૫ | ૧૯૦ |
| અપરણિત | ૧૧૦ | ૧૦૬ | ૨૧૬ | ૧૦૭ | ૯૧ | ૧૯૮ |
| વિધવા | - | ૧૧ | ૧૧ | - | ૯ | ૯ |
| વિધુર | ૭ | - | ૭ | ૬ | - | ૬ |
| કુલ... | ૧૯૦ | ૧૯૧ | ૩૮૧ | ૨૦૮ | ૧૯૫ | ૪૦૩ |

કોઠો - ૪:૫

કુલ વસતિમાં કાંમકરતી વસતિનુ પ્રમાંણ

| | ૧૯૬૯ કુલસંખ્યા | ૧૯૬૯ ટકાં | ૧૯૭૯ કુલસંખ્યા | ૧૯૭૯ ટકા |
|---|---|---|---|---|
| કમાણી કરનાંર કુલ | ૨૩૮ | (૬૨.૫) | ૧૮૬ | (૪૬.૨) |
| કમાણી નહિ કરનાર કુલ | ૧૪૩ | (૩૭.૫) | ૨૧૭ | (૫૩.૮) |
| કુલ... | ૩૮૧ | (૧૦૦.૦) | ૪૦૩ | (૧૦૦.૦) |

ઉપરના કોઠાં પરથી જોઇ શકાંય છે કે ૧૯૬૯ ની તપાંસ વખતે કાંમ કરનારાંઓનુ પ્રમાંણ વધારે હતુ. તેનુ કારણ એ હતું કે તે વખતે બાંળકો શાળાંએ ન જતાં કાંમમાં મદદરૂપ થતાં. પરતુ ૧૯૭૯ ની તપાંસ વખતે કાંમ કરનારાઓનુ પ્રમાણ ઘટયુ છે સાંથે સાંથે શિક્ષણનુ પ્રમાંણ વધ્યુ છે. જેમાં બાંળકો કાંમમાં મદદ નહીં કરતાં શાળાંએ વધાંરે જાય છે.

ધંધાની માહિતી

૧૯૬૯ ની તપાસ સમયે ૫૩ કુટુંબોમાંથી કુલ ૪૩ કુટુંબો ખેતી, ૪ કુટુંબો નોકરી, ૬ કુટુંબો મજૂરી કરતા હતાં. જયાંરે ૧૯૬૯ ની તપાસ સમયે તપાસેલ ૪૮ કુટુંબોનાં ધંધામાં ફેરફાર



થયો ન હતો. પરતુ નોકરી અને ખેતી કરતા કુટુંબોનુ પ્રમાણ વધવાં પામ્યુ હતું. કુલ ૪૮ કુટુંબોમાંથી બધાં પાંસે ખેતીની જમીન હતી. ૨૮ કુટુંબો એવાં હતાં કે જે ખેતી અને મજૂરી પણ કરતા હતા. જયાંરે ૧૭ કુટુંબોએ ખેતી, નોકરી અને મજૂરી ત્રણે ધંધાં કરતા હતાં. જે ૧૯૬૯ માં આજ કુટુંબોમાંથી દરેકની પાંસે ખેતી હતી. પરતુ ખેતીની સાથે મજૂરી અને નોકરી પણ કરતા હતાં.

કુટુંબનો પ્રકાંર

૧૯૬૯ ની તપાંસ સમયે અને ૧૯૭૯ ની તપાંસ વખતે કુટુંબના પ્રકાંરમાં ફેરફાર થયો ન હતો. ૧૯૭૯ ના સમયે તપાંસેલ કુલ ૪૮ કુટુંબોમાંથી ૬૦.૪ ટકાં કુટુંબો સંયુકત હતા અને ૩૯.૬ ટકા કુટુંબો વિભક્તહતા. ૧૯૬૯ ની તપાસ વખતે તપાંસેલ કુટુંબોમાં પણ સંયુકત કુટુંબોનુ પ્રમાણ વધારે જોવાં મળયુ હતુ.

ઘરનો પ્રકાંર

૧૯૭૯ માં પુન: તપાસ વખતે ઘરના પ્રકાંરોમાં ઝાંઝો તફાવત જોવાં મળયો ન હતો. ૧૯૬૯ માં તપાંસેલાં કુટુંબોમાંથી ૧૯૭૯ ની તપાસનાં સમયે એટલે કે એક દાંયકાંમાં માત્ર એક જ મકાંન પાંકુ બન્યુ હતુ. બાકીનાં ઘરોની સ્થિતિ એક સરખી જ જોવાં મળી હતી. ઘરોના પ્રકાર દર્શાવતો કોઠો જોવાથી વધુ ખ્યાલ આંવશે.

કોઠો - ૪:૬

ઘરનો પ્રકાર

| | ૧૯૬૯ | ટકા | ૧૯૭૯ | ટકા |
|---|---|---|---|---|
| કાચું | ૪૬ | (૯૫.૮) | ૪૫ | (૯૭.૭) |
| પાકું | ૨ | (૪.૨) | ૩ | (૨.૩) |
| કુલ... | ૪૮ | (૧૦૦.૦) | ૪૮ | (૧૦૦.૦) |

૧૯૬૯ અને ૧૯૭૯ ની તપાસ સમયે ધોડિયા લોકોનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતી સિવાય નોકરી અને ખેત મજૂરી પણ કરતા હતા. જે કુટુંબો પાસે જમીનનું પ્રમાણ ખૂબ ઓછુ હતુ તેઓ ખેતીની સાથે સાથે ખેત મજૂરીએ પણ જતા હતા. ૧૯૭૯ ની તપાસ વખતે દરેક કુટુંબો પાસે જમીન હતી. કુટુંબના કદ પ્રમાણે જમીન ધારણ કરનાર કુટુંબોની સંખ્યા અને ધારણ કરેલ જમીનનુ પ્રમાણ કોઠા ૪:૭ માં દર્શાવવામાં આવી છે.

કોઠો - ૪:૭

જમીનના કદ પ્રમાણે જમીન ધારણ કરનાર કુટુંબોની સંખ્યા

| જમીનનું કદ એકરમાં | ૧૯૬૯ કુટુંબ સંખ્યા | ૧૯૬૯ વિસ્તાર એકરમાં | ૧૯૭૯ કુટુંબ સંખ્યા | ૧૯૭૯ વિસ્તાર એકરમાં |
|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૮ | ૧૫.૦૫ | ૯ | ૧૭.૨૧ |
| ૨.૬થી ૫.૦ | ૧૮ | ૬૯.૧૬ | ૨૦ | ૭૯.૦૭ |
| ૫.૧થી ૭.૫ | ૧૧ | ૬૮.૨૮ | ૧૦ | ૬૨.૦૩ |
| ૭.૬થી ૧૦.૦ | ૪ | ૩૫.૦૧ | ૪ | ૩૩.૨૬ |
| ૧૦.૦૧થી ઉપર | ૭ | ૯૭.૨૭ | ૫ | ૭૪.૩૯ |
| કુલ | ૪૮ | ૨૮૫.૩૭ | ૪૮ | ૨૬૭.૧૬ |
| કુટુંબદીઠ જમીન એકરમાં | | ૫.૦૯ | | ૫.૬ |



ઉપરના કોઠા પરથી જોઇ શકાય છે કે સરેરાશ જમીનનુ કદ ઘટવા પામ્યુ છે. જમીનનુ પ્રમાણ પણ ઘટયુ છે. પરંતુ ૦ થી ૨.૫ અને ૨.૦૬ થી ૫ એકર સુધીની જમીન ઘરાવતા કુટુંબોનુ પ્રમાણ અને જમીનનો વિસ્તાર વધ્યો છે.

ઘરવખરીના સાધનો

૧૯૬૯ અને ૧૯૭૯ ની તપાસ સમયે નમૂનાના કુટુંબોમાં નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબ ઘરવખરીના સાધનો જોવા મળ્યા હતાં.

## કોઠો - ૪:૮

ઘરવખરીના સાધનોનું પ્રમાણ દર્શાવતો કોઠો

| વિગત | ૧૯૬૯ સંખ્યા | ૧૯૭૯ સંખ્યા |
|---|---|---|
| માટીના વાસણો | ૩૬૩ | ૩૪૮ |
| એલ્યુમિનિયમ | ૨૨૯ | ૩૩૩ |
| પિત્તળ | ૨૫૪ | ૩૭૪ |
| તાંબાના/કાંસાના | ૧૦૭ | ૫૪ |
| ખાટલાં | ૧૫૩ | ૧૭૭ |
| ટેબલ ખુરશી | ૬૨ | ૭૧ |
| ફાનસ | ૨૯ | ૨૬ |
| ચીમની | ૫૦ | ૧૦૨ |
| પેટ્રોમેક્ષ | - | ૨ |
| ટોપલા ટોપલીઓ | ૧૪૦ | ૩૬૩ |
| દળવાની ઘંટી | ૪૬ | ૪૪ |
| બેટરી | ૧૧ | ૩૦ |
| પેટી | ૫૮ | ૧૦૧ |
| પ્રાયમસ | ૩ | ૬ |
| છત્રી | ૨૮ | ૩૬ |
| હિંચકો | ૧ | - |
| સાંકળ | ૬ | ૧૮ |
| ઘડિયાળ | ૧૫ | ૩૫ |
| વાજીંત્રો | - | ૪ |
| સીવવાના સંચા | ૫ | ૬ |
| માછલાં પકડવાની જાળ | ૩ | - |
| કુલ | ૧૫૫૩ | ૨૧૩૦ |
| કુટુંબદીઠ સરેરાશ સંખ્યા | ૩૨ | ૪૪ |



### પશુધનની માહિતી

૧૯૬૯ માં તપાસેલા કુલ ૫૩ કુટુંબોમાંથી ૧૯૭૯ માં ૪૮ કુટુંબોનો સંપર્ક સાધ્યો હતો. ૧૯૭૯ ની તપાસ પ્રમાણે ૧૯૬૯ અને ૧૯૭૯ માં તપાસેલા કુલ ૪૮ કુટુંબોમાં પશુધન નીચે દર્શાવેલ કોઠા મુજબ જોવા મળ્યું હતું.

## કોઠો - ૪:૯

કુલ પશુધનની માહિતી

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ગાય | ૪૫ | ૪૭ |
| ભેંસ | ૨૨ | ૨૬ |
| બકરાં/ઘેટાં | ૬૯ | ૭૩ |
| બળદ | ૭૧ | ૭૪ |
| વાછરડાં | ૭૫ | ૧૨ |
| પાડા/પાડી | -- | ૧૭ |
| મરઘાં | ૧૭૮ | ૨૯૪ |
| વાછરડી | -- | ૨૬ |
| કુલ | ૪૬૦ | ૫૬૯ |
| કુટુંબદીઠ સરેરાશ સંખ્યા | ૯ | ૧૨ |

## ખેતીના સાધનો

૧૯૬૯ ની તપાસ વખતે અને ૧૯૭૯ ના તપાસ સમયે નમૂનાના કુટુંબોમાં ખેત સાધનોમાં કોઇ પરિવર્તન જોવા મળ્યુ નહતુ. તપાસના સમયે ખેતીના સાધનોમાં જોઇએ તો જૂની પધ્ધતિના લાકડાના સાધનો વધારે જોવા મળયા હતા. ૧૯૬૯ ની તપાસ વખતે ૪૮ કુટુંબોમાં ૧૯ ગાડા હતા તેનુ પ્રમાણ ઘટીને ૧૯૭૯ માં ૧૬ થયા હતા. જ્યારે કૂવાની સંખ્યા ૧૬ થી વધીને ૨૨ થઇ હતી. ૧૯૬૯ વખતે ઓઇલ એન્જિન કે ઇલેકટ્રીક મોટર ન હતી. પરતુ તે વખતે કોશથી પાણી ખેંચવામાં આવતુ અને સિંચાઇ કરતા. જ્યારે ૧૯૭૯ ની તપાસ વખતે ૭ ઓઇલ એન્જિન અને ત્રણ ઇલેકટ્રીક મોટરો જોવા મળી હતી.

## સ્થાવર મિલકત

સ્થાવર મિલકતમાં જોઇએ તો જમીન, ઘર, ઝાડ (ઝાડોમાં વિશેષ આંબાનો સમાવેશ થતો હતો) પશુધન, ખેતીના ઓજારો, કૂવા, ઘરવખરીના સાધનો અને ઘરેણાં તેમજ રોકડ અસ્કયામતનો સમાવેશ થાય છે.

૧૯૬૯ ની તપાસ વખતે નમૂનાના ૪૮ કુટુંબોમાં જમીનની અસ્કયામતો ૪૧.૬ ટકાની હતી. જેની કિંમત વધતા આ અસ્કયામતોનુ પ્રમાણ ૫૧.૫ ટકા થયુ હતુ. જ્યારે અન્ય અસ્કયામતોમાં ખાસ તફાવત જોવા મળયો ન હતો.

નમૂનાના કુટુંબોની તપાસ વખતે ૧૯૬૯ માં તપાસેલા કુલ ૪૮ કુટુંબોની કુટુંબદીઠ કુલ અસ્કયામતોનુ પ્રમાણ ૧૩૯૩૭.૧ રૂા. ની હતી. જેનુ પ્રમાણ વધીને ૧૯૭૯ માં ૨૮૫૮૮.૭ રૂા.ની થઇ



હતી. ગામ માથાદીઠ અસ્કયામતોના પ્રમાણમાં પણ વધારો થયો હતો. જેની વિસ્તૃત માહિતીનો કોઠો ૪:૧૦ જોવાથી વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે.

### કોઠો - ૪:૧૦

સ્થાવર મિલકતનુ પ્રમાણ દર્શાવતો કોઠો

| વિગત | વર્ષ ૧૯૬૯ | વર્ષ ૧૯૭૯ |
|---|---|---|
| જમીનની કિંમત | ૨૭૮૫૫૦ (૪૧.૬) | ૭૦૬૨૦૦ (૫૧.૫) |
| ઘરની કિંમત | ૧૪૬૭૦૦ (૨૧.૯) | ૧૭૭૩૦૦ (૧૨.૯) |
| ઝાડની કિંમત | ૯૬૯૩૫ (૧૪.૫) | ૭૬૬૩૫ ( ૫.૬) |
| પશુધનની કિંમત | ૭૧૧૯૭ (૧૦.૬) | ૧૭૦૩૧૫ (૧૨.૪) |
| ખેતીના ઓજારોની કિંમત | ૨૧૩૬૮ (૩.૨) | ૭૮૧૪૭ (૫.૭) |
| કૂવાની કિંમત | ૨૨૨૦૦ (૩.૩) | ૬૦૨૦૦ (૪.૪) |
| ઘરવખરીના સાધનોની કિંમત | ૨૦૦૯૨ (૩.૧) | ૫૮૮૭૦ (૪.૩) |
| ઘરેણાં અને રોકડ અસ્કયામત | ૧૧૯૪૦ (૧.૮) | ૪૪૫૯૦ (૩.૨) |
| કુલ કિંમત | ૬૬૮૯૮૨ (૧૦૦.૦) | ૧૩૭૨૨૫૭ (૧૦૦.૦) |
| કુટુંબદીઠ અસ્કયામતનુ પ્રમાણ | ૧૩૯૩૭.૧ | ૨૮૫૮૮.૭ |
| માથાદીઠ અસ્કયામતનુ પ્રમાણ | ૧૭૫૫.૯ | ૩૪૦૫.૧ |

નોંધ:- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

૧૯૭૯ માં તપાસેલ નમૂનાના કુટુંબોની સંખ્યા ૪૮ ની હતી. ૧૯૭૯ અને દસ વર્ષ પહેલાંના કુલ ૫૩ કુટુંબોમાંથી ૪૮ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૩૮૧ અને ૧૯૭૯ માં ૪૦૩ ની હતી.

## આવક

ગામમાં લોકોનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલનનો હતો. ૧૯૬૯ ની તપાસ વખતે મોટાભાગનાં કુટુંબો ખેતી અને ખેતી મજૂરીમાંથી આવક મેળવતાં હતાં. તે વખતે નોકરી કરનાર કુટુંબોની સંખ્યા પણ ખૂબ ઓછી હતી. ૧૯૭૯ ની તપાસ સમયે તપાસેલાં નમૂનાંના કુટુંબોની આવક કોઠા-૪:૧૧માં દર્શાવવામાં આવી છે.

૧૯૭૯ માં તપાસના સમયે મેળવેલી માહિતી અનુસાર ખેતી અને પશુપાલનની આવક જોઇએ તો ૧૯૬૯ માં કુલ આવકમાંથી ૬૧.૫ ટકા આવક થતી હતી. જ્યારે મજૂરીની આવક ૨૩ ટકા હતી અને અન્ય ધંધામાંથી મળતી આવકનું પ્રમાણ ૧૫.૫ ટકા હતું. જ્યારે ૧૯૭૯ માં કુલ આવકના પ્રમાણ ઉપરથી જોઇએ તો ૪૪.૯ ટકા આવક નોકરીમાંથી મળતી હતી. જ્યારે ૪૧.૯ ટકા ખેતી અને પશુપાલનમાંથી પ્રાપ્ત થતી હતી. જ્યારે અન્ય આવકનું પ્રમાણ માત્ર ૭.૫ ટકાનું હતું. એકંદરે જોઇએ તો ૧૯૬૯ ની તપાસના સમયે પ્રાપ્ત થતી આવકના પ્રમાણ કરતાં તેમને ૧૯૭૯માં મળતી આવકનું પ્રમાણ વધવા પામ્યું હતું. જુદાં જુદાં ધંધામાંથી પ્રાપ્ત થતી આવકનું પ્રમાણ કોઠા પરથી વિગતવાર ખ્યાલ આવશે.



### કોઠો - ૪:૧૧

### જુદા જુદા ધંધા પ્રમાણે મળતી આવકનું પ્રમાણ

| વિગત | વર્ષ ૧૯૬૯ | વર્ષ ૧૯૭૯ |
| --- | --- | --- |
| ખેતી અને પશુપાલનની આવક | ૫૪૯૭૮ (૬૧.૫) | ૧૧૭૭૭૮ (૪૧.૯) |
| મજૂરીની આવક | ૨૦૫૨૩ (૨૩.૦) | ૩૫૫૧૫ (૧૨.૭) |
| નોકરીની આવક | -- | ૧૨૬૧૦૦ (૪૪.૯) |
| અન્ય આવક | ૧૩૮૨૪ (૧૫.૫) | ૧૪૫૦ (૦.૫) |
| કુલ | ૮૯૩૨૫ (૧૦૦.૦) | ૨૮૦૮૪૩ (૧૦૦.૦) |
| કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૮૬૦.૯ | ૫૮૫૦.૯ |
| કુટુંબદીઠ માસિક આવક | ૧૫૫.૧ | ૪૮૭.૭ |
| માથાદીઠ વાર્ષિક આવક | ૨૩૪.૪ | ૬૯૬.૯ |

નોંધ :- કૌંસમાં આપેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

કોઠા ઉપરથી જોઇ શકાય છે કે ૧૯૬૯ અને ૧૯૭૯ ના એક દાયકાના સમયગાળામાં તેમની કુટુંબદીઠ અને માથાદીઠ આવકનાં પ્રમાણમાં વધારો થયો હતો. ૧૯૬૯ ની તપાસ સમયે આવકના પ્રમાણમાં વધારો થયો હતો. ૧૯૬૯ ની તપાસ સમયે કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ આવક રૂા.૧૮૬૧ હતી. જે વધીને ૧૯૭૯ માં ત્રણ ગણી થવા પામી હતી એટલે કે ૫૮૫૧ રૂા.ની થઇ હતી. જ્યારે કુટુંબદીઠ માસિક આવક સરેરાશ ૧૫૫ રૂા.ની હતી. જેનુ પ્રમાણ વધીને ૪૮૮ રૂા. થયુ હતુ. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક ૨૩૪ રૂપિયાથી વધીને ૬૯૭ રૂા. એટલે કે ત્રણ ગણી થઇ હતી.

આમ જુદાં જુદાં ધંધાઓમાંથી પ્રાપ્ત થતી કુટુંબદીઠ અને માથાદીઠ સરેરાશ આવક જોતાં સ્પષ્ટ થાય છે કે ધોડિયા જાતિનુ જીવન ધોરણ ગરીબાઇની રેખાની સમકક્ષ જીવે છે. તેમનામાં વધતી આવકોનુ પરિણામ શિક્ષણ ક્ષેત્રે આવેલુ પરિવર્તન છે. શિક્ષણના લીધે જૂના ખેત સાધનો દ્વારા જ પધ્ધતિસરની ખેતી કરતા થયા છે. અને દિવસે દિવસે આ વિસ્તારમાં ફળ-ઝાડનુ પ્રમાણ જેમાં ખાસ કરીને કલમી આંબાની વાડીઓનુ પ્રમાણ વધતુ જાય છે. જે તેમની આવકમાં વૃધ્ધિ કરે છે. બીજુ કે તેમનામાં શિક્ષણનો વ્યાપ વધવાથી વધુને વધુ વ્યકિતઓ જુદી જુદી નોકરીમાં જોડાય છે. સૌથી વધુ શિક્ષકોમાં જોડાય છે. જેથી વર્ષે વર્ષે આવકનાં પ્રમાણમાં વધારો થતો રહે છે.

નિર્વાહ ખર્ચ:-
--------

૧૯૬૯ માં તપાસેલ નમૂનાનાં કુટુંબોનુ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૧૭૮૭.૨ હતુ. જેનુ પ્રમાણ વધીને ૧૯૭૯ માં ૫૩૦૯.૭ થયુ હતુ. જ્યારે માથાદીઠ વાર્ષિક ખર્ચ ૨૨૫ રૂા.નુ હતુ. જે



વધીને ૬૩૨.૪ રૂા. થયુ હતુ. વધતી જતી આવકનાં પરિણામે તેની ખર્ચ પર પણ ઠીક ઠીક પ્રમાણમાં અસર જોવા મળી હતી. રોકડ સ્વરૂપમાં વસ્તુઓની લેવડ દેવડનો વ્યવહાર વધારે જોવા મળયો હતો. નિર્વાહ ખર્ચ માટે મોટેભાગે અનાજનો વપરાશ ઘરમાંથી જ કરવામાં આવતો હતો. નિર્વાહખર્ચની જુદી જુદી વપરાશી ચીજ-વસ્તુઓ પાછળ થતાં ખર્ચની વિગતવાર માહિતી કોઠા ૪:૧૨ માં આપવામાં આવી છે.

## કોઠો - ૪:૧૨

વપરાશી ખર્ચની વિગત

| વર્ષ | ૧૯૬૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|
| ખોરાક | ૪૪૨૫૭ | ૫૧.૬ | ૯૫૭૯૩ | ૩૭.૬ |
| શાકભાજી ફળફળાદિ | ૧૬૯૬ | ૨.૦ | ૧૯૧૩૫ | ૭.૫ |
| માંસ મચ્છી | ૨૬૮ | ૦.૩ | ૩૭૨૪ | ૧.૫ |
| દૂધ-ઘી | ૨૩૧૩ | ૨.૭ | ૨૨૨૮૫ | ૮.૭ |
| ખાંડ-ગોળ | ૩૫૦૪ | ૪.૧ | ૧૨૬૮૬ | ૫.૦ |
| તેલ | ૨૬૯૮ | ૩.૧ | ૧૩૮૮૨ | ૫.૫ |
| ચ્હા-કોફી | ૧૧૩૩ | ૧.૩ | ૨૬૦૦ | ૧.૦ |
| મસાલા | ૨૨૩૫ | ૨.૬ | ૬૩૦૦ | ૨.૫ |
| બીડી,સીગારેટ,તમાકુ | ૨૦૧૮ | ૨.૪ | ૪૫૫૫ | ૧.૮ |
| બળતણ | ૬૨૭ | ૦.૭ | ૬૯૯૨ | ૨.૭ |
| શિક્ષણ | ૧૬૬૫ | ૧.૯ | ૯૮૯૫ | ૩.૯ |
| કપડાં/લત્તાં | ૧૨૫૮૧ | ૧૪.૭ | ૩૫૦૦૦ | ૧૩.૭ |
| ધાર્મિક સામાજિક | ૫૧૦૦ | ૫.૯ | ૧૧૫૧૦ | ૪.૫ |
| મુસાફરી તેમજ અન્યખર્ચ | ૫૬૯૨ | ૬.૭ | ૧૦૫૦૦ | ૪.૧ |
| કુલ ખર્ચ | ૮૫૭૮૭ | (૧૦૦.૦) | ૨૫૪૮૬૭ | (૧૦૦.૦) |
| કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૧૭૮૭.૨ | | ૫૩૦૯.૭ | |
| કુટુંબદીઠ માસિક ખર્ચ | ૧૪૮.૯ | | ૪૪૨.૫ | |
| માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૨૨૫.૨ | | ૬૩૨.૪ | |
| માથાદીઠ માસિક ખર્ચ | ૧૮.૮ | | ૫૨.૭ | |



### દેવું

દિવસે દિવસે ધોડિયા જાતિમાં શિક્ષણનું પ્રમાણ વધતાં, બાહ્ય સમાજની અસરોથી સામાજિક પ્રસંગોના ખર્ચનું પ્રમાણ વધતું જાય છે. બીજું કે આવક વધતાં ખેતીની જમીનોની ખરીદી પણ વધી છે. આ ઉપરાંત અન્ય મકાન બાંધકામ, મકાન સમારકામ માટે આવક કરતાં વધુ ખર્ચ કરવું પડે છે. અને આ ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવાની ફરજ પડે છે. ૧૯૬૯ અને ૧૯૭૯ ની તપાસ સમયે કરેલા દેવાની વિગતવાર માહિતી કોઠા-૪:૧૩ માં આપવામાં આવી છે.

કોઠા ઉપરથી જોઇ શકાય છે કે કુલ દેવામાંથી મોટા-ભાગનું દેવું સહકારીમંડળીનું હતું. જે બંને તપાસ વખતે સ્પષ્ટ જોઇ શકાયું હતું. જ્યારે આ સમાજમાં સગાંઓ પણ એક બીજાને ઠીક પ્રમાણમાં મદદ કરતાં હોવાથી સગાંઓનું દેવું પણ લગભગ એક સરખુ જોવા મળયુ હતું. જેનો વધુ વિગતે ખ્યાલ જુદાં જુદાં સાધનવાર અને હેતુવાર દેવાનું પ્રમાણ દર્શાવતો કોઠો જોવાથી આવે છે. નમૂનાના કુટુંબોની તપાસ વખતે ૧૯૬૯ માં કુલ કુટુંબો-માંથી ૨૦ કુટુંબો અને ૧૯૭૯ માં ૨૯ કુટુંબો દેવાદાર હતાં.

## કોઠો - ૪:૧૩

### તપાસના વર્ષ દરમ્યાન કરેલુ દેવું

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| જમીનદાર (શાહુકાર/વેપારી) | ૧૧૧૪<br>૧૫.૬ | ૨૦૦૦<br>૩.૪ |
| સહકારી મંડળી | ૪૨૭૩<br>૫૯.૯ | ૩૮૬૦૦<br>૬૫.૧ |
| બેંક | -- | -- |
| સરકાર | -- | -- |
| અન્ય (સગાવહાલાં) | ૧૭૪૭<br>૨૪.૫ | ૧૮૭૦૦<br>૩૧.૫ |
| કુલ દેવું | ૭૧૩૪<br>(૧૦૦.૦) | ૫૯૩૦૦<br>(૧૦૦.૦) |
| દેવાદાર કુટુંબ | ૨૦ | ૨૯ |
| દેવાદાર કુટુંબદીઠ દેવું | ૩૫૬.૭ | ૨૦૪૪.૮ |
| **હેતુવાર દેવું** | | |
| ઘરખર્ચ નિર્વાહખર્ચ | ૨૩૨૦<br>૩૨.૫ | ૬૪૦૦<br>૧૦.૮ |
| સામાજિક ખર્ચ | ૬૯૪<br>૯.૭ | ૧૧૬૦૦<br>૧૯.૬ |
| મકાન બાંધકામ | -- | ૪૦૦૦<br>૬.૭ |
| જમીનની ખરીદી | ૪૧૨૦<br>૫૭.૮ | ૩૭૩૦૦<br>૬૨.૯ |
| કુલ | ૭૧૩૪<br>૧૦૦.૦ | ૫૯૩૦૦<br>૧૦૦.૦ |



## છેલ્લાં દાયકામાં કરેલ મૂડીરોકાણ

નમૂનાંનાં કુટુંબોની તપાસનાં સમયે ૧૯૭૯ માં છેલ્લાં દસ વર્ષ દરમ્યાન જુદાં જુદાં સાધનો પાછળ મોટું મૂડીરોકાણ કર્યુ હોય તેની વિગત પ્રમાણે માહિતી મેળવી હતી. ૧૯૭૯ માં નમૂનાંના કુટુંબોમાંથી કુલ ૧૭ કુટુંબોએ ખેતી, ખેતીખર્ચ, પશુધનની ખરીદી અને ધંધાં રોજગાર પાછળ કરેલાં ખર્ચની માહિતી કોઠાં - ૪:૧૪ માં દર્શાવી છે.

## કોઠો - ૪:૧૪

### છેલ્લાં દસ વર્ષ દરમ્યાન કરેલ મૂડીરોકાણ ( ૧૯૭૯ )

| વિગત | મૂડીરોકાણ કરેલ કુટુંબ સંખ્યા | કુલ મૂડીરોકાણ | ટકા |
|---|---|---|---|
| ખેતીમાં રોકાણ | | ૫૫૭૦૦ | ૬૪.૫ |
| ખેતી ખર્ચ | | ૫૦૦૦ | ૫.૮ |
| પશુધનની ખરીદી (બળદ, ગાય, ભેંસ) | | ૧૫૦૦ | ૧.૭ |
| અન્ય હેતુઓ (ધંધાં રોજગાર, મકાન) | | ૨૪૧૦૦ | ૨૮.૦ |
| કુલ | ૧૭ | ૮૬૩૦૦ | ૧૦૦.૦ |
| કુટુંબદીઠ રોકાણ | | ૫૦૭૬.૫ | |

## તુલનાત્મક સ્થિતિ

આમ આ પ્રકરણમાં કરેલો તુલનાત્મક પરિસ્થિતિ પરથી એટલુ ચોક્કસ કહી શકાય કે ૧૯૬૯ અને ૧૯૭૯ ના એક દાયકામાં ધોડિયાઓની આર્થિક પરિસ્થિતિમાં ખૂબ પરિવર્તન થવા પામ્યુ છે.

૧૯૬૯ ની તપાસ સમયે કુલ ૫૩ કુટુંબોનો સંપર્ક કરી તેમની માહિતી પ્રાપ્ત કરી હતી. ૧૯૭૯ ના વર્ષે પણ તેના તે જ કુટુંબોનો સંપર્ક કરી તેમનામાં આવેલા પરિવર્તન વિષેનો ખ્યાલ મેળવ્યો હતો. ધોડિયા જાતિમાં આવેલા પરિવર્તનો અને આર્થિક સ્થિતિ વિષે તુલનાત્મક પરિસ્થિતિ દર્શાવતો કોઠો - ૪:૧૫ જોવાથી વધુ ખ્યાલ આવે છે.

૧૯૭૯ ની તપાસ સમયે કુલ ૫૩ કુટુંબોમાંથી ૪૮ કુટુંબોનો અભ્યાસ કર્યો હતો. ૧૯૭૯ માં તપાસેલ નમૂનાના કુટુંબો પ્રમાણે ૧૯૬૯ માં તેમની કુલ વસતિ ૩૮૧ ની હતી. જે વધીને ૪૦૩ ની થઇ હતી. આ ધોડિયા જાતિનુ કુટુંબ કદ ૮ વ્યક્તિઓનુ હતુ તે ૮.૩ નુ થયુ આમ તેમની વસતિમાં થોડો વધારો થયો હતો.

૧૯૬૯ વખતે કુલ કમાનારાઓની સંખ્યા બાળકો સહિત ૨૩૮ ની હતી. પરંતુ તેમનામાં આવેલ શૈક્ષણિક પરિવર્તનને લીધે બાળકો કામે ન જતા શાળામાં જતા થયા હતા. જેથી ૧૯૭૯ ની તપાસ વખતે કુલ કામ કરનારાઓનુ પ્રમાણ ઘટીને ૧૮૬ થયુ હતુ.

શિક્ષણ ૧૯૬૯ ની તપાસ સમયે શિક્ષણનુ પ્રમાણ ૨૨.૮ ટકા હતુ જે વધીને ૪૫.૯ ટકા એટલે કે બમણુ થવા પામ્યુ હતુ. શિક્ષણ ક્ષેત્રે આવેલુ પરિવર્તન ગુજરાત સરકાર તરફથી આદિવાસી



બાળકોને મળતી સ્કોલરશીપ અને અન્ય લાભોને લીધે, તેમજ શિક્ષણનુ મહત્વ સમજાતા વધુને વધુ શિક્ષણ લેતા થયા છે.

કુટુંબના પ્રકાર જોઇએ તો ૧૯૬૯ ની તપાસ વખતે ૧૯૭૯ માં તપાસેલ નમૂનાના કુટુંબો પ્રમાણે ૩૨ સંયુકત અને ૧૬ કુટુંબો વિભકત હતા. જયારે ૧૯૭૯ માં સંયુકત કુટુંબોનુ પ્રમાણ ઘટીને ૨૯ થયુ હતુ. અને વિભકત કુટુંબોનુ પ્રમાણ ૧૯ થયુ હતુ.

આ સમાજમાં શિક્ષણના પરિવર્તનને લીધે શિક્ષણનુ પ્રમાણ વધ્યુ છે. પરંતુ તેમના રહેણાકના ઘરોમાં ખાસ ફેરફાર જોવા મળયો ન હતો.

૧૯૬૯ માં ખેડૂત કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ કુલ જમીન ૫.૯ એકર હતી. તે ઘટીને ૫.૬ એકર થઇ હતી.

કુટુંબદીઠ ઘરવખરીના સાધનો અને પશુધનની સંખ્યામાં વધારો થયો હતો. ૧૯૬૯ ની તપાસ વખતે, એલ્યુમિનિયમ, પિત્તળ, તાંબા, કાંસાના તેમજ માટીના વાસણો મળી કુટુંબદીઠ સરેરાશ સંખ્યા ૩૨ ની હતી જે વધીને ૧૯૭૯ માં ૪૪ ની થઇ હતી. પશુધનની સંખ્યા પણ ૯ થી વધીને ૧૨ ની થઇ હતી. (કુટુંબદીઠ)

૧૯૬૯ અને ૧૯૭૯ માં તપાસેલ નમૂનાના કુટુંબોમાં સ્થાવર મિલકતનુ પ્રમાણ વધવા પામ્યુ હતુ. ૧૯૬૯ માં કુટુંબદીઠ સરેરાશ મિલકત ૧૩૯૭૭.૧ રૂા. ની હતી. તે વધીને ૧૯૭૯ ના વર્ષમાં બે ગણી થઇ હતી. જેનુ પ્રમાણ ૨૮૫૮૮.૭ રૂા. થયુ હતુ. મિલકતોમાં વધારો થવા માટેનુ એક સાધન જોઇએ તો આ વિસ્તારમાં વધતી જતી આંબાની વાડીઓ અને કૂવાની સંખ્યામાં

થયેલા વધારા એ સ્થાવર મિલકતમાં વૃધ્ધિ કરી છે. બીજું કે રોકડ અસ્કયામત અને દાગીના (સોના/ચાંદી) ના કારણે પણ સ્થાવર મિલકત વધી હતી. આમ આ કુટુંબોની માંથાદીઠ અસ્કયામત જોઇએ તો ૧૯૬૯ માં ૧૭૫૫.૯ રૂા.ની હતી. જે વધીને ૧૯૭૯ માં ૩૪૦૫.૧ રૂા. ની થઇ હતી.

ઉપર પ્રમાણે મિલકતનું પ્રમાંણ જોયા પછી આવક જોઇએ તો તેમની કુટુંબદીઠ આવકમાં વધારો થયો હતો. ૧૯૬૯ માં કુટુંબદીઠ વાર્ષિક આવક ૧૮૬૦.૯ રૂા. હતી. જ્યારે માંથાદીઠ આવક ૨૩૪.૪ રૂા. ની હતી. તે વધીને ૧૯૭૯ માં કુટુંબદીઠ વાર્ષિક આવક ૫૮૫૦.૯ રૂા. થઇ હતી. જ્યારે માંથાદીઠ આવક ૬૯૬.૯ રૂા. થયું હતું. આમ આવકોમાં પણ એક દાંયકાંના સમયગાળાંમાં ત્રણ ગણો વધારો થયો હતો.

આવક વધવાની સાંથે કુટુંબદીઠ વપરાંશી ખર્ચ પણ વધ્યું હતું. વધુને વધુ રોકડમાં ખરીદી થતી હતી. ૧૯૬૯ માં કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ ૧૭૮૭.૨ રૂા. હતું. જે ૧૯૭૯ માં ત્રણ ગણું થયું હતું. તેમ વપરાશી ખર્ચનું પ્રમાણ ૫૩૦૯.૭ રૂા. થયું હતું. માંથાદીઠ વપરાશી ખર્ચમાં પણ ત્રણ ઘણો વધારો થયો હતો.

ધોડિયા સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધતાં બિનપછાંત સમાંજના સંપર્કમાં આવતાં તેમના સાંમાંજિક પ્રસંગોનું ખર્ચ વધવાં પાંમ્યુ છે. જ્યારે બીજીબાંજુ ખેતીમાં સુધારેલાં બિયારણો અને ખાતરોથી પણ ખેતીખર્ચમાં વધારો થયો છે. જેથી વધતાં જતાં ખર્ચને પહોંચી વળવા સહકારી મંડળીઓ, સગાવહાંલાં અને બેંકો પાંસેથી ધિરાણ મેળવી દેવું કરવાંની ફરજ પડે છે. આમ આ સમાંજમાં જોઇએ તો ધોડિયાઓના નમૂનાંના કુટુંબોમાંથી કુલ



૨૦ કુટુંબો દેવાદાર હતાં. દેવાદાર કુટુંબદીઠ દેવાંનું પ્રમાંણ ૩૫૬.૭ હતું. જેનું પ્રમાંણ વધીને ૧૯૭૯ માં દેવાંદાંર કુટુંબોની સંખ્યા ૨૯ ની થઇ હતી. અને દેવાંદાંર કુટુંબદીઠ દેવાંનું પ્રમાંણ વધીને ૨૦૪૪.૮ રૂા. થયું હતું.

આમ ઉપર મુજબ કેટલાંક મુદ્દાંઓ ઉપરાંત ૧૯૭૯ ની તપાંસ વખતે એક દાંયકાંમાં કરેલાં મૂડીરોકાંણ અંગેની માંહિતી મેળવવાંમાં આંવી હતી. ૧૯૭૯ ની તપાંસ વખતે કુલ કુટુંબોમાંથી ૧૭ કુટુંબોએ ખેતીમાં જમીન સુધાંરણાં અને પશુધનની ખરીદી પાંછળ રોકાંણ કર્યું હતું. આ મૂડીરોકાંણ કરનારાં કુટુંબોનું કુટુંબદીઠ મૂડીરોકાંણ ૫૦૭૬.૫ રૂા. નું હતું.

કોઠો - ૪:૧૫

તુલનાત્મક પરિસ્થિતિ કાંકડવેલ

| ક્રમ | વિગત | વર્ષ ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧. | કુલ કુટુંબ સંખ્યા | ૪૮ | ૪૮ |
| ૨. | કુલ વસતિ | ૩૮૧ | ૪૦૩ |
| ૩. | કુટુંબ કદ | ૮ | ૮.૩ |
| ૪. | કુલ કામ કરનારાં | ૨૩૮ | ૧૮૬ |
| ૫. | કુલ શિક્ષિત | ૨૨.૮ ટકા | ૪૫.૯ ટકા |
| ૬. | કુટુંબનો પ્રકાર | | |
| | સંયુકત | ૩૨ | ૨૯ |
| | વિભકત | ૧૬ | ૧૯ |
| ૭. | ઘરનો પ્રકાર | | |
| | કાચું | ૪૬ | ૪૫ |
| | પાકું | ૨ | ૩ |
| ૮. | કુટુંબદીઠ સરેરાંશ જમીન(એકરમાં) | ૫.૯ | ૫.૬ |
| ૯. | કુટુંબદીઠ ઘરવખરીનાં કુલ સાધનો | ૩૨ | ૪૪ |
| ૧૦. | કુટુંબદીઠ કુલ પશુધનની સંખ્યાં | ૯ | ૧૨ |
| ૧૧. | કુટુંબદીઠ મિલકત | ૧૩૯૩૭:૧ | ૨૮૫૮૮.૭ |
| ૧૨. | માથાદીઠ અસ્કયામત | ૧૭૫૫.૯ | ૩૪૦૫.૧ |
| ૧૩. | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૮૬૦.૯ | ૫૮૫૦.૯ |
| ૧૪. | માથાદીઠ વાર્ષિક આવક | ૨૩૪.૪ | ૬૯૬.૯ |
| ૧૫. | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૧૭૮૭:૨ | ૫૩૦૯.૭ |
| | માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૨૨૫.૨ | ૬૩૨.૪ |
| ૧૬. | દેવાદાર કુટુંબો | ૨૦ | ૨૯ |
| ૧૭. | દેવાદાર કુટુંબદીઠ દેવું | ૩૫૬:૭ | ૨૦૪૪.૮ |
| ૧૮. | દાયકામાં કરેલ મૂડી-રોકાણ કુટુંબદીઠ | -- | ૫૦૭૬.૫ |
| | કુટુંબ સંખ્યા | -- | ૧૭ |

# પ્રકરણ - ૫

## ધોડિયા જાતિના સામાજિક રીતરિવાજો અને સામાજિક સંગઠન

### સામાજિક રીતરિવાજ

#### રજસ્વલાં સ્ત્રી

રજસ્વલા સ્ત્રીને ધોડિયા જાતિમાં "ઉગળુ" કે "અડકાયલી" કહે છે. અડકાયલી હોય ત્યારે ચાર દિવસ સુધી ઘરનું કામ રાંધવું, પાણી ભરવુ કે ઝાંડુ વાળવુ તેમજ ઘરની અંદરના કામો કરી શકતી નથી. આ સમય દરમ્યાન ધાર્મિક વિધિ પણ કરી શકતી નથી. ચાર દિવસ બાદ નાહયાં પછી તે ઘરનાં દરેક કામ કરી શકે છે.

જયારે "અડકાયલી" બંધ થાય છે ત્યારે સ્ત્રીને ગર્ભ રહયો તેવુ માને છે. સ્ત્રીને ગર્ભ રહયો હોય તેની પુરૂષને ખબર પડતી નથી. પરંતુ સ્ત્રીને બીજા માસ દરમ્યાન નિશ્ચિત સમયે "અડકાયલી" માં ન બેસતા તે એકાદ બે દિવસ વધુ રાહ જુએ છે. અને છેવટે આ વાતની (મને ગર્ભ રહયો છે તેમ) જાણ પુરૂષને કરે છે, ત્યારે જ પુરૂષને ખબર પડે છે.

ગર્ભવતી સ્ત્રીને ધોડિયા જાતિમાં "ભારીપાગે" કે "બોકાંવાળી" કહે છે. ગર્ભ રહે ત્યારથી સુવાવડ સુધીનાં સમયમાં કોઇ ધાર્મિક સંસ્કાર-વિધિ કરવામાં આવતી નથી. જેમ હિન્દુ ધર્મમાં બિન પછાત જાતિમાં એટલે કે વાણીયાં, બ્રાહ્મણ, પટેલ વિગેરે સમાજમાં સ્ત્રીને ગર્ભ રહયા પછી સાતમા માસમાં સીમંત (ખોળો ભરાવવો) ની સંસ્કાર વિધિ કરવામાં

આવે છે. તેવી સંસ્કાર વિધિ આ જાતિમાં કરવામાં આવતી નથી. આ વિધિ મોટાભાગના ધોડિયા સમાજમાં કરવામાં આવતી નથી. આ વિધિ કરાવતા હોય તેવા વિસ્તાર જોઇએ તો ધરમપુર તાલુકામાં વસતા ધોડિયાઓ કે જેઓ આંજરપાડા, બાલચોંડી વિસ્તારમાં વસવાટ કરે છે તે અને કેટલાંક સંસ્કારી કુટુંબોના સંપર્કમાં વધુ હોય તેવા માણસો દેખાદેખીની અસરથી કરાવે છે. પરંતુ ચીખલી તાલુકાના ગામોમાં આ વિધિ ભાગ્યે જ બે ટકા કુટુંબો કરાવતા હશે.

પ્રથમ સુવાવડ પતિના ઘેર જ કરાવવામાં આવે છે તેના પિતાને ત્યાં નહી. અન્ય હિંદુ સમાજથી આ રિવાજ તદ્દન જુદો જ લાગે છે. ધોડિયા જાતિમાં છોકરીના જન્મ કરતાં છોકરાંના જન્મનાં પ્રસંગને વધુ મહત્વનો ગણે છે. કારણ કે છોકરી તો લગ્ન કરીને બીજે ઘેર જવાની હોય છે. જ્યારે છોકરાંના જન્મને સારો પ્રસંગ ગણે છે.

### પ્રસુતિ

ધોડિયા સમાજમાં પ્રસુતિ સમયે પોતાની જાતિની જ "દાયણ" બાઇને બોલાવે છે. દાયણ તાલીમ પામેલી અને જાણકાર હોય છે. જ્યારે સ્ત્રીને વેદના (પ્રસુતિની) થાય છે ત્યારે દાયણને બોલાવવામાં આવે છે. પ્રસુતિ પછી સુવાવડી બાઇ (સ્ત્રી) નો ખાટલો એક બાજુએ રાખવામાં આવે છે. ઘરો નાનાં અને બે કે ત્રણ ખંડ વાળાં હોવાથી "સ્ત્રી"(સુવાવડી) ના ખાટલાની ફરતે આડ ઉભી કરી રાખે છે. સુવાવડ સમયે પુરૂષો હાજર રહેતાં નથી. દાયણ પ્રસુતિ કરાવે છે. સ્ત્રીને પ્રસુતિ વેળાએ વધુ વેદના થતી હોય અથવા દાયણ પ્રસુતિ



કરાવવા અશક્યમાન બને ત્યારે જ નર્સ અથવા ડોકટરને બોલાવવામાં આવે છે. પ્રસુતિ બાદ બાળકનો જન્મ થયા પછી કોઇ જાતની ધાર્મિક સંસ્કાર વિધિ કરાવતા નથી. પરંતુ બાળકને જન્મ આપવામાં સ્ત્રીને કષ્ટ પડે અથવા વધુ સમય લાગે તો દેવની માનતા માને છે. જે બાળકના જન્મ પછી તુરત કરી નાખે છે. સુવાવડમાં સ્ત્રીને ખોરાકમાં ભાત અને નાગલીનો રોટલો તેમજ ભેડકું ( જે ચોખામાંથી પ્રવાહી જેવુ બનાવી) આપવામાં આવે છે બાળકના જન્મ બાદ કષ્ટ ઓછું લાગે તે માટે દવા તરીકે સ્ત્રીને દારૂ પણ આપવામાં આવે છે. પ્રસુતિ વખતે દાયણ બે દિવસ સુધી આવે છે. છોકરાનો જન્મ થયો હોય તો ૫ રૂા., ૫ શેર ચોખા આપે છે અને બે દિવસ સુધી જમવાનું પણ આપે છે. જ્યારે છોકરીનો જન્મ થયો હોય તો દાયણને ૩ રૂા. આપવામાં આવે છે. અહીં સ્પષ્ટ જણાઇ આવે છે કે આ સમાજમાં છોકરાંના જન્મને વધુ આવકાર દાયક ગણે છે. પ્રસુતિના દિવસે સ્ત્રીની જે વળ અને નાળ પડે તેને દાયણ દાટે છે. જે ઘરની કોઢમાં (ઢોર બાંધવાની કોઢ) એક ખૂણામાં ખાડો ખોદી દાટવામાં આવે છે. જ્યારે બાળકની નાળ જુવારના સાંઠાની ચીપથી કાપવામાં આવે છે અને તેને ઉકરડામાં ખાડો કરી દાટી દેવામાં આવે છે.

### પાંચોરાની વિધિ

બાળકના જન્મ બાદ પાંચમા દિવસે દાયણ આવે છે, તેમજ કુટુંબની સ્ત્રી અને બાળકોને બોલાવવામાં આવે છે. દાયણ આ વિધિ કરે છે. તે દિવસે કાગડા, કૂતરાને રોટલો પણ નાખે છે. દાયણે જ્યાં સ્ત્રીની "વળ" અને બાળકની "નાળ" દાટી હોય ત્યાં કંકુ અને સિંદુર લઇ ચાલ્લા કરે છે, દારૂની ધાર પણ કરે

છે, અને ચારે બાજુ ચા રેડે છે. બાળક અને સ્ત્રીને નવડાવે છે, ત્યારબાદ એક નવા કપડાની ચોળી બનાવી બાળકને તેમાં સુવાડે છે. આવેલી સ્ત્રીઓ અને બાળકોને સાદું ખાણું ખવડાવવામાં આવે છે. દાયણને પણ ખવડાવી તેને ઘેર લઇ જવા રોટલા પણ આપવામાં આવે છે.

બાળકને સુવાડવા કેટલીક જગ્યાએ ઘોડિયાનો ઉપયોગ કરતા નથી. પરંતુ સામ-સામે લાકડાના બે થાંભલા હોય ત્યાં દોરી બાંધી વચ્ચે કપડું મૂકી તેને સુવાડવામાં આવે છે.

બાળક એક માસનું થાય ત્યારે જો બાધા રાખેલ હોય તો તેના વાળ ઉતરાવવાની વિધિ કરે છે. હજામને બોલાવી વાળ ઉતારાવે છે. આ દિવસે દિવો, અગરબત્તી કરે છે. હજામને સવા રૂપિયો અને નાળિયેર આપવામાં આવે છે.

આ સિવાય આ સમાજમાં વર્તમાનમાં નામકરણ વિધિ કરાવતા થયા છે. બ્રાહ્મણ પાસે વિધિ કરાવી જન્મના દિવસ અને તિથિને ધ્યાનમાં રાખી બ્રાહ્મણ પાસે નામ પડાવે છે. આ ભણેલા વર્ગમાં વધુ જોવા મળે છે. જ્યારે અભણ હોય તો તે અઠવાડિયાના વારના નામ ઉપરથી પણ નામ રાખે છે.

આ સિવાય બાળક મોટું થઇ લગ્નની ઉંમર સુધીમાં બીજી કોઇ વિધિ કરાવવામાં આવતી નથી. બાળકને પહેલા એટલે કે ૧૨ થી ૧૫ વર્ષ પહેલા પાંચથી સાત વર્ષની ઉંમર થાય એટલે ઢોર ચરાવવા કે અન્ય તેને લાયક કામ સોંપવામાં આવતું અને મોટાભાગે આ ખાસ જોવા મળતું હતું. પરંતુ વર્તમાનમાં આ સમાજમાં છેલ્લા દસ વર્ષમાં શિક્ષણનું પ્રમાણ વધતા શિક્ષણની મહત્તા સમજતા થયા છે. ત્યારથી લગભગ છેલ્લા દાયકાથી



આ જાતિના બાળકોને શિક્ષણ લેવા માટે મોટાભાગના કુટુંબો બાળકને નિશાળે મોકલે છે અને ભણાવે છે. અત્યારે શિક્ષણનો પ્રચાર અને સરકારશ્રી તરફથી મળતી સગવડોને લીધે વધુને વધુ બાળકોને નિશાળે મોકલવાનો આગ્રહ રાખે છે. જે ક્ષેત્રકાર્ય દરમિયાન અનુભવ્યુ હતું.

લગ્ન
---

બાળકની ઉંમર લગભગ ૧૭ વર્ષથી ઉપરની થાય ત્યારે છોકરાના મા-બાપ તેના લગ્નની તૈયારીઓ, લગ્ન માટે કન્યાની ભાળમાં કરે છે. પહેલા ૧૫ વર્ષનો છોકરો થાય એટલે લગ્ન થઇ જતા. પરંતુ હાલમાં મેળા, હાટ અથવા અન્ય પ્રસંગોમાં છોકરા-છોકરીઓ એક બીજાના સંપર્કમાં આવતા હોવાથી એક બીજાની નજરે જોયા પછી પસંદગી કરે છે.

ઘોડિયા સમાજમાં લગ્ન સમયની વયમર્યાદા શિક્ષિત હોય તો ૧૭ થી ૨૨ વર્ષ અને અભણ હોય તો ૧૫ વર્ષ પછી લગ્ન કરી નાખે છે. લગ્ન ખાસ કરીને "એક સાથી" થાય છે. એટલે એક પુરૂષ અને એક સ્ત્રી તે સિવાય ખૂબજ ઓછા પ્રમાણમાં બહુ પત્નિત્વ જોવા મળે છે. આનુ કારણ શિક્ષણનો પ્રચાર અને અન્ય સમાજો સાથે વધુ સંપર્કમાં આવવાથી તેમજ આર્થિક સ્થિતિ સારી હોવાને લીધે એક સાથી લગ્નો વધુ જોવા મળે છે. પરંતુ કદાચ એક સ્ત્રીને બાળક ન થાય તો બીજી પત્નની લાવે છે.

લગ્ન મોટેભાગે સ્વપસંદગીના થતા જોવા મળે છે. આ ઉપરાંત માતા-પિતા દ્વારા ગોઠવાયેલા લગ્નો કે જેમાં છોકરા પક્ષના છોકરી જોયા પછી પોતાના બાળકને છોકરી

વતાવવામાં આવે છે અને છોકરાની ઇચ્છા મુજબ લગ્ન થાય છે. આ ઉપરાંત પ્રેમ લગ્ન પણ થાય છે. પરંતુ હાલની પરિસ્થિતિમાં જોઇએ તો મોટભાગે સ્વપસંદગીનાં જ લગ્ન થતા જોવા મળે છે. તેનું મુખ્ય કારણ શિક્ષણ છે અને શિક્ષણ દ્વારા આ સમાજમાં ઘણું પરિવર્તન આવેલુ જોવા મળે છે. પ્રેમ લગ્ન એ આ જાતિમાં જૂજ ઓછા પ્રમાણમાં થાય છે. આ સિવાય આ જાતિમાં "ઘરજમાઇ" ની પણ પ્રથા જોવા મળી છે કે જ્યાં ઘરમાં છોકરો ન હોય અને માત્ર છોકરીઓ જ હોય તો ઘરજમાઇ તરીકે લાવીને રાખે છે, આ ઉપરાંત ઘરની આર્થિક સ્થિતિ સારી હોય, જમીનનું પ્રમાણ વધુ હોય અને એક છોકરો હોવા છતાં પણ કેટલીકવાર ઘરજમાઇને લાવીને રાખે છે. આ સિવાય પુનઃલગ્ન પણ થાય છે. જેમાં છૂટાછેડા લીધેલ સ્ત્રી-પુરૂષોનાં અને વિધુર-વિધવાના.

લગ્નની પસંદગી કરતાં પહેલાં છોકરા/છોકરી માટે, છોકરા માટે છોકરીની પસંદગીમાં દેખાવ, કામની આવડત અને સ્વભાવ તેમજ શિક્ષિત કુટુંબમાં તેનું શિક્ષણ કેટલુ છે તે જોવામાં આવે છે, જ્યારે છોકરી માટે - છોકરાની પસંદગીમાં છોકરાનુ ઘર, જમીન, આર્થિક સ્થિતિ અને છોકરી ભણેલી હોય તો છોકરો પણ ભણેલો શોધે છે. અહીં પણ છોકરા-છોકરીની પસંદગીને વધુ ધ્યાનમાં લેવાય છે. વર્તમાનમાં શિક્ષિત કુટુંબોમાં શિક્ષણ પામેલાની વધુ માંગ કરે છે.

## સગાઇ

ધોડિયા સમાજમાં લગ્ન માટે સગાઇ નક્કી કરવામાં "વહટાળિયો" અગત્યનો ભાગ ભજવે છે. આ વહટાળિયો બંને કુટુંબોમાં છોકરા-છોકરીની, ઘરની અને બાહ્યસંબંધો તેમજ



વ્યવહારિક વાતચીત કરી લે છે. પ્રથમ ઘર જોવા માટે છોકરીવાળા - છોકરાવાળાને ત્યાં જાય, ત્યાર પછી છોકરો છોકરી જોવા માટે આવે છે અને એક બીજાની પસંદગી થાય તો હા પાડે છે. ચ્હા, પાણી કરે છે. ત્યારબાદ ચાંલ્લો ક્યારે કરવા જવુ તે નક્કી કરવામાં આવે છે. દહેજ લેવાનુ હોય તો તે પણ નક્કી કરવામાં આવે છે. વર્તમાનમાં મોટાભાગના કુટુંબો દહેજ વગર પણ લગ્ન કરે છે. પહેલાં ચાંલ્લો કર્યા બાદ તરત લગ્નની ગોઠવણી કરી દેતા, પરંતુ આજે ચાંલ્લો ગમે તે સમયે કરે છે પરંતુ લગ્નો હોળી પછી જ કરવામાં આવે છે. ચાંલ્લામાં પ્રથમ છોકરીવાળા ચાંલ્લો કરવા જાય છે.

## ચાંલ્લાની વિધિ

ચાંલ્લો કરવા જવાનો દિવસ નક્કી કર્યા પછી પોતાના નજીકના સગા-સંબંધીઓને કહેવામાં આવે છે. ચાંલ્લાનો સમય બપોરના સમયે રાખે છે. આ નક્કી કરેલા દિવસે છોકરીવાળા પ્રથમ છોકરાવાળાને ઘેર છોકરીવાળા પોતાના સંબંધીઓને લઇને જાય છે. વેવાઇને ઘેર જાય એટલે છોકરાપક્ષવાળા આવેલ મહેમાનોને આવકાર આપે છે. તેમને માટે બહાર ખાટલા પાથરેલ હોય તેના પર બેસાડે છે. આવેલા મહેમાનો માટે બહાર હાથ-પગ ધોવા માટેની પણ વ્યવસ્થા કરે છે. ગામમાંથી આવેલી સ્ત્રીઓ ઘરની ઓસરીમાં બેસે છે અને ગીતો ગાય છે. આવેલા મહેમાનોને બીડી તમાકુ-પાન વગેરે આપવામાં આવે છે. બંને પક્ષના મળીને વાતચીત કરે છે. જેનો ચાંલ્લો થવાનો હોય તે આવેલ મહેમાનોને પાણી પીવડાવે છે. જેથી બધા તેને (છોકરાને) જોઇ શકે. ઘરમાં ચાંલ્લા માટેની તૈયારી કરવામાં આવે છે. ચાંલ્લાની વિધિમાં

બ્રાંહ્મણને બોલાવવામાં આવતો નથી પરંતુ પોતાની જાતિનો જ અનુભવી માણસ કરાવે છે. ઘરના બારણામાં ઉખળ પાસે બે પાટલા મૂકી ઉખલ આગળ સિંદુર, કંકુ, અબીલ, ગુલાલથી સાંથીઓ કાઢી ચોરસ બનાવે છે. પછી ઘીનો દિવો કરી અગરબત્તી સળગાવે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. છોકરાંને એક પાટલાપર બેસાડવામાં આવે છે. બાજુમાં નાના છોકરાંને પણ બેસાડે છે. પછી છોકરીનો પિતા - છોકરાંના હાથમાં (જેને ચાંલ્લો કરવાનો છે તે છોકરાંના) નાળિયેર, સવા રૂપિયો અને સાંકર આપી ફૂલહાર પહેરાવે છે, બાજુમાં બેસાડેલ નાના છોકરાંને પણ ચાંલ્લો કરી ચાર-આઠ આના હાથમાં આપે છે. ત્યારબાદ છોકરાંને ચોખાથી વધાવે છે. ત્યાર બાદ ચાંલ્લાની વિધિ પૂરી થઇ ગણાય. પછી આવેલ મહેમાનોને ચ્હા-પાણી કરાવે છે. ખવડાવે છે. ત્યારબાદ થોડો સમય બેસી ગાલ્લીઓ લઇ પાછા પોતાને ઘેર આવે છે. ત્યારબાદ થોડા દિવસો પછી છોકરા પક્ષવાળા છોકરીને ઘેર - છોકરીને ચાંલ્લો કરવા "દહેજ આપવા" નક્કી કરેલા દિવસે જાય છે. આ વખતે છોકરીની (કન્યાની) માં કે ભાભી થાળીમાં દીવો, કંકુ, ચોખા લઇને આવે છે. અને દહેજને ચાંલ્લા કરી વધાવી લે છે. આ વિધિ અહીં પણ છોકરાંને ત્યાં જે રીતે કરાય છે તેવી રીતે કરવામાં આવે છે. દહેજમાં અત્યારે ૬૦ રૂા. થી ૨૦૦ રૂપિયા સુધી આપવામાં આવે છે. આ દહેજમાં અપાતી રકમ જ્યારે કન્યાપક્ષથી તેની માં-કે ભાભી થાળી લઇને આવે છે ત્યારે થાળીમાં મૂકવામાં આવે છે અને આ રકમ થાળીમાં મૂકતી વખતે વરપક્ષવાળા - વરના પિતા એમ કહે છે કે "આજથી પૈસા તમારા અને કન્યા અમારી" આ પછી કન્યાપક્ષવાળા પણ કહે છે કે છોકરી તમારી પરંતુ તેને જીંદગી ભર પોષવી પડશે એવું વચન માંગે છે. વરપક્ષ આનો સ્વીકાર કરે છે. અત્યારે ભણેલી



છોકરીઓનો આંકડો ૨૦૦ થી ૫૦૦ રૂા. સુધીનો પણ કેટલાક કુટુંબો લે છે. વર્તમાનમાં જૂની પુરાણી રીતી-રિવાજો પ્રત્યે શિક્ષણ પામેલ વર્ગ ઉપેક્ષા સેવે છે. અને પોતાની વંશ-પરંપરાગત ચાલી આવેલી પ્રણાલીને છોડી બ્રાંહ્મણને બોલાવી, બ્રાંહ્મણ પાસે હિન્દુ વિધિ પ્રમાણે લગ્ન કરાવવામાં માને છે. આ બાબત આર્થિક પરિસ્થિતિ પર ખાસ આધાર રાખે છે. પ્રથમ તેમનામાં નાયક કોમનો ભગત વિધિ કરાવવા આવતો, પરંતુ વર્તમાનમાં બંને રીતે લગ્ન થાય છે. જો કે બ્રાંહ્મણ વિધિ કરવા આવે છે છતાં તેમની કેટલીક પરંપરાગત વિધિઓ તેઓ જાતે જ કરી લે છે. શિક્ષિત વર્ગ અત્યારે લગ્નનું મુહુર્ત જોવડાવીને મુરત પ્રમાણે લગ્નનો દિવસ નક્કી કરે છે. અને હોળી પછી જ લગ્નો ગોઠવાય છે.

પીઠી ચોળવી
----------

વરપક્ષવાળા માણસો વરને પીઠી ચઢાવ્યા બાદ કંકુને તેલમાં પલાળી એક કોરા કાગળ ઉપર ઉભી લાઇનમાં ચાર ચાંદલા કરે છે. તે ખાંડણીયાવાળી જગ્યાની ભીંત પર ચોંટાડે છે તેને "લગ્ન કાઢ્યા" તેમ કહેવામાં આવે છે. ત્યારબાદ તે બીજા કાગળ ઉપર કંકુના બે કે ચાર ચાંદલા કરી કન્યા પક્ષવાળાને ત્યાં વરપક્ષના માણસો લઇને જાય છે અને ત્યાં ખાંડણીયાની ભીંત પર ચોંટાડે છે. આ કાગળ ચોંટાડીને વરપક્ષના માણસો ઘરમાંથી નીકળવા જાય ત્યાં તે પહેલાં કન્યાપક્ષની સ્ત્રીઓ બારણું બંધ કરી દે છે અથવા બારણામાં આડી ઉભી રહે છે. જ્યારે વરપક્ષવાળા આ સ્ત્રીઓને સવા રૂપિયો આપે ત્યારે બહાર નીકળવા દે છે. આમ કાગળ ઉપર જેટલા ચાંલ્લા હોય તેટલા દિવસ અગાઉ પીઠી ચોળવાની હોય છે. આવી જ પ્રથા

આપણને પંચમહાલના ભીલોમાં જોવા મળે છે. જેઓ કાગળ ઉપર ચાંદલા ન કરતાં હળદરના ગાંઠીયા બનાવી મોકલે છે. જેટલાં ગાંઠીયા મોકલાવ્યા હોય તેટલા દિવસ અગાઉ પીઠી ચોળે છે.

વરપક્ષના માણસોની હાજરીમાં જ કન્યાને નવડાવી ધોયેલાં કપડાં પહેરાવી પીઠી લગાવે છે. આ વખતે દીવો કરી, ફૂલહાર પહેરાવી પીઠી ચઢાવનાર કન્યાને પૂર્વ દિશા તરફ લઇ જાય છે અને ત્યાં હાથમાં રાખેલાં ચોખા અને કોપરૂં થાળીમાં લઇ લે છે. દિવસમાં બે વખત પીઠી ચઢાવે છે. પીઠી ચઢાવતી વખતે પહેલાં આખા શરીરે તેલ લગાવ્યા પછી હળદર લગાવે છે. પીઠી ચઢાવવાના સમયે વિધવા સ્ત્રીની હાજરીને અપશુકનિયાળ લેખે છે. આથી પ્રથમ દિવસે વિધવાને આવવા દેતા નથી.

સગાંસંબંધીઓને તેડાવવા માટે ઘરની સ્ત્રી સગાંઓમાં, ગામમાં, કુટુંબીજનોમાં જઇ કંકોત્રી મૂકી આવે છે. આ આમંત્રણ વખતે ચોખા-હળદરવાળા કરી રંગી નાખે છે અને એ ચોખા દરેકના ઘેર જ્યાં આમંત્રણ આપવાનું હોય ત્યાં મૂકે છે. વર્તમાનમાં ઘણાં શિક્ષણ પામેલાઓ કંકોત્રીઓ છપાવીને આમંત્રણ મોકલે છે.

## મંડપ રોપવો

પીઠી ચઢાવ્યા બાદ જાન આવવાની હોય તેના આગલા દિવસે માંડવો રોપવામાં આવે છે. આ સમયે સગા-સંબંધીઓ અને ગામમાંથી સ્ત્રી પુરૂષો આવે છે. પ્રથમ ઘરના મોભની પૂજા કરવામાં આવે છે તેમાં એક સાંબેલા પર સિંદુર, કંકુ, ચોખા અને તેલ સાથે તાંબાનો પૈસો રાખી સાંબેલાથી તે પૈસો અને સિંદુર, ચોખા મોભને ચોંટાડવામાં આવે છે. આ પૈસો ચોંટે ત્યાં સુધી



આ વિધિ ચાલે છે. આમ ઘરની વિધિ કરે છે.

ત્યારબાદ મંડપ બનાવવા માટે કાકડાના ઝાડની થાંભલી લાવે છે, અને પૂર્વ દિશામાં મુહુર્તની થાંભલી માટે ખાડો ખોદવામાં આવે છે. સ્ત્રીઓ થાંભલાની પૂજા કરે છે. કંકુ, ચોખા વડે તેને ચાંલ્લા કરી વધાવે છે. ત્યારબાદ થાંભલી કંકુના ચાંલ્લા કરી આંબાના ચાર પાન અને સમડીના ઝાડની ડાળખી બાંધી, જે ખાડામાં થાંભલી રોપવાની હોય તે ખાડાની પૂજા-વિધિ કરી, ખાડામાં કંકુના છાંટા નાખી ચોખા હાથમાં લઇ પગે લાગે છે. ત્યારબાદ દહીં પણ ખાડામાં નાખે છે. થાંભલીને બે કુંવારા, અને બે પરણિત પુરૂષો પકડી ખાડામાં મૂકે છે અને થાંભલીને રોપવામાં આવે છે. ત્યારબાદ બીજી ત્રણ એમ કુલ ચાર થાંભલી રોપી, ચાર વળી આડી બાંધવામાં આવે છે અને એક વચ્ચે મૂકી કુલ નવ થાંભલી ઉપર આખો મંડપ તૈયાર કરે છે. માંડવા ઉપર ડાંગરની પુળીઓ, જાંબુડાના પાન અને ડાળાં નાખવામાં આવે છે. માંડવાની નીચે કચરો પડે તે જે પુરૂષો સાફ કરે છે તેને ઘરમાલિક સવા રૂપિયો આપે છે.

તોરણ તૈયાર કરવા ગામના કોલચા કે હરિજનને કહેવામાં આવે છે. તે આખું તોરણ આંબાના કે આશોપાલવના પાનનું તૈયાર કરી લાવે છે તેને બદલામાં અનાજ અને સવા, સવા બે રૂપિયા અથવા અનાજ આપે છે. આ તોરણ સાંજે માંડવામાં બાંધવામાં આવે છે.

જૂની રીત પણ કેટલાક કરે છે જે બે દાયકા પહેલાં કરવામાં આવતી હતી. આ રીતમાં મંડપ રોપવાના દિવસે ગામના લોકો ભેગા થઇ કન્યા અથવા વરને ઘેર આવે છે. અને

મંડપ બનાવવાની તૈયારી કરે, એક માણસ ગાલ્લીમાં ચાર થાંભલી મૂકી મંડપ સુધી લાવે, આ વખતે સ્ત્રીઓ ગીત ગાય, અને ત્યાં છાણના ચાર ગોળા બનાવી થાળીમાં મૂકી, થાળીમાં ઘીનો દીવો, કંકુ, ચોખા લઇ ગાલ્લી હાંકનારને ચાંલ્લા કરે અને ગાલ્લીની પૂજા કરી, તેની પ્રદક્ષિણા કરી ચાંલ્લો કરે. ચાંલ્લો કરનાર સ્ત્રી "વેવાણ" કહેવાય છે. ત્યાર પછી ગાલ્લી-માંથી થાંભલીને છોડી સાત માણસો મંડપની થાંભલી રોપવાના ખાડા સુધી પકડીને થાંભલી લઇ જાય છે. ખાડાની અંદર, દૂધ, ધરો અને કંકુના છાંટા નાખી પૂજા કરે છે. ત્યારપછી થાંભલી રોપવામાં આવે છે. ત્યારપછી વાલના દાણાને રાંધી ચા અથવા રોટલા સાથે નાસ્તો કરે છે.

### મોસાળુ

મોસાળુ એ છોકરા/છોકરીના મામા-કોઇ લાવે છે. નક્કી કર્યા પ્રમાણે કપડાં ચંપલ લાવે છે. સારી સ્થિતિવાળા લગ્નનો કેટલોક ખર્ચ પણ આપતા હોય છે. મોસાળમાંથી આવેલી સ્ત્રીઓ આ વિધિ (મોસાળમાંથી લાવેલી વસ્તુઓ વર/કન્યાને આપીને) પૂરી થયા પછી ઘરમાં પ્રવેશ કરે છે.

### ધાણું ભરવાની વિધિ

મંડપની વિધિ પૂરી થયા બાદ આ વિધિ કરવામાં આવે છે. સ્ત્રીઓ ખાંડણીયામાં સવા મણ કે અડધો મણ ડાંગર મૂકે છે. અને સાંબેલા મૂકયા બાદ બરૂના તીર બનાવી મૂકે છે. આને બે પરણેલી અને બે કુંવારી છોકરીઓ પકડે છે. પછી વેવાણ સાંબેલાને, તીરને ચાંલ્લા કરી, આંબાના પાન બાંધે છે. ત્યાર બાદ ચારે



સ્ત્રી ફરે છે અને ગીત ગાય છે. બે સ્ત્રીઓએ જેણે સામેલુ પકડયુ હોય તે સ્ત્રીઓ આ ડાંગરને ખાંડણીયામાં નાખી પાંચ ટચકા મારીને -બે સ્ત્રીઓની પાસે ભાત ખાંડાવે છે. તેના ચોખા કાઢી, અડધા ચોખાનો લોટ બનાવી મૂકી રાખે છે. જેના ઉંડા બનાવવાના હોય છે. ( પરણયા બાદ ઉંડા બનાવે છે.) ધાણ ભરાઇ રહયા પછી કન્યા કે વરને પીઠી ચડાવે છે તે સમયે વેવાણ આંબાના પાન સાથે બરૂના તીર લઇને, હળદળને તેલથી પલાળી વર કે કન્યાને શરીરે લગાડે છે. ત્યાર બાદ પીઠી ચોળાય છે તે વખતે કન્યા કે વરના બનેવી ઉભા રહે છે. પછી વર કે કન્યાને મંડપની પૂર્વ દિશા તરફ લઇ જવામાં આવે છે. ત્યાં કન્યા કે વરના કપડાં સાથે બનેવીના કપડાથી છેડા બાંધવામાં આવે છે. ત્યાર બાદ સાંબેલાને સ્પર્શ કરવામાં આવે છે. બંનેને ચાંલ્લા કરવામાં આવે છે. વેવાણ રવૈયો (છાછ વલોવા માટે વપરાય છે તેવો પરંતુ નાની સાઇઝનો નમૂનો) લાવી સ્પર્શ કરાવે છે. પગ આગળ કુસકી વેરે છે અને ચારે દિશાએ જુવારના કણસલાના ડુંડા નાખે છે. પગ આગળ પાણી રેડે છે પછી બંનેના છેડા છૂટા કરે છે.

અત્યારે કેટલાક ધોડિયાઓ બ્રાહ્મણ પાસે વિધિ કરાવે છે. સાંજના ગૃહ શાન્તિ કરે છે અને બીજી બધી વિધિ હિંદુ લગ્નમાં કરે તેવી વિધિઓ બ્રાહ્મણ મંત્રો બોલીને કરે છે. અને ગણેશનું સ્થાપન કરી પૂજન કરાવે છે.

### જાન

(પરંપરાગત રીતે લગ્ન કરવાના હોય તો જાન છોકરીના છોકરાને ઘેર જાય છે. પરંતુ હાલમાં છોકરાની જાન જાય છે.)

પરંપરાગત રીતે ચાલતી પ્રથાં પ્રમાંણે જોઇએ તો પહેલાં કન્યાંની જાંન જતી હતી. કન્યાંની જાંન ઘેરથી નીકળે ત્યાંરે કન્યાંને પૂર્વ દિશાં તરફ ઉભી રાંખી ચાંલ્લો કરી, કુટુંબીઓ અને સગાંવહાલાં તેને ભેટતાં હતાં. ત્યાંરે કન્યાંની આંખમાંથી આંસુ આંવી જતાં, ને જોર-શોરથી પણ રડવાં લાંગતી, સાંથે કુટુંબીઓની આંખમાંથી પણ આંસુ સરી જતાં હતાં. ભેટનાંર સંબંધીઓ કન્યાંને યથાંશક્તિ પૈસાં આપતાં. ત્યાંરબાંદ કન્યાંને મંડપની બહાર લઇ જઇ શણગારેલી ગાંલ્લી (માંસ) માં બેસાંડતાં, ગાંલ્લીએ જોડવાંનાં બળદને ચાંલ્લો કરી ગોંળ ખવડાંવી ગાંલ્લીએ જોડતાં, ગાંલ્લી સાંથે ગાંમની બીજી કેટલીક ગાંલ્લીઓ લઇ જતાં હતા. કન્યાંની ગાંલ્લીને વચ્ચે રાંખવાંમાં આવતી. સાંથે તુરવાંળાં અને વાંજીત્રોવાંળાં પણ જતાં હતાં. જાંન જતી હોય અને રસ્તાંમાં કોઇ દેવનું સ્થાંનક આંવે તો ગાંલ્લીને રસ્તાંમાં ઉભી રાંખતાં, કન્યાં હાંથમાં ચોખાં લઇ દેવને પગે લાંગતી. સાંમે પાંણીનું બેડું ભરી લઇને કોઇ સ્ત્રી મળે તો તેમાં (બેડાંમાં) પૈસાં નાંખી પાંણીનું બેડું આંગળ રેડી દેવાંમાં આવતું હતું.

કન્યાંની જાન સાસરાંનાં સીમાંડે પહોંચે ત્યાંરે વરપક્ષની સ્ત્રીઓ અને પુરૂષો મળવાં આંવતાં. સ્ત્રીઓ પાંણી ભરેલું વાંસણ, માંથાં પર મૂકી તેના પર નાંળિયેર અને નાંળિયેર પર કાંપડનો કકડો ઢાંકી ગીતો ગાંતી ગાંતી સાંમે આંવતી. સાંસરાંમાં જઇ કન્યાંને વરની સાંથે બેસાંડવાંમાં આંવતી, પછી મંડપમાં આંવી વિધિ કરી, ..કન્યાને બીજા કોઇનાં ઘેર અથવાં ગાંમને ઝાંપે ઝાંડ નીચે ઉતાંરો આંપવાંમાં આંવતો, (બ્રાંહ્મણ વિધિ કરવાંનો હોય તો જાંન બીજાં ઘેર ઉતાંરતાં અને વરઘોડો કાંઢી માંડવાંમાં લઇ જતાં.



આં સમય દરમ્યાંન કન્યાંને ઘરમાં લઇ જઇ ઘરની વ્યવસ્થાં બતાંવવાંમાં આંવતી અને રીત રિવાંજોનો ખ્યાંલ આંપવાંમાં આંવતો. પહેલાં આં સમયે વર કન્યાંને પીઠી લગાંડવાંમાં આંવતી પરંતુ આં રિવાંજ કાંઢી નાંખવાંમાં આંવ્યો છે.

ઉતાંરાથી કન્યાને લગ્નનાં મંડપમાં લાંવી ત્યાં વરકન્યાંને ઉભાં રાંખી ચાંલ્લાં કરવામાં આંવતાં, વરને ધોતી આંપવાંમાં આંવતી. અને આં ધોતી કન્યાંની માં આંપતી જેને "ખાંનકી" નાંખી તેમ કહેવાંમાં આંવતું. ત્યાં આંગળ કન્યાંને થાંળી પકડાંવી સવાં બે રૂપિયાં આપવાંમાં આંવતાં તેને "ભાંણે વાંળેલાં" એમ કહેતાં. પછી મંડપનાં દરવાંજે વરને બેસાંડી વરનાં પગ કન્યાં પાંસે દૂધ અને પાંણીના મિશ્રણથી ધોવડાંવવાંમાં આંવતાં. કન્યાંનાં માંમાં કે બનેવીનાં પગ પણ વરપક્ષની એક સ્ત્રી પાંસે ધોવડાંવવાંમાં આંવતાં, વરપક્ષની રીત કરવાંવાંળી વેવાંણનાં પગ કન્યાંપક્ષની એક સ્ત્રી પાંસે ધોવડાંવવાંમાં આંવતાં હતાં.

આંમ આં વિધિ પૂરી થયાં પછી જયાંરે પુરૂષો જમવાં જાંય ત્યાંરે કન્યાં પાંસે કન્યાંને કોઢમાં (ઢોર બાંધવાંની) લઇ જઇ છાંણમાં ચોખાં, પૈસાં, કોપરૂ મૂકીને ચાંર વાંર સાંવરણીથી વળાંવવાંમાં આંવતું. ત્યાંરબાંદ તે પૈસાં કન્યાં લઇ લેતી પછી ઘરમાં જઇ ચૂલાંની ફરતે આંટાં ફેરવવાંમાં આંવતાં. આં આંટાં (ફેરાં) ફેરવનાંરી બહેન દરેક ફેરે કન્યાંને પૂછતી કે પાંણી ગરમ છે કે ઠંડું, પરંતુ આં સમયે કન્યાં મૌન રહેતી. ચોથાં ફેરે વાંસણ-માંથી પૈસાં કન્યાં કાંઢી લેતી. પછી કન્યાંને ઘરની મુખ્ય થાંભલી આંગળ બેસાંડવાંમાં આંવતી. એક બાંજુ જમણવાંર ચાંલુ રહેતું. જમણ પછી કન્યાંનું માંથું ઓંળવાંમાં આંવતું. વાંળ ઓંળતાં છૂટાં વાંળની કાંળજી રખાંતી, કેમ કે આં વાંળને વરપક્ષવાંળાં લેવાં

પ્રયત્ન કરે અને હાથમાં વાળ આવી જાય તો એમ માનતાં કે છોકરીનુ (કન્યાનુ) ભાવિ જીવન સુખરૂપ પસાર ન થાય. ચોટલો ગૂંથતા કન્યાના વાળ કન્યાની બહેન પકડી લે છે અને તે ચોટલો ગૂંથવા દેતી નથી. પરંતુ જ્યારે તેને સવા રૂપિયો કે દોઢ રૂપિયો આપવામાં આવે ત્યારે ચોટલો ગૂંથવા દેતી. ત્યાર બાદ માથામાં સિંદુર ભરવામાં આવતું. પછી કન્યાને વરપક્ષ તરફથી આપવામાં આવેલ કપડાં પહેરાવીને મંડપમાં પૂર્વ દિશા તરફ મો રાખીને બેસાડવામાં આવતી.

આમ જૂની રીત પ્રમાણે જોઇએ તો તેમનામાં ઝીણી ઝીણી બાબતોનું ખૂબજ ધ્યાન રાખવામાં આવતું. પરંતુ છેલ્લાં દોઢેક દાયકાથી આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ વધતાં, અન્ય સંસ્કારી સમાજોના સમૂહમાં ભળતાં, તેમજ પરિવર્તન પામતાં સમયને અનુસરતાં તેમનામાં સામાજિક રીતે ઘણું પરિવર્તન આવેલું જોવા મળે છે. સામાજિક પરિવર્તનની સાથે સાથે તેઓ પોતાને પોતાના સમાજને અન્ય આર્થિક, સામાજિક અને બીજી રીતે આગળ આવેલા સમાજની સાથે પગ માંડવાના પ્રયત્નો કરે છે. વર્તમાનમાં તો તેઓ પાસેથી એવું પણ જાણવા-સાંભળવા મળે છે કે હવે અમને પછાત ન ગણવા જોઇએ.

સામાજિક પરિવર્તન થવાથી વર્તમાનમાં શિક્ષણનું સ્તર વધવાથી ઓડિયા જાતિમાં પણ સામાજિક રીત-રિવાજોમાં પરિવર્તન જોવા મળે છે. પહેલાં જાન કન્યાની જતી અને વરને ત્યાં બધી વિધિ કરવામાં આવતી. પરંતુ હવે વરની જાન જાય છે અને કન્યાને ત્યાં હિંદુ સમાજની જેમ બ્રાહ્મણ પાસે વિધિ કરાવતાં થયાં છે.



ઉડા વેરવા

લગ્ન થઇ ગયાં બાદ જૂની રીત પ્રમાણે વરના પોતાને ઘેર ગયાં બાદ સાંજે જાનૈયાઓને ચ્હા-પાણી કરાવે છે. ઘાણ ભરતાં જે ખંડાયેલા ચોખાનો લોટ રાખી મૂકવામાં આવતો તેમાંથી અડધો લોટ લઇ ઉડા બનાવે છે. આમાં ચોખાના લોટના પ્રમાણસર ગોળ-લાડુ કરે છે તેને ઉડાં કહે છે.

આણું

લગ્ન બાદ છોકરીને ચાર-પાંચ દિવસે તેડવા આવે છે. ૮ થી ૧૦ બાળકો કન્યાનો ભાઇ (નાનો) આવે છે. આવેલા મહેમાનનું સ્વાગત બરાબર કરી, ચ્હા-પાણી, જમણવાર કરવામાં આવે છે અને પાંચમા દિવસે કન્યા પોતાને ઘેર જાય છે. (પિયરમાં) ત્યારબાદ બીજા દસ બાર દિવસ પછી વરપક્ષવાળા કન્યાને લેવા જાય છે. આઠથી દશ જણ જાય છે. આને વચલુ આણું પણ કહે છે. આમ બે કે ત્રીજા આણા પછી છોકરી કાયમ સાસરે જ રહે છે.

લગ્ન સમયે પહેલાં પોશાકમાં કેડીયું, માથે પાઘડી અને લંગોટી પહેરતાં હતાં. પરંતુ અત્યારે કફની, ધોતી, ટોપી અથવા પેન્ટ, ખમીશ અને કોટ પણ પહેરે છે. પહેલાં બારસીંગ બાંધતા અને તલવાર પણ રાખતાં, પરંતુ તે અત્યારે જોવા મળતુ નથી.

કન્યાને આખુ લુગડુ કચ્છ મારીને પહેરાવતાં, કબજો અને માથે સુધી ઓઢાવતાં, પરંતુ હાલમાં સાલ્લો, ચણીયો અને કબજો પહેરે

છે અને અડધુ માથુ ખુલ્લુ રહે તે રીતે માથે ઓઢે છે. કેટલીક ભણેલી છોકરીઓ માથે ઓઢતી પણ નથી. અત્યારે મોટાભાગના બ્રાહ્મણ વિધિ કરાવે છે, છતાં તેની સાથે મિશ્રણ પરંપરાગત ચાલી આવેલી રીતો પણ હોય છે.

લગ્નના આ પ્રકાર સિવાય "ઘરજમાઇ" ને લગ્નવિધિ કર્યા બાદ ઘેર લાવીને રાખે છે.

પુનઃલગ્ન
------

વિધવા વિધુર અને જે સ્ત્રી-પુરૂષોએ છૂટાછેડા લીધા હોય તેમના પુનઃલગ્ન થાય છે. વિધવા સ્ત્રી કુંવારા પુરૂષ સાથે લગ્ન ન કરી શકે, જયારે કોઇ વિધુર નાનો હોય અથવા પૈસા પાત્ર હોય તો તે કુંવારી છોકરી સાથે લગ્ન વિધિથી જોડાઇ શકે છે.

પુનઃ લગ્ન જેવી વિધિઓ ખૂબજ ઓછી કરાવે છે. પરંતુ વિધવાનું લગ્ન થાય તે સમયે તેની ગળાની ગાંઠી સીમળાના ઝાડ સાથે બાંધી તેની સાથે (સીમળાના ઝાડ સાથે) લગ્ન થાય, છેડા બાંધીને પછી જે પુરૂષ સાથે જવાની હોય તેની સાથે વિધિ કરવામાં આવે છે.

દિયરવટુ અને સાળીવટુ
----------------

આ પ્રથા ધોડિયા જાતિમાં જોવા મળે છે. સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો હોય તો સ્ત્રી તેના મૂળ પતિના નાનાભાઇ સાથે દિયરવટુ થઇ શકે છે. અને સાળીવટામાં પણ પત્નીની નાની બહેન સાથે સાળીવટુ થઇ શકે છે.



ધોડિયા જાતિમાં સગોત્ર લગ્ન થતા નથી, મામા-ફોઇની છોકરી સાથે પણ લગ્ન થઇ શકતા નથી. વિધવા સ્ત્રી સાથે કુંવારા પુરૂષના લગ્ન થઇ શકતા નથી. પરંતુ અમુક વિધિ આગળ ઉપર બતાવ્યા પ્રમાણે થયા પછી પતિ-પત્ની તરીકે રહી શકે છે.

છૂટાછેડા
------

ધોડિયા જાતિમાં છૂટાછેડાના પ્રશ્નો ખૂબ ઓછા બને છે. સ્ત્રી-પુરૂષનો એક બીજા સાથે સુમેળ ન હોય અથવા સ્ત્રીનો પર-પુરૂષ સાથેનો આંતરિક સંબંધ હોય તેવી જાણ થતા છૂટાછેડા અપાય છે. બીજુ જાતિ પંચમાં જઇ ફારગતીનામુ લખી આપવુ પડે છે. જાતિ જે નકકી કરે તે દંડ ભરવો પડે છે.

મૃત્યુ વિધિ
--------

જયારે કુટુંબમાં કોઇ બિમાર પડે તો તેને મળવા માટે સગાસંબંધીઓ અને કુટુંબીઓને બોલાવવામાં આવે છે. કેટલીકવાર વધુ દુઃખદાયી બિમારી હોય તો આત્મજનો રડે છે. તેનુ દુખ જોઇને, ભગતને બોલાવે, કેટલાક ડોકટરને બોલાવી દવા કરાવે છે. ખૂબજ બિમારી આવી ગઇ હોય તો ફડવેલ ગામમાંથી ડોકટરને બોલાવવામાં આવે છે. આ સમય દરમ્યાન ગામના કુટુંબીજનો ભગતની દવાનો ઇલાજ કરે છે.

વ્યકિત મરણ પથારીએ હોય અથવા મૃત્યુ પામી હોય તો તેને ખાટલા પરથી નીચે ઉતારતા પહેલા તેટલી જમીનમાં ગાયના છાણથી લીપી નાખવામાં આવે છે. અને વ્યકિત મરણ પામે ત્યારે ખાટલા પરથી નીચે ઉતારી ગાયના છાણવડે

લીંપેલી જગા ઉપર સુવડાવી દે છે. ગામનાં નજીકનાં માણસો નનામીની તૈયારી કરે છે. નનામી ઘરની ઓસરીમાં ઉપડથી નજીક તૈયાર કરે છે અને નનામી વાંસની બનાવવામાં આવે છે. નનામીની ઉપર વાંસની પટ્ટીઓને "ડાભ" (એક જાતનું તીક્ષણ ઘાંસ) થી બાંધવામાં આવે છે. તે સમય દરમ્યાન મૃત દેહને નવડાવીને તેને નવાં કપડાં પહેરાંવે છે. સ્ત્રીઓ રડતી હોય છે. નનામી તૈયાર થતાં ઓસરી અને ઘરનાં આગલા ખડની વચ્ચે આવેલાં બારણાં વચ્ચે મૂકી મૃતદેહને તેનાં પર, મૃતદેહનું માથું ઉત્તર દિશાં તરફ રહે તે રીતે સુવડાંવી, તેનાં પર નવું કપડું ઓઢાડી "ડાભ" માંથી વણી તૈયાર કરેલાં દોરડાથી (ઘાંસનાં) બાંધવામાં આવે છે. નનામીનાં એક છેડે નાળિયેર બાંધવામાં આવે છે. આ સમય દરમ્યાન ગાડાંમાં લાંકડાં ભરી સ્મશાને મોકલી આપે છે. મૃતદેહને નનામી પર સુવડાંવી, તેનાં પર નવું કપડું ઓઢાડીને "ડાભ"થી બાંધ્યાં પછી તેનાં પર કંકુ, હળદર, ચોખા નાખી ઘરનાં વ્યકિતઓમાંથી અને નજીકના કુટુંબનાં ચાંર વ્યકિતઓ નનામી ઉપાડે છે. નનામી ઉપાડવાનાં સમયે મરનારનો પુત્ર અથવાં ભાઇ નવી હાંડલીમાં બાળેલો અગ્નિ અને છાણાં નાખી આંગળ ચાલે છે. નનામી ઉચકેલ માણસો તેની પાંછળ રડતાં રડતાં જાય છે. સ્ત્રીઓ પણ રડે છે, સ્ત્રીઓ ગામનાં પાંદર સુધી જાય છે. અને ગામનાં પાંદરેથી પાંછી વળે છે. કુટુંબમાં મરનાર વ્યકિત સમાંજમાં આગળ પડતું સ્થાંન ધરાંવતો હોય અથવાં પૈસાં પાંત્ર હોય તો વાંજિત્રો સાંથે, ગીતો ગાંતાં ગાંતા તેને ઉંચકીને ચાંલે છે. પાંદરથી થોડે દૂર પહોંચતાં "નનામી" ને નીચે ઉતારવાંમાં આંવે છે અને નનામીને ફેરવી નાખવાંમાં આંવે છે. મૃતદેહનું માંથું સ્મશાંન તરફ અને પગ ઘર તરફ એટલે કે દિશાં ફેર કરે છે અને આંગળ ચાંલે છે.



મૃતદેહને લઇ સ્મશાને પહોંચ્યા પછી નીચે મૂકે છે. લાંકડાં ખડકી ચિતા બનાવે છે. પછી તેના પર મૃત દેહને મૂકે છે અને "નનાંમી" ને વેર વિખેર કરી ચિતાંમાં મૂકી દે છે. મરનારનાં બે કુટુંબીનો અને ગામનાં બે માણસો સ્નાંન કરીને જાંબુડાનાં પાંન વડે મૃતદેહનાં શરીર પર પાંણી છાંટતાં છાંટતાં મૃતદેહની પ્રદક્ષિણાં કરે છે. ચાર આંટા (ફેરા) ફરીને પાંચમો આંટો પૂરો કરી સગાં-સંબંધી ખીચડી ખવડાવે છે. ત્યારબાદ એક સાંગની સોટી મૃતદેહની છાતી પર મૂકી કહેવામાં આવે છે કે " આ સોટી તારાં પર નહીં પરંતુ તને દુઃખ આંપનાર માંણસ પર મૂકીએ છીએ" ત્યારબાદ મૃતદેહનાં મોમા ચાર આના અને હાંથમાં સવાં રૂપિયો મૂકી, બે વ્યકિતઓ કસંઠી (સાંઠીઓ) ની મસાલ જેવું બનાંવી ચિતા સળગાવે છે. ચિતાની પ્રદક્ષિણાં કરી, સાંથે હાંથમાં ખાખરાંનાં પાન મસાલ સાંથે રાંખે છે. પ્રદક્ષિણાં બાદ મૃતદેહનાં પગ અને માંથાં એમ બંને બાંજુથી સળગાંવે છે.

ચિતાં સળગે તે સમયે કોરી માંટલીને કાંણાં કરી તેમાં પાંણી ભરી, તેને ખભાં પર લઇને ચિતાંની પ્રદક્ષિણાં કરે છે. અને ચાર આંટા (ફેરા) ફરી પાંચમો આંટો પુરો થાંય ત્યાં મૃતદેહના પગ આંગળ આ માંટલી ભાંગી નાંખવાંમાં આંવે છે. ત્યાંર પછી મૃતદેહનાં સળગી રહયાં બાંદ સ્મશાંને આવેલાં દરેક વ્યકિત નદીએ સ્નાંન કરી ઘેર જાંય છે. સ્મશાંને ગયેલા માંણસો સીધાં ઘેર (પોતાંને) ન જતાં મરનાર વ્યકિતને ત્યાં જઇ ઓસરીની બહાંર બેસી પાંણીથી કાંગળાં કરી છૂટાં પડે છે. અને તે જ રાંત્રિએ ભેગાં મળી બધાં બેસે છે.

મૃત્યુ બાદ શોક ચાર-પાંચ દિવસ પાળે છે. મૃત્યુ પછી દસમાં દિવસે સૂતક કાઢવામાં આવે છે, એટલે કે મરનારનાં કુટુંબીઓ અને સગાંઓ ભેગાં મળે છે. અને ગામના પાદરે કૂવા પર કે તળાવ પર જઇ નજીકના (અડીને) સંબધી માથાનાં વાળ અને મૂછના પણ વાળ ઉતારાવે છે. આ વખતે હજામને બોલાવવામાં આવે છે અને આ હજામને આ દિવસનાં સમાજે નિયત કરેલાં પૈસા અથવા અનાજ આપે છે. સુતક એ પહેલા કાઢવામાં આવતુ ન હતુ. પરંતુ દાયકાથી આ વિધિ કરાવતા થયા છે.

મૃત્યુ બાદ ચાર-પાંચ દિવસ શોક પાળે છે અને તેનો દહાડો બારમાં દિવસે કરે છે. જો નાનુ બાળક મરી ગયુ હોય તો તેનો દહાડો કરવામાં આવતો નથી. પરંતુ ચાર દિવસે ચોથીયુ કરે છે. પરંતુ મોટી ઉમરના ૧૫ વર્ષથી ઉપર નાંના સ્ત્રી-પુરૂષનો બાર દિવસે "દિવસ" કરવામાં આવે છે. સ્ત્રી સુવાવડ સમયે કે અકસ્માતથી મૃત્યુ થાય તો તેનો દિવસ સવા કે દોઢ માસે કરવામાં આવે છે. એની પાછળની માન્યતા એવી છે કે આવી રીતે સ્ત્રીનુ મૃત્યુ થતા તે ભૂત-પ્રેત બની "દિવસ" કરવાનાં દિવસે વિધિ કરનારને કે કરાવનારને હેરાન કરે. આ ઉપરાંત પતિ-પત્નીનો ખૂબ પ્રેમ હોય તો તે તેજ દિવસે ઘેર આવી હેરાન કરે છે. આ માન્યતાને લીધે, આવી સ્ત્રીને (સ્ત્રીના મૃતદેહને) સ્મશાને લઇ જતા ગામના આડા-અવળે રસ્તે થઇ સ્મશાને લઇ જવામાં આવે છે. આથી મરણ પછી ભૂત-પ્રેત બને તો તેને ઘેર આવતા સમય લાગે. માટે સીધા રસ્તે પણ આવા સંજોગોમાં મૃતદેહને (સ્ત્રીનાં) લઇ જાતાં નથી. આથી તેનો દહાડો પણ ભગત કે બ્રાહ્મણ પાસે સવા કે દોઢ માસે કરાવે છે.



બારમાંના દિવસે ગામમાંથી અને બહાર ગામથી સગાં-સંબધીઓને બોલાવવામાં આવે છે. આ દિવસે પાંચ કુવારા છોકરા-છોકરીઓને ઉપવાસ કરાવે છે. બે એરંડાની અને બે વાંસની નળી બનાવવામાં આવે છે. ૬ નાંગલીની અને ૬ ચોખાની રોટલી બનાવી તેનાં મિશ્રણનુ ચુરમુ બનાવવામાં આવે છે. આ વિધિ બાદ સગાંઓ ગાયનુ ઝરણ, છાણ, હળદળ, મરચાં, ચોખા અને કાચુ સુતર લઇને મૃતદેહને સ્મશાનમાં લઇ જતા જ્યાં અધવચ્ચે ઉતારવામાં આવે છે ત્યાં (વિસામાના સ્થળે) જાય છે. ત્યાં લીંપણ કરે છે. હળદળને પથ્થર પર લગાડે છે પછી કંકુના ચોલ્લા કરી મૃતદેહના માથા અને પગ તરફ અનુક્રમે બે સળીયો મૂકવામાં આવે છે. એક સળીમાં ગૌમૂત્ર અને બીજી સળીમાં દૂધ ભરેલુ હોય છે. ત્યારબાદ સ્મશાને જઇ મૃતદેહની ચિતાની રાખને ભેગી કરે છે અને તેને જાંબુડાની ડાળીને પડીમાં નાખી નદીમાં નાખી દે છે.

સ્મશાનની વિધિ પૂરી થયા બાદ ઘેર આવી સ્ત્રી અને પુરૂષ બંને જણ ઘરનાં નેવાં નીચે ઉભાં રહી એક બીજાનો પગ ધૂએ છે. ઉપવાસી છોકરા-છોકરીઓને આ બંને વચ્ચેથી પસાર થવા દેવામાં આવે છે. ત્યારબાદ ઉપવાસી છોકરાઓને દૂધ, ગૌમૂત્ર, ચોખા, રાબ વગેરેનો સ્વાદ ચખાડવામાં આવે છે અને રાંધેલા ચોખા ઉપવાસીઓને ખવડાવે છે. પતિ-પત્ની હાથમાં પાણી અને ચોખા લઇ ઉપવાસવાળાની પતરાળીમાં એક એક પીંડ મૂકવામાં આવે છે. મરનાર વ્યકિતનુ નામ લઇ જમવાનુ શરૂ કરવામાં આવે છે. અત્યારે બ્રાહ્મણ પાસે ઘણા આ વિધિ કરાવે છે.

પહેલા મૃત્યુ બાદ ખતરા મૂકવામાં આવતા અને તેની દર વર્ષે પૂજા-વિધિ કરવામાં આવતી પણ હવે ખતરાં મૂકતાં નથી.

અત્યારે શિક્ષણ અને બીજા સમાજોની અસરથી ખતરાં મૂકવાં એ પોતાંને નીચાંપણું લાગતું હોય તેવું મનમાં સેવે છે. અત્યારે ઝાડ નીચે પહેલાંનાં મૂકેલાં (પથ્થરોના) ખતરા જોવાં મળે છે. પરંતુ હવે તેની પૂજા- વિધિ કરતાં નથી.

## પરજણ (સમૂહ શ્રાધ્દ)

પરજણ ચારથી પાંચ વર્ષે કરે છે. મહા માસમાં જ પરજણ થાય છે. નદીને કિનારે કાકડવેલ ગામનાં ધોડિયાંઓ અનાવલ ગામે જઇને પરજણ કરે છે. પરજણમાં ચાર-પાંચ વર્ષે જેટલા કુટુંબીજનો મૃત્યુ પામ્યા હોય તે સર્વેની તર્પણ વિધિ કરવામાં આવે છે. આ વિધિ પહેલાં નાયકના ભગત પાસે કરાવતાં. અત્યારે બ્રાહ્મણ પાસે વિધિ કરાવે છે. છતાં પણ કેટલાંક પરંપરાગત રીતે જ ભગતને બોલાવી આખી [illegible] રાત વિધિ કરવામાં આવે છે.

જે કુટુંબની પરજણ કરવાની હોય તે તેનાં નજીકનાં કુટુંબીને ઘેર જઇને જેટલાં દિવસે પરજણ થવાની હોય તેટલાં દિવસની ગાંઠો એક દરોરીને બાંધી ઘરનાં નેવાં આગળ લટકતી બાંધી રાખે છે. આ દોરી બાંધ્યા પછી નજીકનાં કુટુંબીજનની પરજણ કરવાની હોય તો તે તેટલા દિવસ (ચાર-પાંચ કે છ) ખાટલાં પર સૂતો નથી. તેમજ રોટલો તવી પર ફેરવ્યાં વગરનો તેને માટે બનાવીને આપે છે. દરરોજ સવારે એક ગાંઠ છોડવામાં આવે છે. પરજણનાં દિવસે જ્યાં પરજણ કરવાની હોય ત્યાં કુટુંબીજનો જાય છે. પરજણના બે-ત્રણ દિવસ પહેલાંથી સવારે સ્ત્રીઓ મરનારનું નામ લઇ રડે છે. પરજણની વિધિ કરે ત્યાં પણ સ્ત્રીઓ મરનારને યાદ કરી રડે છે.



## જાતિપંચ

જાતિપંચ સમાજમાં સંવાદિતા લાવવા, સમાજનાં પ્રશ્નોનું નિરાકરણ કરવા તેમજ સમાજને અન્ય જાતિઓની હરોળમાં ટકાવવા માટે, શિક્ષા, દંડ, બહિષ્કાર વગેરે સાધનોથી સમાજને પરંપરાગત માળખામાં નિયંત્રિત રાખે છે.

ધોડિયા જાતિમાં જાતિપંચનું વ્યવસ્થિત સ્વરૂપ છે અને તેનાં સમાજનું બંધારણ પણ લેખિત સ્વરૂપે છે. કારણ કે બીજા આદિવાસીઓ કરતાં ધોડિયાઓમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે અને શિક્ષણક્ષેત્રે આગળ હોવાથી, તેમજ આગળ પડતાં વ્યક્તિઓ હોવાને લીધે, સમાજને નિયંત્રિત કરવા તેમજ બીજાં સમાજની હરોળમાં લઇ જવાં પ્રયત્નો કરી પોતાનાં સમાજનાં પરંપરાગત બંધારણમાં કેટલાંક ફેરફારો કરતાં રહે છે. અને બંધારણ છપાવી દરેક ગામે મોકલાવે છે.

ધોડિયા જાતિને વ્યવસ્થિત કરવાનાં પ્રયત્નો ૧૯૪૧ માં થયાં હતા અને ૧૯૪૧ માં "સમસ્ત ધોડિયા જાતિપંચ" નુ બંધારણ લેખિત સ્વરૂપે પ્રગટ કરેલ. તે સમયે જાતિપંચના પ્રમુખશ્રી ભુલાભાઇ નારણભાઇ તા. ચીખલી, ગામ વાંઝણાનાં વતની હતાં. આ વખતે દરેક તાલુકામાં વ્યવસ્થિત રીતે અમુક અમુક ગામો નક્કી કરી "ચોરા" બનાવ્યાં હતા, જેથી વ્યવસ્થા બરાબર સચવાય. તે સમયે ચીખલી તાલુકામાં ૭ ચોરા બનાવ્યાં હતાં.

| | | |
|---|---|---|
| ૧. | બોડવાંક ચોરો | ૧૧ ગામ |
| ૨. | ખરોલી " | ૮ ગામ |
| ૩. | વાંઝણ " | ૮ ગામ |

૪. ફડવેલ ચોરો ૧૩ ગાંમ

પ. ખેરગાંમ ચોરો ૧૬ ગાંમ

૬. આંછવાણી ચોરો ૧૨ ગાંમ

૭. ગોડથલ ચોરો ૧૨ ગાંમ

ઉપર પ્રમાંણે અમુક ગાંમોના ચોરાં બનાવી તેમાં દરેક ગાંમનાં ગાંમપંચ, અને ગાંમમાં ફળિયાંપંચ આં રીતે ફળિયાંપંચથી, ગાંમપંચ, ચોરો અને સમસ્ત ધોડિયાં સમાંજ એમ ક્રમવાંર વ્યવસ્થાં ઊભી કરવાંમાં આવેલ. વ્યક્તિ ન્યાય માંટે ફળિયાંપંચથી સમાંજ-પંચ સુધી જઇ શકે. જો તેને વચ્ચેથી જ ગાંમપંચથી ન્યાંય મળે તો ભાંગ્યે જ ચોરા કે સમાંજના પંચ સુધી જતો. બને ત્યાં સુધી ફળિયાંના પંચથી કે ગાંમ પંચથી ન્યાય મળી રહેતો.

સમાંજના પરિવર્તનના વહેણ સાંથે આંજે જાતિપંચ પહેલા જેટલાં મજબૂત જણાતાં નથી, કારણ કે ધોડિયાં જાંતિમાં વધાંરેમાં વધાંરે શિક્ષણ અને બીજાં સમાંજની અસર હોવાંથી, પરંપરાંગત રીતોથી પોતાને હિત માંનતાં હોવાથી, હવે તો તેને કેટલીકવાંર અતિક્રમવાંના પણ દાંખલાં બને છે. છતાં જાંતિપંચનું થોડું ઘણું મહત્વ જોવાં મળે છે. જાતિપંચ બિલકુલ નષ્ટ પાંમ્યું નથી. હવે પંચાંયતી રાંજમાં સરપંચ, પંચાંયતના સભ્યો, વડીલો વગેરે સમાંજ-નાં પ્રશ્નોનો ઉકેલ લાંવે છે.

સાંમાંજિક પ્રશ્નો જાતિપંચ ઉકેલે છે પરંતુ જેમ બને તેમ તેને પરંપરાંગત માંળખામાં રાંખવાંનો પ્રયત્ન કરે છે. તેની વિરૂધ્ધ કોઇ જાય તો પહેલા તેનો બહિષ્કાંર કરવાંમાં આંવતો. અત્યાંરે પણ સમાંજ વિરોધી તત્વોને દંડ કરવાંમાં આંવે છે. જેમકે કોઇ પર સ્ત્રીને લઇ જાય, છૂટાંછેડા લેવાં હોય, વગરે બાંબતોમાં ન્યાંય



કરી યોગ્ય દંડ કરવાંમાં આંવે છે: આંજે તો કેટલાક કોર્ટમાં પણ જાંય છે.

<u>બીજાં આંદિવાસીઓમાં ધોડિયાંઓનું સ્થાંન :-</u>

ગુજરાંતમાં આંદિવાંસીઓની વસતિને દૃષ્ટિએ ધોડિયાં જાંતિની વસતિ ત્રીજાંનંબરનું સ્થાંન ધરાવે છે. શિક્ષણ અને સાંમાજિક - આંર્થિક તેમજ ધાંર્મિક પરિવર્તનોમાં બીજી બધી જાતિઓ કરતાં પ્રથમ હરોળમાં છે. તે ઉપરાંત તે પોતે પણ પોતાંને બીજાં આંદિ-વાંસીઓ કરતાં ઉંચાં માંને છે. બીજાં આંદિવાંસીઓનું ખાતાં પણ નથી.

આં સિવાંય ગાંમમાં પણ કોલચાં અને કોંકણાંનાં ઘરો છે. કોંકણાં તેમનાં ઘેર ખાંય પરંતુ તેઓ (ધોડિયાં) કોંકણાંનાં ઘેર ખાંતાં નથી. તે ઉપરાંત તેઓ કોલચાને અસ્પૃશ્ય ગણે છે. અન્ય સમાંજ હરિજનને અસ્પૃશ્ય ગણી તેની સાંથે જેવો વ્યવહાંર કરે છે: તેવો વહેવાંર ધોડિયાંઓ કોલચાંઓ સાંથે કરે છે. તેમને ઘરમાં પણ આંવવાં દેતાં નથી. તેમજ તેમનો સ્પર્શ પણ કરતાં નથી. તેમને એટલે કે કોઇ ચીજ આંપવી હોય તો અધ્ધરથી આંપે અને તે કોલચો ખાખરાંનાં કે કેળનાં પાંનમાં લઇને પીએ. ખાવાંનું પણ અધ્ધરથી આંપવાંમાં આંવે છે.

ધોડિયાંઓ અત્યાંરે પોતાને પટેલ કહેવડાંવે છે અને નાંમ આંગળ પણ ધોડિયા પટેલ એવું લખવાંનો આંગ્રહ રાંખે છે: આંમ તેઓ પોતાંને બીજા આંદિવાંસીઓ કરતાં ઉંચાં માંને છે.

ધોડિયા જાતિમાં સ્ત્રીઓનુ સ્થાન :-

ધોડિયાઓમાં સ્ત્રીનુ સ્થાન આગળ પડતું ગણાવી શકાય. ધોડિયા સ્ત્રી છૂટથી વાતચીત કરે છે. જવાબો પણ બરાબર આપે છે. પુરૂષોની હાજરીમાં પણ તે સાથે બેસીને જવાબો આપે. ધોડિયાઓમાં આ સિવાય લગ્ન જેવી બાબતોમાં સ્ત્રી સંપૂર્ણ સ્વતંત્ર છે તે ઉપરાંત લગ્નબાદ પણ પોતાને પસંદ ન હોય કે પતિ બરાબર ન હોય અને બીજા સાથે પ્રેમ થાય તો તે તેના પતિને મૂકી છૂટાછેડા લઇને બીજા સાથે જઇ શકે છે. તેમજ વર્તમાનમાં શિક્ષણનો પ્રચાર વધારે થતો હોવાથી છોકરા-છોકરીઓ બંને કોલેજ સુધીનુ શિક્ષણ લે છે અને નોકરી પણ ભણેલી સ્ત્રીઓ કરે છે. આ સિવાય ખેતીકામ, ઘરકામ અને સમાજના અન્ય કામોમાં પતિ સાથે રહી પૂરેપૂરી મદદ કરે છે. આ ઉપરાંત ખરીદીની બાબતમાં તે પોતે સ્વતંત્ર રીતે હાટવાડમાં જઇને ખરીદી કરી આવે છે. આ ઉપરાંત યુવાન છોકરીઓ મજૂરી કરે અથવા શાકભાજી વેચે તો તેમાંથી મળતી આવક તેની અલગ ગણે છે. તેનો ઉપયોગ તે પોતાને જરૂરી વસ્તુ લેવામાં કરે છે. "હાટ"વાડમાં એકલી જઇ ખરીદી કરે છે. ઘરમાં ખાવા માટેના વાસણો પણ સ્ત્રી-પુરૂષના અલગ રાખવામાં આવે છે. મર્યાદાની દૃષ્ટિએ પણ સસરો વહુનુ નામ લઇને ન બોલાવે, જમાઇ સાસુનુ નામ ન લે, આમ ધોડિયા જાતિમાં સ્ત્રીનુ સ્થાન સ્વતંત્ર અને પુરૂષ જેટલુ જ મહત્વનુ ગણાય છે.

ધોડિયા જાતિમાં સગાઇ સંબંધ :-

આ જાતિમાં સગાઇ સંબંધો ત્રણ પ્રકારના જોવા મળે છે.



લોહી પર આધારિત સંબંધો :-

લોહી પર આધારિત સંબંધોમાં જોઇએ તો કાકા, ભાઇ, દીકરા, બાપ, એકજ કુટુંબીજનો એક બાપમાંથી આવેલ વંશવેલો જે એક લોહી પર આધારિત છે. ધોડિયા જાતિમાં લોહી પર આધારિત સંબંધોમાં લગ્ન થઇ શકતા નથી.

લગ્ન પર આધારિત સંબંધો :-

લગ્ન કરવાથી જે સંબંધો ઉભા થાય છે તેને લગ્ન પર આધારિત સંબંધો કહેવાય છે: જેવા કે પતિ-પત્ની, સસરા-સાસુ, જમાઇ-સાળા, સાળીઓ, માસી, મામા, દિયર, જેઠ, જેઠાણી, કાકાસસરા, માસા, મામી, ફુઆ વગેરે સંબંધો લગ્ન કરવાથી થાય છે. જે ધોડિયાઓમાં પણ છે.

લગ્ન કરવાથી થયેલ સંબંધીઓ સાથે લોહીના સંબંધીઓ જેટલી જ ઘનિષ્ટતા રાખવામાં આવે છે. પ્રસંગો પર એકબીજાને ઘેર જાય છે, તે સિવાય પણ અવારનવાર એકબીજાને મળવા આવે છે-જાય છે. સામાજિક, આર્થિક મદદ એક બીજાને કરવામાં આવે છે.

લગ્ન પર આધારિત સંબંધોમાં ધોડિયા સમાજમાં મર્યાદા રાખવી પડે છે. જેમ કે જમાઇ સાસુનુ નામ ન લે, સસરા વહુનુ નામ ન લે. અહી મર્યાદા રાખવામાં આવે છે.

એકજ સ્થળ પર રહેવાથી થયેલા સંબંધો :-

એકજ ગામમાં રહેતા હોવાથી ગામ લોકોને પ્રસંગો પર,

આડે દિવસે આમંત્રણ આપે છે. સંબંધી ન હોય છતાં લગ્નમાં આવે છે. સાથે રહેવાથી થયેલા સંબંધોને આધારે સામાજિક વ્યવહાર પણ કરે છે. પોતાની જાતિ સિવાય અન્ય જાતિના લોકોને પણ બોલાવવામાં આવે છે. એક જ સાથે રહેતાં હોવાથી વડીલોની આજ્ઞાનું પાલન કરે છે.

સગાઇ સૂચક શબ્દો :-

ધોડિયા જાતિમાં એક વચનથી જ સંબોધન કરે છે. અંદરો અંદર પતિ-પત્ની પણ એકબીજાને "તુકારાથી" બોલાવે છે. છોકરાં પણ વડીલ માટે "તુ" શબ્દ વાપરે છે. એટલે કે સંબંધો ગમે તે પ્રકારના હોય પરંતુ એક વચનથી જ સંબોધન કરવામાં આવે છે.

એક કરતાં વધારે વ્યક્તિઓને લાગુ પડતાં શબ્દો જોઇએ તો "ભાઓ" પોતાનાં ભાઇને અથવા કાકાના છોકરાંને તથા ગામનાં અન્ય છોકરાંને "ભાઓ" કહે છે. તેવી રીતે બહેન માટે "બોણી" બેન કહે છે.

વિશિષ્ટ પ્રકારના સગાઇ સૂચક શબ્દો જોઇએ તો પિતાને "બાહ" મા ને "આયા" આજ રીતે હાહુ, હહરો, વડાઇ, ગાંઢોબાહ, ડોકાડી (પત્ની) ગઢીમાઇ એ ચોક્કસ વ્યક્તિઓ માટેના શબ્દો છે.

ધોડિયામાં બીજા કેટલાંક સૂચક શબ્દો પણ છે, જેમ કે પત્નીને બોલાવવી હોય તો મોટી છોકરી કે છોકરાંનુ નામ લઇને બુમ પાડે, પતિને બોલાવવો હોય તો છોકરાંનુ નામ લઇને બોલાવે છે.

પ્રકરણ - ૬

ધાર્મિક જીવન

કાંકડવેલના ધોડિયાઓમાં ધાર્મિક પરંપરા એક બાજુ જોવા મળે છે, તો બીજી બાજુ આપણને અન્ય ધર્મોની અને ખાસ હિંદુ ધર્મની અસર સ્પષ્ટ દેખાઇ આવે છે. જો કે હિંદુ ધર્મની અસરથી આવેલ પરિવર્તનથી પરંપરાગત દેવ-દેવીઓમાં શ્રધ્ધા ધરાવે છે, તેમજ તેનુ પૂજન પણ કરે છે. કારણ કે ધોડિયાઓ પોતે સુધરી ગયેલ માનવા લાગ્યા છે. આ ઉપરાંત શિક્ષણ અને બિન આદિવાસીઓની અસરથી પોતાની મૂળ સંસ્કૃતિ નીચી છે, ખરાબ છે તેમ તેમનામાં દેખાય છે. કારણ કે જ્યારે આપણે તેમની પરંપરાગત રૂઢિઓને પૂછીએ તો તેઓ જાણે તદ્દન પરંપરાગત રીતોથી અજાણ હોય, કે પછી અત્યારે એમાંનુ કશું જોવા મળતુ ન હોય તેમ વાતો કરે છે. પણ આ તો માત્ર પોતાની સંસ્કૃતિ બીજાની સંસ્કૃતિની તુલનાએ નીચી છે, એમ તેઓ માનતા હોવાથી તેઓ પોતે જ બીજા સમાજો જેવી રીતભાત કરે છે. હિંદુઓના દેવ-દેવીઓને પૂજે છે. વગેરે બતાવવા માંડે છે. આ પરથી એટલુ સ્પષ્ટ કહી શકાય કે તેઓ વધારે સભાન બન્યા છે. છતાં તેમનાં ગામમાં તેમની સાથે રહીએ તો ચોક્કસ તારવી શકાય કે હાલમાં પણ પરંપરાગત રૂઢિઓના દર્શન થાય, પછી ભલે તેમાં અન્ય બાહ્ય પરિબળોને લીધે મિશ્રણ થયુ હોય. આવા કેટલાંક મિશ્રણો થયા હોવા છતાં પણ બહારની વસ્તુઓનો અર્થ પોતાની સંસ્કૃતિ પ્રમાણે ઘટાડેલ જોવા મળે છે. બહારના દેવ-દેવીઓની તેઓ પોતાની રીતે પૂજા વિધિ કરે છે. સાથે સાથે પરંપરાગત દેવ-દેવીઓ તરફનો જે ભય પ્રેરિત ધર્મ હતો તે પણ એક યા બીજા સ્વરૂપે ચોક્કસ જોવા મળે છે. ગામમાં ધાર્મિક રીતે બે ભાગ પડી

ગયેલાં જોવાં મળે છે. એક ભાગમાં માત્ર પરંપરાગત દેવ-દેવીઓની પૂજા-વિધિ, અને પરંપરાગત સામાજિક રીત-રિવાજો કરે છે. જ્યારે બીજી બાજુ "મોક્ષ ધર્મ" નુ અનુસરણ કરનાર પણ જોવા મળે છે. આજે લગભગ ગામના ૮૦ ટકા કુટુંબો આ ધર્મનુ પાલન કરતાં જોવા મળે છે. તેઓ અમદાવાદમાં મણિનગરમાં આવેલ મંદિરના મોક્ષી શ્રી રમજીલાલના શિષ્યો છે તેવું બતાવે છે અને તેઓ વર્ષમાં વારંવાર અમદાવાદમાં આવે છે. તેમજ તેમના ગુરૂ જે તે વિસ્તારમાં જઇ મોક્ષ ધર્મનો ઉપદેશ આપે છે. તે પ્રમાણે તેઓ મોક્ષધર્મી કહેવાય છે. મોક્ષધર્મને અનુસરનારાઓ દરરોજ સવારે સ્નાન કરી પૂજા કરે છે. સનાતન ધર્મની, આ ધર્મ પાળનારે કેટલાક નિયમો પાળવાના હોય છે. જેવા કે દારૂ, માંસનો ઉપયોગ ન કરવો. ઘર સ્વચ્છ રાખવું, ભજન કરવાં, માળા ફેરવવી તેમજ જાજરૂ ગયા પછી પાણી લેવું. ( આ સિવાય હાલમાં બિલકુલ અશિક્ષિત હોય તેવાં ભાગ્યેજ પાણીનો ઉપયોગ કરે છે.) વગેરે નિયમો પાળવાના હોય છે. આ મોક્ષધર્મીઓ પોતાને મોક્ષધર્મી ન હોય તેનાથી જુદા અને સુધરી ગયેલાં માને છે. હાલમાં પણ સામાજિક સંબંધો બાંધતી વખતે આનો વિચાર કરતાં હોય છે, કે સામેનો દારૂ પીએ છે, માંસ વગેરેનો ઉપયોગ કરે છે, મોક્ષધર્મ હોવા છતાં તે પરંપરાગત રીતોથી મુકત થયો છે કે કેમ, તેના જીવન-વ્યવહારમાં પરંપરાઓનો સુર દેખાઇ આવે છે? દેવ-દેવીઓની પૂજા વિધિ કરે છે. વગેરે જુએ છે. બલિદાનો પશુના આપતા તેની જગાએ નાળિયેર અને અગરબત્તી, દીવો કરે છે. મોક્ષધર્મીને પરંપરાગત દેવો સિવાય વધારાના દેવોની પૂજા વિધિ કરવી પડે છે. તે પોતે ગમે તેટલાં પોતાની જાતને સુધરેલા માને અને પોતાના દેવ-દેવીઓની પૂજા નથી કરતા તેવું બતાવે, પરંતુ પરંપરાગત દેવ-દેવીઓને તેમનાં જીવન-ધોરણનાં વ્યવહારથી છૂટાં પાડી શકે તેવું છે જ નહી. તેમના



જીવન-વહેવારના પાસાઓ સાથે દેવ-દેવીઓની મહત્તા રહેલી છે. જેને અલગ પાડવાં ખૂબ મૂશ્કેલ છે. સાથે સાથે તેમનામાં પોતાના દેવ-દેવીઓ પ્રત્યેની શ્રધ્ધા અને ભય છે જેના લીધે તેની આજે પણ પૂજા કરતાં જોવાં મળે છે. આ દેવ દેવીઓ જોઇએ તો, વાઘદેવ, ભવાની, સીમળાદેવ, બ્રહ્મદેવ, માવલી, માલવાડવાળી દેવી, ક-સરીદેવી, દેવલીમાડી, ગામદેવી, ભૂત-પ્રેત વગેરેને માને છે અને પૂજા-વિધિ કરે છે. પહેલાં તો ખતરાની પણ પૂજા વિધિ કરતાં, પરંતુ હવે ખતરા મૂકવાનું બંધ કર્યું હોવાથી પૂજા કરતાં નથી. આ દેવ-દેવીઓમાં બે પ્રકારના દેવ-દેવીઓ જોવાં મળે છે. એક મીઠી પૂજા દ્વારા કરાતી વિધિ જયારે બીજા કેટલાક દેવદેવીઓને મરઘુ, બકરૂ, દારૂ ચઢાવી કરવામાં આવતી પૂજા વિધિ. આ સિવાય તેમનામાં ભૂત, ડાકણની માન્યતા પણ જોવા મળે છે. તે ઉપરાંત ગામમાં પીરની દરગાહ અને હનુમાનની દેરી પણ જોવા મળે છે.

<u>બ્રહ્મદેવ :-</u>

આ દેવ લગ્નનો દેવ છે. લગ્ન સમયે બધાએ દેવોનુ આવહન કરવામાં આવે છે. પરંતુ બ્રહ્મદેવની ખાસ ઉપાસના લગ્ન સમયે કરવામાં આવે છે. કેટલીક વખત કોઇ બિમાર પડે ત્યારે પણ બ્રહ્મદેવની માનતાઓ માને છે. તેને મરઘુ-બકરૂ ચઢાવવામાં આવે છે. " આ દેવને ભૂતોનો સાક્ષી કહેવાય છે."

<u>દેવસામરો :-</u>

જયારે પાકની લણની કરી, ખરામાં નાખી મસળીને અનાજ કાઢવામાં આવે છે ત્યારે અનાજને કોઠીમાં ભરતા પહેલાં આ

દેવને યાદ કરે છે અને પૂજા વિધિ કરે છે.

કન્સરીદેવી :-

આ દેવનું સ્થાનક મોટાભાગના ઘરોમાં અનાજ ભરવાની કોઠીઓ પાસે રાખવામાં આવે છે. અનાજ બગડી ન જાય માટે તેની પૂજા કરવામાં આવે છે. તેની પૂજા નવું અનાજ લેવામાં આવે ત્યારે તે પહેલાં કરવામાં આવે છે. આ વખતે નાળિયેર વધેરવામાં આવે છે.

દેવલીપાડી :-

આ દેવની માનતા કોઇપણ છોકરાંને શીતળા નીકળે ત્યારે તેની માનતા માની પૂજા કરવામાં આવે છે. આ દેવની માનતામાં પશુનું બલિદાન આપવામાં આવતું નથી.

ભૂત :-

આ દેવ ખેતરમાં હોય છે અને એવું માને છે કે ખેતરમાં અનાજનું ચોરોથી રક્ષણ કરે છે. કોઇ ચોરી કરવા આવે તો તેને ચોરી ન કરવા દેતા તેને હેરાન કરે, રસ્તો ભૂલાવી દે, વગેરે રીતે ભૂત ખેતરનું રક્ષણ કરે છે. નવું અનાજ તૈયાર થતાં ડાંગર, જુવાર કે નાગલી તૈયાર થતાં ખેતરમાંથી પાક લેવાનો હોય ત્યારે તેની પૂજા-વિધિ કરે છે. દીવો કરી નાળિયેર વધેરી કેટલાંક મરઘું પણ કાપે છે. જો તેની પૂજા કરવાનું ભૂલી જાય તો વંટોળિયા સ્વરૂપે ભૂતદેવ આવીને તેનો પાક ઉડાડી દે અથવા તૈયાર પાકનું નુકશાન કરે છે. વંટોળિયાને આ લોકો ભૂત માને છે. ઘણી



મુશ્કેલીઓમાં પણ ભૂત દેવને યાદ કરવામાં આવે છે.

ગાંમદેવી :-

રોગચાળો ફાટી નીકળે ત્યારે તેની પૂજા વિધિ સમૂહમાં કરવામાં આવે છે. રોગચાળો ચાલતો હોય ત્યારે ગાંમમાં રથ જેવું બનાવી ગાંમદેવીની મૂર્તિ મૂકી આખા ગાંમમાં ફેરવવામાં આવે છે. ત્યારબાદ ગાંમના પાદરે સામસામે દોરી બાંધી નાળિયેર લટકાવવામાં આવે છે. અને રથ આખા ગામમાં ફેરવી ગાંમના છેડે ગામદેવીના સ્થાનકે મૂકી આવે છે. તેની સાથે રોગચાળો ચાલતો હોય તે મટી જાય છે અને તેની પૂજા વિધિમાં નાળિયેર, વધેરવામાં આવે અથવા કંટાળુ કાપવામાં આવે છે. પહેલાં આ પૂજા-વિધિમાં પશુનું બલિદાન આપવામાં આવતું.

વાંઘદેવ :-

વાઘદેવની પૂજા વાંઘબારસના દિવસે કરવામાં આવે છે. આ દિવસે ખાસ કરીને ઢોરના ગોવાળિયાઓ આ દેવની પૂજા કરે છે. આ દેવ ગોવાળિયાઓનો દેવ મનાય છે. ગોવાળો આખા ગામના ઢોર તે દિવસે લઇને વાંઘદેવના સ્થાનકે જાય છે. બધા ઢોર એકી સાથે ઉભા રાખે છે. તે દિવસે દરેક પોતપોતાના ઢોરને રંગે છે. શીંગડાં પણ રંગે છે. દરેક પાસેથી ભેગું કરેલ લોટ, પૈસા, દૂધ, નાળિયેર, અગરબત્તી તેમજ મરઘું વગેરે લઇને લોટમાંથી બે રોટલી બનાવે. ગોવાળિયાઓમાંથી કેટલાંક ઢોરને રોકી રાખે. બે જણા મજબૂત હોય તેવા ગોવાળો આખા શરીરે ચટાપટા બનાવી વાઘ જેવા બને છે. અને સંતાઇ જાય છે. ત્યાર બાદ ઢોર ઉભા હોય તેની ચારે બાજુ દૂધની ધાર સાત વાર

દેવામાં આવે છે. સાતવાર ધાર પૂરી થતાં સંતાઇ રહેલા બે વાઘનું રૂપ ધારણ કરેલ ગોવાળો રોટલા લઇને જતા રહે છે. આ સમયે રોટલા બચાવવા વાઘને મારવા બીજા ગોવાળો પાછળ દોડે છે. વાઘ બનેલ ગોવાળો નદી બાજુ જતા રહે છે અને રોટલા ખાઇ જાય છે. ત્યારબાદ બધા ગોવાળો ભેગાંમળી જમવાનું બનાવે, મરઘું વધેરે અને ખાય છે. અને આ દિવસે ગોવાળો ભગતને પણ બોલાવે છે અને પૂજા કરાવે છે.

આમ જુદા જુદા દેવોની પૂજા કરે છે. આ સિવાય ડાકણની માન્યતા પણ છે. ડાકણ એ જીવતી સ્ત્રી હોય છે જેની નજર લાગવાથી વ્યક્તિ બિમાર પડી જાય છે. પશુઓ પણ મરી જાય છે. દૂધ પણ સૂકવી નાખે છે. ત્યારે તેને ડાકણ વળગી તેમ માને છે. આ વળગાડ દૂર કરવા ભૂવા-ભગતને બોલાવે છે ? અને વળગાટ દૂર કરાવે છે.

આ ઉપરાંત ધોડિયા જાતિમાં દેવદેવીઓની પૂજા ઉપરાંત કેટલાક ઉત્સવો પણ ઉજવે છે. જેમાં હોળી- દિવાળી દિવાસો વગેરે ઉજવે છે. અન્ય હિંદુ સમાજની જેમ તેની ઉજવણી કરે છે. આ ઉત્સવોમાં દિવાસો અને હોળી મુખ્ય છે.

દિવાસો :-

આ ઉત્સવ ખાસ કરીને યુવક-યુવતીઓ ઉજવે છે. દિવાસાના આઠેક દિવસ પહેલાં છોકરીઓ ઢીંગલીઓ બનાવે છે. જયાં ઉત્સવ ઉજવવાનું નકકી કરે ત્યાં મંડપ બનાવે છે. છોકરા-છોકરીઓ નાચ-ગાન કરે ઢીંગલીઓમાંથી વર-વહુ, સાસુ-સસરા વગેરે બનાવીને મૂકે. એક છોકરો બ્રાહ્મણ બની ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન કરાવે



છોકરી પક્ષ અને છોકરા પક્ષવાળાં (ઢીંગલી-ઢીંગલા બનાવનાર) વેવાઇ બને, લગ્ન જેવી રીત પણ કરે છે. તે દિવસે ઘાણી સેકવામાં આવે છે.

ઢીંગલા-ઢીંગલીઓને એક તુમડામાં મૂકી નદીએ લઇ જાય છે. નદીએ મંડપ, ચોરી, વગેરે બનાવે છે અને બ્રાહ્મણ બનેલ છોકરો વિધિ પણ કરાવે છે. પછી ઢીંગલા-ઢીંગલીને તુમડામાં મૂકી તુમડુ નદીમાં તરતુ મૂકી દે છે. આ વખતે ગીત ગાય છે.

"ઢીંગલી તુ જશે તો પાણી કોણ ભરછે.
ઢીંગલી તુ જશે તો વાસીદુ કોણ કાઢછે.
ઢીંગલી તુ જશે તો છાણ કોણ નાખછે.
ઢીંગલા તુ જશે તો હળ કોણ હોકછે..
ઢીંગલા તુ જશે તો ગાયો કોણ ચરાવછે.

ત્યાર બાદ નદીમાં તુમડુ જયારે તરતુ મૂકે છે તે વખતે ગાય છે.

"દરિયા કાંઠે જાજે રે ઢીંગલી,
દરિયો તારો દાદો રે ઢીંગલી,
કાવેરી તારી માસી રે ઢીંગલી,
અંબીકા તારી માસી રે ઢીંગલી,
ખરેડો તારો મામો રે ઢીંગલી,
દરિયા કાંઠે જાજેરે ઢીંગલી,
ખારી માછલી લાવજે રે ઢીંગલી,
પારે પાછી આવજે રે ઢીંગલી."

-(કાવેરી અને અંબીકા નદીઓના નામ છે.)

ગીત ગાયા પછી દરેકને ધાણી વહેંચે છે અને ધાણી ખાતાં ખાતાં ઘેર જાય છે.

દિવાળી :-
------

કાળી ચૌદસનાં દિવસે દિવાળીનો તહેવાર ઉજવે છે. દિવાળી પછી પાંચ દિવસ સુધી "ઘેર" કાઢવામાં આવે છે. ઘેરૈયાઓ વાંઘબારસથી ઘૂઘરાં બાંધીને તૈયાર થાય છે. તેઓ શરીર પર અવનવાં વસ્ત્રો બાંધે છે. આ દિવસે ભગત લોકો સ્મશાનમાં મંત્ર સાંધવા પણ જાય છે. આ દિવસ ડાકણો-ભુવાં, અને ભગતોનો મંત્રો સાંધવાનો, દિવસ માનવામાં આવે છે. ઘેરૈયાઓ દિવાળી પછી પાંચમા દિવસ સુધી નાચે છે. દરેક ઘેર રમવા જાય છે. દરેક ઘરવાળાં યથાશકિત બે રૂપિયા પાંચ રૂપિયા એમ પૈસા પણ આપે છે.

હોળી :-
----

હોળીનાં ૧૫ દિવસ અગાઉથી જ દરરોજ સાંજે છોકરાં-છોકરીઓ, મોટેરાઓ નાચ-ગાન ચાલુ કરે છે. દરરોજ હોળીનાં દિવસ સુધી થોડાંક લાકડાં સળગાવી હોળી કરે. હોળીનાં આગલાં દિવસે નાની હોળી (કુકડાં હોળી) કરવામાં આવે છે. તેનાં બીજા દિવસે (પૂનમનાં દિવસે) મોટી હોળી કરવામાં આવે છે. ધૂળેટીનાં દિવસથી જુદાં જુદાં વેશ પહેરે ઘેરૈયાં એક બીજાનાં ઘેર અથવાં બીજાં ફળિયામાં ટોળીબંધ ફાગ-માંગવાં નીકળે છે. ફાગમાં અનાજ કે પૈસાં ઉઘરાવી વહેંચી લે છે. આ દિવસે એક બીજાને કેસુડાંના રંગ બનાવી એક બીજાને રંગે છે.



આ સિવાય તહેવારોમાં અખાત્રીજ, અને અન્ય હિંદુ વિધિ પ્રમાણે આવતા તહેવારો પણ ઉજવે છે કેટલાંક ઉજવતાં પણ નથી.

આજે પણ ધાર્મિક ક્ષેત્રે ભગતનું સ્થાન મહત્વનું ગણવામાં આવે છે. ભગતને સામાજિક ડોકટર પણ કહી શકાય છે. ગામમાં કોઇ બિમાર પડે કે કોઇને કંઇ પણ થાય તો તે પ્રથમ ભગત પાસે આવે છે. ભગત દાણાં જુએ અને બાધા આપે, તે ઉપરાંત તે જાણતા હોય તેવી દવા પણ આપે. આજે દસથી બાર કુટુંબો એવાં છે કે જે ભગતનાં ધંધા પર નભે છે.

૧૯૬૯ ની તપાસ વખતે ભગત વિષેના બે એક મુદ્દા જાણવાં મળેલ તે અહીં દર્શાવ્યા છે.

(૧) ગામમાં એક ભગત ખૂબ જાણીતાં ભગત તરીકે નામના મેળવેલ છે તે ગામમાં કોઇ બિમાર પડે કે કંઇક થાય તો તેમની પાસે લોકો આવે છે. ભગત દવા આપે છે.

તે વખતે દસ માઇલ દૂરથી એક માણસ આવેલ કે જેને છ માસથી માથાનો દુખાવો હતો, કેટલીએ દવાઓ કરાવવા છતાં તે ન મટતાં કાકડવેલના ભગતની પાસે આવ્યો. ભગત પોતાની પાસે એક ચાંદીનો રૂપિયો રાખે છે (રાણી છાપ) કપડાથી તેને બાંધીને વ્યવસ્થિત રાખે છે. તે પોતે ધનભૂતનો ભગત છે. આવેલ માણસને ભગતે બેસાડયો, એક સુપડુ લઇ પગ આગળ મૂકયુ. થોડાંક ચોખા લીધા, રૂપિયો અને પાંચ પૈસા લીધા, મંત્ર બોલતાં જતા અને વારંવાર રૂપિયા પર ચોખા ચડાવી સુપડામાં નાખતા. હાથમાં ચોખા લઇ તેમાં રૂપિયો મૂકી, રૂપિયા પર ચોખા ચડાવતા જાય અને સુપડામાં મૂકતા જાય, મંત્ર બોલે ત્યાર બાદ પાંચ પૈસા પર પણ તેવી રીતે કરે, થોડી થોડીવારે થોડું ધુણે અને સામે બેસાડેલ

માણસને કહેતાં કે તે અમુકની બાધાં રાખેલ, તારાથી આમ થયેલ, તારાં ઘરમાં આમ છે વગેરે કહેતા. આવી રીતે વિધિ કરી, આવેલ માણસને બાધા આપેલ, ત્યારબાદ ભગત બહાર જઇને એક દવાં લઇ આવેલ, આવેલા માણસને પીવડાવી અને દરરોજ પીવાં માટે પણ આપી.

ભગતને પૂછવામાં પણ આવ્યુ કે તે કઇ દવા હતી તો ભગતે બતાવ્યુ કે તે એક પક્ષી ખાય છે. તેને મારીને તેનુ કાળજુ બાળીને એક કોલચાને ઘેર રાખી મૂકું છુ અને ત્યાંથી જરૂર પડે ત્યારે લાવીને દવાં તરીકે આપુ છુ.

આમ ભગત દવાંઓ કરી લોકોને બાધાંઓ પણ આપે છે અને આથી સારૂ પણ થઇ જાય છે. જેથી લોકોમાં તેનુ મહત્વનુ સ્થાન છે.

બીજુ ભગતે બતાવ્યુ હતુ કે ગામના છગનભાઇ પટેલ છે. તેમના પિતા પણ ભગત છે. તે ખૂબ બિમાર પડેલાં, કેટલીયે દવાંઓ કરાવવા છતાંય કંઇ ફેર પડયો નહી. આથી આ ભગતને બોલાવ્યા. ભગતે ધુણીને બતાવ્યુ કે તમે અહીં જે દેવ હતા તે અમુક ખાડામાં નાખી દીધા છે ત્યાંથી ખોદીને એ દેવને પાછા લાવી બેસાડો. આમ ભગતે બતાવેલ જગ્યાએ ખોદીને પહેલાની નાખી દીધેલ પથ્થરોની મૂર્તિઓ કાઢીને બેસાડી અને ત્યાં મંદિર જેવુ પટેલે બનાવ્યુ છે. પટેલને સારૂ થઇ ગયુ હતુ. જે અત્યારે હાલમાં માલવાડવાળી દેવી છે. અત્યારે ત્યાં હાટ પણ ભરાય છે.

આમ ધોડિયાં લોકોના ધાર્મિક જીવનની સાથે સાથે ભગત-ભૂવાંનુ પણ મહત્વ અત્યારે ખૂબ જોવાં મળે છે.

XXXXXXXX